ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 9 • DECEMBER : 2018 • PAGES : 56 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક - ૯ • ડિસેમ્બર ૨૦૧૮ • પાનાં -૫૬ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

धम्मज्जियं च ववहारं बुद्धेहायरियं सया।
तमायरंतो ववहारं गरहं नाभिगच्छई।।

If a man follows the course of conduct which conforms to religion and which has always been pursued by wise men, he will never be blamed.

जो व्यवहार धर्म से प्रमाणित हुआ है और जिसका ज्ञानी पुरुषों ने सदा आचरण किया है ऐसे व्यवहार का आचरण करनेवाले की निंदा नहीं होती।

જે વ્યવહાર ધર્મ અનુસાર છે અને જ્ઞાની પુરુષોએ જેનું સદા આચરણ કર્યું છે તેવા વ્યવહારનું આચરણ કરનારની નિંદા થતી નથી.

ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.

- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલાવવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

# આચમન

## નરકનો ભય અને સ્વર્ગનું પ્રલોભન

એક પોતાની જાતને જ્ઞાની માનતો સંન્યાસી ઠેકઠેકાણે પ્રવચનો આપવા જતો. એક દિવસ શરાબીઓ વચ્ચે પ્રવચન આપવા ગયો. ત્યાં મદ્યપાનની ખરાબ અસરો વિષે ઘણું બધું સમજાવ્યું અને સાથે સાથે એમ પણ કહ્યું કે તેના સેવનથી પ્રચુર પાપોનો બંધ થાય છે અને નરકની યાતના સહન કરવી પડે છે.

શરાબીઓને લાગ્યું કે નરકની યાતના વિષે જણાવીને જ્ઞાની આપણને ડરાવી રહ્યા છે. શરાબીઓમાં એક વધુ પડતો હોંશિયાર હતો તેથી તેણે જ્ઞાનીને સવાલ કર્યો. ''આપને મદ્યપાનના અંજામ વિષે કેવી રીતે જાણ થઈ? આપે કદિ મદ્યપાન કર્યું છે? નરકનો અનુભવ કર્યો છે?''

સંન્યાસી એક મિનીટ તો વિચાર કરવા લાગ્યો અને પછી જણાવ્યું, ''મદ્યપાન છોડવાથી પુણ્ય બંધાય છે અને અસંખ્ય વર્ષો સુધી સ્વર્ગમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.''

આ શરાબીઓ પર જ્ઞાનીના પ્રવચનની કોઈ અસર થઈ નહીં પરંતુ એક વાર તો શરાબીઓ બોધિસત્ત્વને મળ્યા અને સ્વર્ગ નરકની વાત ન કરતાં એટલુંજ કહ્યું ''હાનિકારક વસ્તુથી જરૂર બચવું જોઈએ. આપજ વિચાર કરો કે મદ્યપાનથી સ્વાસ્થ્ય અને મન પર કેવી અસર થાય છે? આર્થિક બરબાદી થાય છે? દુનિયાની દૃષ્ટિએ પણ આપનું સ્થાન નીચું બનતું જાય છે.''

આવી સમજવાળી વાત કહેવાથી શરાબીઓના મન પર અસર થઈ અને કબૂલ કર્યું કે આજ પછી મદ્યપાન જેવી બુરાઈઓથી દૂર રહી આદર્શ નાગરિકો બનશે.

હિંદી : સંત અમિતાભ    અનુ. : પુષ્પાબેન પરીખ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સમયને થપ્પો (તંત્રી સ્થાનેથી) | સેજલ શાહ | ૩ |
| ૨. | બહાર સુખબોધ, ભીતર આત્મબોધ | કુમારપાળ દેસાઈ | ૭ |
| ૩. | આપણી મર્યાદાઓ | ભાણદેવજી | ૯ |
| ૪. | અમૃતનું 'અનુસન્ધાન' અથવા અનુસન્ધાનનું અમૃતપર્વ | હર્ષવદન ત્રિવેદી | ૧૧ |
| ૫. | બે પાંદડાં | ગુલાબ દેઢિયા | ૧૩ |
| ૬. | ભક્તિમાર્ગની મહત્તા | પરાગભાઈ શાહ | ૧૪ |
| ૭. | Gandhiji's Views On Arts, Aesthetics And Culture | Varsha Das | ૧૮ |
| ૮. | વૃત્તિનું તત્ત્વજ્ઞાન | રવિલાલ વોરા | ૨૩ |
| ૯. | વિશ્વશાંતિ અર્થે જૈનોનું કર્તવ્ય | કાકુલાલ મહેતા | ૨૪ |
| ૧૦. | નિમિત્ત - ઉપાદાન | હેમાલી સંઘવી | ૨૫ |
| ૧૧. | પરમજ્યોતિઃ પચ્ચવિંશતિકા - ઉપાધ્યાયજી યશોવિજયજી | મનુભાઈ દોશી | ૨૬ |
| ૧૨. | જીવનપંથ : જીવન શ્રદ્ધા, પણ... ક્રિકેટ એક અંધશ્રદ્ધા! | ભદ્રાયુ વછરાજાની | ૨૮ |
| ૧૩. | અનસન તથા સંલેખના તપની અનુપ્રેક્ષા | સુબોધી સતીશ મસાલીયા | ૨૯ |
| ૧૪. | ગાંધી વાચનયાત્રા : એક આખી અલગારી પેઢીની આત્મકથા : સામે પવને | સોનલ પરીખ | ૩૨ |
| ૧૫. | ઈતિહાસના દર્પણમાં પેથાપુરની એક ઝલક | આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૩ |
| ૧૬. | શ્રી ભક્તામર સ્તોત્ર - ગાથા : ૬ | રતનબેન ખીમજી છાડવા | ૩૬ |
| ૧૭. | પંથે પંથે પાથેય : નિર્મળ પત્ર સરિતા | હસમુખ ટીંબડિયા | ૩૭ |
| ૧૮. | Gyan Samvad : For Youth By Youth | Kavita Ajay Mehta | ૩૯ |
| ૧૯. | સર્જન સ્વાગત | પાર્વતી નેણશી ખીરાણી | ૪૦ |
| ૨૦. | નવેમ્બર અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે | સુરેશ ગાલા | ૪૪ |
| ૨૧. | ભાવ-પ્રતિભાવ | - | ૪૫ |
| ૨૨. | Live the song of your life! | Prachi Dhanvant Shah | ૪૭ |
| ૨૩. | Anger & Causes : Fire & Fuel | Bakul Gandhi | ૫૦ |
| ૨૪. | જો હોય મારો અંતિમ પત્ર તો... | પ્રફુલ્લ રાવલ | ૫૬ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-          વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • માગશર સુદ -નોમ

માનદ્ તંત્રી : સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## સમયને થપ્પો

... અને સમયની ફ્રેમમાં મઢાઈ ગયા. આમ તો એક યાદગાર ક્ષણને કચકડે મઢી લેવાની વાત.

ફ્રેમ સોનેરી હોય કે રૂપેરી, વાત તો સમયને સ્થગિત કરવાની જ છે ને !

જડી દે, એક સમયને એક ફ્રેમની અંદર !

કોઈ એક સમયની ક્ષણમાં જડાઈ જવું, અજર-અમર બનવું, અને ચિરંતન બનવું. બસ, આજ ઈચ્છા.

અમે એક દિવસ આવા હતાં... અમારા સમયમાં આમ હતું ...

વમળનાં મીઠા લપસણાં, અપ્રિતમ મોહક સોનેરી જાળ !

કેટલાંક મથ્યા, બચ્યા, સાવધ બનીને ! સમય કોઈ એક પ્રતિભાવ/ક્ષણને તમારામાં જડી દઈ, તમને સુખ આપે અતીતરાગનું, એ પહેલાં દાવ આપી ભાગી જાઓ, સમય તમને નહીં, તમે સમયને જડવા આવ્યા છો.

> **આ અંકના સૌજન્યદાતા**
> **પુણ્ય સ્મૃતિ**
> **પિતાશ્રી શ્રી દીપચંદ ગાડી**
> **હસ્તે**
> **શ્રી હસમુખભાઈ દીપચંદ ગાડી**

સમયના સાક્ષી બનવું કે સમયને તમારા હોવાનું ગૌરવ આપવું છે.

સમયના કેટલાંક પડાવો એવા હોય છે કે બસ, ત્યાં ઊભા રહીને જોયા કરવાનું મન થાય છે. થોડી વાર કોઈ વૃક્ષની નીચે આંખ બંધ કરીને બેસવાનો અવકાશ મળે છે ત્યારે એમ થાય છે કે શું આ સમયની આ પળમાં સાવ નિષ્ક્રિય બનીને બેઠી છું ?

શું હું આ સમયને સાક્ષીભાવે જોઈ રહી છું ?

શું હું આ સમયના ક્રિયાભાવથી વિપરીત નિષ્ક્રિય છું કે હું પણ આ સમયનો કોઈ ભાગ છું ?

બાહ્ય વિશ્વનો અનુભવ ઇન્દ્રિયોથી થાય છે અને એ વિશ્વના એ અનુભવને ભાષાથી વ્યાખ્યાતીત કરવાનો પ્રયત્ન મનુષ્ય કરે છે. પરંતુ એ પણ ખુબ જ મર્યાદિત રૂપે વ્યક્ત થાય છે અને એમાં ભળતાં હોય છે કલ્પનાના રંગો, માન્યતાના રંગો, ભ્રમના રંગો. જે એક જુદી સૃષ્ટિ તરફની દિશા દર્શાવે છે. મનુષ્યની અંદર અનેક ભાવો-ઉદ્વેગો ભર્યા પડ્યા હોય છે. એને દરેકની સમજ પોતાની રીતે એને વ્યક્ત કરે છે, ઉકેલે છે, ગૂંથે છે, એમાં રાચ્યા કરે છે.

એને યોગ્ય દિશામાં વાળવા માટે બાહ્ય પરિબળો તો કાર્ય કરે જ છે, એમાં આંતરિક અનુભવો પણ કમાલની પુરવણી કરે છે, આ બધું કોઈ પણ ચોક્કસ ક્રમનો ભાગ નથી હોતા. જીવન કલ્પના-સ્વપ્નો-મહત્વકાંક્ષાથી સંચાલિત છે, સાથે બાહ્ય અનુભવોની અસર પણ અહીં કાર્ય કરે છે. મન સ્થિર રાખ્યા પછી સમયનું વહેણ એને સતત ખલેલ પહોંચાડવાનો પ્રયત્ન કરે જ છે, એની કસોટી કરે છે, અને સત્ય એ પણ છે કે સ્થિરતા માત્ર આંતરિક પ્રભાવોથી નથી આવતી બાહ્ય પ્રભાવો ભાગ ભજવે છે.

સમય સતત સરી રહ્યો છે, ઘણીવાર મને જાણ હોય છે. ઘણીવાર મારી જાણ વગર જ. મોટાભાગે પ્રયત્ન એ હોય છે કે સમય પર હાવી થઈ જાઉં. મનસ્વી બનીને સમયની ચિંતા કર્યા

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જૂની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

વગર ચાલ્યા કરવાનું, સમયને જે કરવું હોય તે કરે, તેવી નફિકરાઈ કેળવવાની.

બીજી રીત છે સમયને આધીન થઈને ચાલવાની, સમયનો એક ભાગ બનીને ચાલતાં હોઈએ છીએ. સમયના વહેણ સાથે જ આપણા વહેણ ચાલે છે. આમાં સલામતી ઘણી વધારે છે. અહીં વ્યક્તિની ઈચ્છા નહીં સામુહિક ઈચ્છા મહત્વની હોય છે. આ સમયમાં વ્યક્તિ પોતાને અન્યની નજરથી મૂલવે છે, કોઈ એને 'સારી' કહે એ માટે પોતાનું વ્યક્તિત્વ ભૂલી જાય છે અને અનુકૂળતાનું આવરણ પહેરી લે છે, સામાન્ય રીતે દરેક નવાં સંબંધોમાં આવું થતું હોય છે, આ સંબંધોમાં શરૂઆતમાં વ્યક્તિને સારા થવાની અને પછી કોઈ એને સમજી નથી શકતું અને પછી કોઈ એના કાર્યનું મૂલ્ય નથી કરતું, એ ફરિયાદ રહે છે. આ સમય એવો છે, જેમાં વ્યક્તિ નહીં સામુહિક ઈચ્છા મહત્વની છે. અહીં અન્યની નજરમાં 'સારા' ઠરવાનો ધ્યેય એવો સજ્જડ બેસી ગયો હોય છે કે એ માટે બધું ગુમાવા તૈયાર છે.

સમય તું વહે છે કે મને વહેવડાવે છે ?

આજે મનમાં ગજબની ઉથલપાથલ ચાલી રહી છે. કોણ મોટું, **સમય કે મનુષ્ય ?**

આમ તો બુદ્ધિનો સ્વામી- મનુષ્ય જ મહાન, કારણ એની પાસે બધાને નિયંત્રિત કરવાની કળા છે અને શક્તિ પણ, અને પોતાની આ સર્જન શક્તિથી એ બધું જ કરવા સક્ષમ છે. પણ ક્યારેક સમયના વહેણ એવા ફરી વળે કે એ મનુષ્ય કઈ જ ન કરી શકે. આ '**સમય**' પાત્ર છે, શક્તિ છે, સંચાલન છે, એક અવકાશ છે ?

શું છે આ સમય ? જે વહી રહ્યો છે અને જેમાં આપણે જીવીએ છીએ, તારીખો બદલાય છે, સંજોગો બદલાય છે, ક્યારેક મનને લાગે કે આ બધું મેં જ કર્યું અને ક્યારેક એમ લાગે કે ના કોઈક બીજાએ કર્યું અને હું તો માત્ર એનો ભાગ/ભોગ/હિસ્સો બની. આ ઘટના સતત ચાલ્યા કરે છે. સમય વહે છે અને આપણે પણ વહીએ છીએ, પણ ક્યારેક સાવ ખાલી મન કરીને બેઠા હોઈએ, ધ્યાનની અવસ્થા ન હોય પણ મન પર બીજા કોઈ અવરોધો કે ભાર ન હોય ત્યારે એક ફણગો ફૂટે છે કે સમય તું કોણ છે ? અને બાજુની પાટલી પર બેઠેલો તે સમય મને કહે છે, 'હું તારો સ્વામી છું, હું તારો સંચાલક છું, હું તને સમજાવું છું કે તારે કઈ રીતે જીવવું જોઈએ, તારે મને પસાર કઈ રીતે કરવો જોઈએ?'

મને ગુસ્સો આવે છે અને મારું અભિમાન જાગી ઉઠે છે અને મને કહે છે કે 'હું સર્વ બુદ્ધિનો સ્વામી, મને કાબુમાં રાખનાર આ સમય કોણ છે ?' પ્રશ્ન તો મહત્વનો એ છે કે દરિયા કિનારે પાળી પર મારી બાજુની પાટલીમાં બેસનાર આ સમય કોણ છે ? હું તેને અનુભવી શકું છું, દિવસમાં અનેક વખત તેના વિષયક વાત કરું છું, પણ મને એ નથી સમજાતું કે સમય છે કોણ ? હું એની ઉપર છું કે એ મારી ઉપર છે ?

આજ સુધી મેં ક્યારેય આ સમયને પાત્ર બનાવી જોયું નથી, પણ નાનપણમાં બી. આર. ચોપરાની 'મહાભારત' સિરિયલ આવતી હતી, અને એમાં સમયનું પાત્ર આવતું હતું, ' મેં સમય હુ', મને એનું સ્મરણ થયું અને તરત જ સાથે યાદ આવ્યું કે હાલમાં 'કોન બનેગા કરોડપતિ' નામક કાર્યક્રમમાં પણ સમયને દર્શાવ્યો છે, ટીક ટીક, ઘડી દેવી, જે આપણને એના વહેતાં હોવાનો અને એનો દબાવ આપણા પર બરાબર દર્શાવે છે. ત્યારે એવું લાગે છે કે સમગ્ર જીવન પર કોઈનું વર્ચસ્વ હોય તો તે સમય છે, અને આવું તો અનેકવાર અનુભવાય છે. શું કોઈ એવો રસ્તો છે કે જેમાં આપણે સમય પર કાબૂ મેળવી લઈએ ? કે પછી સમય જ આપણા પર કાબૂ મેળવી આપણેને નચાવે તે ચાલવા દેવાનું ?

આવું કઈક વિચારતા એક વાત સ્પષ્ટ થતી જાય છે કે સમય અને આપણે, બંને એકબીજાના અભિન્ન સાથી છીએ અને આપણી જો કોઈ સાથે સ્પર્ધા હોય તો તે માત્ર અને માત્ર સમય- નામના ઘટક સાથે છે.

ગોરખનાથ રોજે રોજ પર્વત ચડે છે, ગોરખનાથને ખબર છે કે જીવવા માટે પાણી આવશ્યક છે, અને પાણી પર્વતની ટોચ પર મળે છે. એ માટે રોજે રોજ પર્વત તો ચડવો જ પડે. એટલે એ રોજ ચડે અને ઉતરે, આમ તો, એમ પણ બને કે તે ઉપર જ રોકાઈ જાય અને ત્યાં જ બેઠો રહે તો રોજેરોજની આ મહેનત ટળે, પણ રાંધણના લાકડા નીચે છે, અને લાકડાં ઉપર લાવવા વધુ અઘરાં પડે અને પાણી ભરીને નીચે લાવવું સહેલું છે. ગોરખનાથ વિચારે છે, પાણી રોજે રોજ નીચે લાવવામાં મારો કેટલો બધો સમય જાય છે, એના બદલે હું સમય બચાવવા પાણી, નીચે જાતે જ આવી જાય, એવું કઈક કરું તો કેમ ? અને બૌધ્ધિક ગોરખનાથ પાણીને નીચે લાવે છે, સમય બચાવવા. હવે તેને થોડોક વધુ સમય આરામ કરવા, વાત કરવા, મોડે સુધી સુવા માટે મળે છે. પાણી હવે ઘરનાં આંગણે મળી જાય છે. ગોરખનાથ આ સમયને બચાવે છે અને તિજોરીમાં ભરવા જાય છે ત્યારે તિજોરીમાં એને વર્ષોથી સંઘરેલો અઢળક સમય મળે છે, જે દોડતો, ગોરખનાથને ભેટી પડે છે, આ સંઘરેલો સમય અંદર વધુને વધુ ગુંગળાતો હતો, તે હવે પોતાના આ મુક્તિદાતાને ખભે ચડી જાય છે. ગોરખનાથ પાસે અત્યારે ગઈકાલનો અને આજનો, બન્ને સમય છે. એક દિવસ ગોરખનાથ રાતના વહેલો સુઈ જાય છે અને વહેલી સવારે તેને સ્વપ્ન આવે છે કે તેને જમીનમાંથી સોનાનો ચરુ મળશે, તે તો ખુબ જ ખુશ થઈ જાય છે અને બીજે દિવસથી જમીન ખોદવા મંડી પડે છે, પણ થોડી થોડી વારે થાકી જાય છે, એના ખભા પર ત્રણ સમયો નાચી રહ્યા છે, અને ગોરખનાથ એ ત્રણેય સમયને પોતાનામાં જીવાડી રહ્યો છે અને પરિણામે સામેનું સમકાલીન સત્ય, વાસ્તવ તેને દેખાતું નથી. મુશ્કેલી એ છે કે ગોરખનાથ જો લગામમાંથી મુક્ત થઈ જાય તો કદાચ તેને જ ખબર ન પડે કે તેને શું કરવાનું છે કારણ તેને પોતે

જ આ સમયનું જાળું પોતાના પર લદાવા દીધું છે.

પાણી પર્વત પર શુદ્ધ ઝરણાં રૂપે મળતું, તે નીચે આવે છે, ત્યારે રસ્તાના કેટલાયે અવશેષો ભેગા ભળે અને મલિન થાય છે, વહેતો કાદવ એમાં ભળી એને વધુ દુષિત કરે છે પણ સમય બચવવા કે પછી મહેનત બચાવવા, એ પાણી સાથે ગોરખનાથ સમજૂતી સાધે છે, અને એ પાણી સ્વીકારે છે. બૌધ્ધિકતા જ કે પછી બીજું કાંઈ ? બીજી તરફ સ્વપ્નનું ભારણ એને જમીન ખોદવા મજબૂર કરી દે છે, એ વર્તમાન સિવાયની ક્ષણમાં જીવી રહ્યો છે.

આ આખી વાત મને સમજાવે છે કે જે સમય નામના ઘટક સાથે હું સૌથી વધારે પનારો પાડું છું તે મને મારા કરેલા કર્મોના પરિણામરૂપે કે પછી આવનારી પળની આશામાં જીવાડે છે. શું એવું બને શકે કે આપણા વર્તમાન સમય પર ભૂત કે ભવિષ્યની છાયા ન હોય ? અને માત્ર વર્તમાનની ક્ષણમાં જીવીએ ? સમુદ્રની પાળ પર બેઠા હોય ત્યારે કોઈ ભાર ન હોય અને કોઈની લગામ પોતાના ભણી ખેંચવાનો પેંતરો ન કરતી હોય, પેંતરાઓ તો જીવનના પ્રત્યેક વ્યવહારમાં હોય જ છે, પણ તે જેટલો પારદર્શી હોય, તેટલી તેની સહજતા અને નિર્દોષતા જળવાય રહે છે. એક પદ-જગ્યા જ્યારે તમને ખૂબ સુખ આપે ત્યારે એ સુખથી દુર રહેવાનો સજાગતાપૂર્વક પ્રયત્ન કરવાને બદલે એમાં સ્થિર થઇ એ સુખને આનંદમાં પરાવર્તિત કરવું, છૂટવાને બદલે બંધાવું, સ્વધર્મ સમજીને. પછી એ બંધન નહીં બને, એક ક્ષણ બનશે, જેનું મૂલ્ય વર્તમાન પુરતું જ હોય, એ પદ સાથેનો સંબંધ અંગત હયાતીનો ભાગ કદી ન બને. આવા સમય પર સવાર થવાનું છે પણ જે ઘડીએ એવી આશા કરી કે મને, આ રોજેરોજ મળે ત્યારે એ સમયના કાબૂમાં આવી ગયા, એમ સમજવું. જયારે પદ, એની સાથેના અસ્તિત્વથી મુક્ત થઈ શકાય છે ત્યારે સમયની લગામ વગર જીવ્યા જેવું લાગે છે. મારું અંતઃસત્વ, એ પદ મુજબ ઉઘડતું કે આથમતું નથી. એ કોઈ સવારના સુરજ સાથે ઉઘડનાર ફૂલ નથી, જે કોઈ આધારને ટેકે ઉઘડે. એમ થવું ખોટું નથી, પણ આધાર હોય તો જ ઉઘાડ થાય- એ જરૂરી ન બને. ઉઘાડનો આધાર તમારું અંતઃસત્વ જ હોઈ શકે, બાહ્ય આધાર નહીં જ ! વેલ ભલે વૃક્ષથી ઉપર ચડે પણ મનુષ્ય નહીં. **જે બાજુમાં બેસી હથેળીના ઉજાશને ફરી ફરી હુંફ આપે છે, એ સમયનું ચિતરામણ, હું મારા આકાશ પર દોરું ત્યારે એ સમય મારી આંખોના તેજથી અંકિત થયેલો હોય છે. એના અંકોડા મેં જ મારામાં ગોઠવેલા હોય છે, કોઈ અન્યના નહીં અને એવો સમય મને દોરતો નથી, હું એને દોરું છું, અધિકારથી.**

*મિત્રો, આ શહેરનાં કિનારાને સમુદ્રનું વરદાન છે,*
*અહીં રોજે રોજ ભરતી અને ઓટ આવે,*
*અહીં રોજે રોજ સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય,*
*અહીં બધું રોજે-રોજ, જેનું તે થયા કરે,*

પણ હું મારા આકાશ અને મારા કિનારાને ખિસ્સામાં ભરીને ચાલુ છું ત્યારે સમય મને નથી પૂછતો કે મેં શું કર્યું પણ હું સમયને પુછું છું કે તારે જો સિદ્ધ થવું હોય તો મારી સાથે રહે, હું તારો ઉધ્ધાર કરીશ. સમય, તું મને દોરે તે પહેલાં, હું તને દોરીશ. દોરવામાં એક સ્વમાન છે, અધિકાર છે, મારા હોવાની મને સજાગતા છે. આવતી કાલના આકાશમાં આ જ તારા હશે કે નહીં, એ મારી આવશ્યકતા નથી અને મહેચ્છા પણ નથી. એટલે તું મને મારો ફાયદો નહીં શીખવાડ, કારણ કાર્ય ફાયદાના પરિણામ અનુસાર નહીં, મનના સંતોષ/આનંદ અને જાતના સ્વીકાર સાથે થાય છે.

હથેળીમાં આડી-અવળી રેખા લઈને, સહુ પોતપોતાની લગામ તાણતા ચાલ્યા,

પોતાના રથના સારથિ પોતે થઈને ચાલ્યા,
અમે અમારા ઘોડાના ચાલક બન્યાં,
આગળ થોડી ધુમસ્સ દેખાય છે,
થોડો અંધકાર પાછળ પણ છે,
પણ બન્ને મારા વર્તુળમાં પ્રવેશી નથી કરી શકતા,
કારણ એને ડર છે કે હું તેના અસ્તિત્વને પલટાવી
નાખીશ- આજમાં
સમય, મને હવે ડરાવ નહીં, મને ખબર છે, તું મારાથી છે
નહીં કે હું તારાથી !

છેલ્લે એક વાત : હમણાં એક ગામમાં પંચાયતની સભા મળી, કરચલી મોઢા પર હતી, આંખો અધખુલ્લી હતી, પોપચા આયુના ભારથી દબાયેલા હતા, પણ કોઈની આંખે ચશ્માં ન હતા, કોઈ યુવાને પૂછ્યું પણ ખરું કે બાપુ દેખાય છે કે કેમ ? બાપુ એ સરસ જવાબ આપ્યો, જેટલું જરૂરી છે, એ બરાબર દેખાય છે, બાકીનો કચરો તો આંખમાં નાખવો જ નથી. થોડીવાર પછી નવા ચહેરાને પસંદ કરવાનો વખત આવ્યો, એક પછી એક પસંદગી થઈ, જયારે એની વિગતમાં ગયા ત્યારે જોયું કે બધી જ વેપારી પ્રજા હતી, લોકો તાળીના ઘોંઘાટ મચાવી રહ્યા હતા, હાર પહેરાવી રહ્યા હતા, પેલા ભારે પોપચા સાથે વૃદ્ધ ઊભા થયા અને ફિક્કું હસ્યા. ચાલો આ રાજ્યમાં કદી દુકાળ નહીં પડે, તમે ભૂખે નહીં મરો. પણ તમારા રાજ્યમાં કદી કોઈ માણસ વગર કારણે હસવાનું, રડવાનું, નિર્દોષ રમતો નહી કરતું હોય, અહીં કારણવગર પ્રેમ નહીં કરાય. બધાને જરા આંચકો લાગ્યો કે બાપા કેમ આમ કહી રહ્યા છે, ત્યારે ભારે પોપચા સાથે બાપા બોલ્યા, જ્યાં કળા નથી, ત્યાં માનવતા નથી, આનંદ નથી. વેપાર જીવાડી શકે પણ કળા ઊગારી શકે. મહાવીર પ્રભુએ એ ગૌતમને એક ક્ષણનો બગાડ ન કરવાનું કહ્યું હતું પણ સાથે સમય તમને ન બગાડે અને તમને ન છેતરે, એ પણ જોવાની તમારી ફરજ છે. તમારી પાસે તમારો કૃષ્ણ અંદર છે, એને બહાર નથી શોધવાનો, બહાર કોઈ યુદ્ધભૂમિ પર સંગ્રામ થાય અને કોઈ કૃષ્ણ આવી પ્રકાશ નિષ્પન્ન કરે, તે પહેલાં પોતાના સમયને પોતે ઓળખી સવાલ પૂછવાની લાયકાત કેળવવાની છે. અત્યારે આ

ક્ષણે, જે છે તે જ મારું સત્ય છે અને હું તેનો જ બાદશાહ છું, હું તેનો ગુલામ નથી, હું તેને મારી તાકાત અને શક્તિ અને પ્રકાશથી જીવાડીશ. આમ જ્યારે કહું છું ત્યારે દરિયા કાંઠે બેઠેલો મારી હથેળીની આસપાસ ફરતો સમય મને વીંટળાઈ વળે છે અને મને કહે છે, મને તારી સાથે લઈ જા, મારે હવે તારી સાથે ઉડવું છે અને હું ઉઠીને ચાલુ છું, આગળ આગળ. મારો સમય મારી સાથે વહી રહ્યો છે, તમે પણ એમ કરી જુઓ, સારું લાગશે !

એક કપટી બુધ્ધિ છે, જે છેતરતા શીખવે છે, પોતાને અને જાતને. બીજી છે લાલચી બુધ્ધિ, જે માત્ર અને માત્ર મેળવવા માટે કાર્ય કરે છે, એ વિચારે છે કે મને શું ફાયદો થશે કે પછી, શું પ્રાપ્ત થશે, આવી બુધ્ધિમાં સ્વ-હિત સિવાય બીજું કઈ જ નથી હોતું. આ બુધ્ધિ થોડી વધુ ઘાતક છે કારણ એમાં લાલચ હોય છે પણ એનો મોહ પણ એક માયાજાળ જેવો છે. ત્રીજી બુધ્ધિ રાજનૈતિક છે, આ ક્યારે-કોણ-ક્યાં છેતરે, તે અંગે વિચારવું/સમજવું અઘરું. સાચા-ખોટાનો ભેદ ન કરી શકાય. અહીં છેતરવા સાથે મુર્ખ પણ બનાવાય છે. કોઈ એક ઉદેશ્ય જે બહારથી સારો લાગે પણ અંદરથી ભિન્ન હોવાની પૂરી શક્યતા. રાજકારણમાં મનુષ્ય પોતે પણ પોતાની ઓળખ ભૂલી જાય છે, અને પોતે જ પોતાને ભ્રમિત કરવાની તાકાત દર્શાવે છે. આ બુધ્ધિ અધ્યાત્મ સાથે મેળ નથી ખાતી. પછી સમદ્રષ્ટિ બુધ્ધિ, સર્વ સુખાયમાં માને છે. સહુ પ્રત્યે સમભાવ અને બધાને એક જ દ્રષ્ટિએ જુએ છે, એનો મત વ્યક્તિ અનુસાર નથી બદલાતો અને સહુને સમાન આદર આપે છે. છેલ્લે સાત્વિક બુધ્ધિ, જે આ બધા જ કરતાં ઉપર અને અધ્યાત્મ સાથે છે. એમાં લાલચ, સ્વાર્થ કે કોઈ વ્યવહારિકતા નથી હોતા. એમાં સ્થિર ભાવ હોય છે, જે આંતરિક સંતોષ અને આનંદ સાથે પોતાના સુખનો ગુલાલ સહુ સાથે વહેંચે છે. સહુના કલ્યાણની અપેક્ષા કરે છે. પહેલી બુધ્ધિના લોકોની સંખ્યા સૌથી વધુ અને ઘટતાં-ઘટતાં સહુથી ઓછી સંખ્યા, છેલ્લી બુધ્ધિ ધરાવતાં લોકોની હોય છે. યથાસંભવ બધાનું ભલું કરો, એ ભાવના સાથે જીવતા સાધુ, જે પોતાના નિજાનંદની મસ્તીમાં મસ્ત તો હોય જ છે અને ઈચ્છે કે જ્યારે પણ તેઓ પોતાની આંખ ખોલે ત્યારે તે પોતાની આસપાસના લોકોને સાચું અને સારું જીવતા શીખવાડવાનો પ્રયત્ન કરે, તેવા સાધુ એ શ્રેષ્ઠ સમય છે.

આપણે સમયના એવા અદભૂત સમીકરણો સાથે જોડાઈએ. જે મળ્યું છે તેનો અને જે નથી મળ્યું તેનો સમતોલ ત્રિકોણ બનાવી આત્મા-પરમાત્મા-શરીરના ત્રણ બિંદુના કેન્દ્રને સમજીએ. અત્યારે આ ઘડીએ આટલું જ, ઘણું કહેવું છે, છતાં.

❑ ડૉ. સેજલ શાહ
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

મુંબઈ નજીક આવેલા વસઈ ખાતે પ.પૂ. આચાર્યદેવશ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., ઉદયરત્નસાગરજી મ., ગુણવલ્લભ સાગરજી મ.સા. આદિ પૂજ્ય મુનિઓની પાવન નિશ્રામાં મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ. અભય દોશીના સંયોજક પદે અચલગચ્છીય જૈન સાહિત્ય સંમેલન ૮-૯ ડિસેમ્બર ૨૦૧૮ના દિવસોમાં યોજાયું હતું. સંમેલનની ભૂમિકા રજૂ કરતા ડૉ. અભય દોશીએ કહ્યું હતું કે, અચલગચ્છીય સાહિત્યમાં અનેક જૈનસંઘના ઐતિહાસિક તથ્યો ઉજાગર થાય છે. વળી, અનેક રસમય સાહિત્યિક કૃતિ પ્રાપ્ત થાય છે.

પૂ. મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મહારાજે પોતાના ગુરુદેવ સર્વોદયસાગરજી મહારાજની દોઢવર્ષીય તિથી નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે એમ જણાવ્યું હતું. પ્રારંભે અમદાવાદથી આવેલા ડૉ. જિતેન્દ્ર શાહે મનઃસ્થિરિકરણ પ્રકરણ વિશે વાત કરી. તેમાં કર્મ અને અન્ય દાર્શનિક પદાર્થોના ચિંતનથી મન સ્થિર કરવાના ઉપાયો દર્શાવ્યા છે, તેની વિશદ ચર્ચા કરી. ત્યાર બાદ 'તેજ' સાહેબે શત્રુંજય ચૈત્યપરિપાટિ વિશે ચર્ચા કરી. જૈન પંચાંગકાર બિંદુબેને આગમોક્ત તિથિ તેમ જ અચલગચ્છીય માન્યતાઓ પર પ્રકાશ પાથર્યો હતો. કલ્પનાબેને અષ્ટોતરી તીર્થમાળામાં રહેલા શાશ્વત અશાશ્વત તીર્થો અંગે સુંદર રજૂઆત કરી હતી.

બીજી બેઠકમાં ભાવનાબેને વિવિધ અજીતશાંતિ વિશે, પ્રીતિબેન શાહે અચલગચ્છીય ગોત્રો વિશે, ઉપજ્ઞા પંડયાએ સ્વરૂપચંદ્રજી કૃત ચોવીશી વિશે, રશ્મિ ભેદાએ ઉપદેશ ચિંતામણિ વિશે, ભાનુબેને સત્રાએ 'સર્વોદય થોય સંગ્રહ' પર પ્રકાશ પાથર્યો હતો.

બીજે દિવસે ઉત્પલાબેન મોદી તથા હંસાબેન વોરાએ અનુક્રમે ગુણવલ્લભ અને કલાપ્રભસાગરસૂરિકૃત ચોવીશી વિશે વાત રજૂ કરી હતી. દીક્ષાબેન સાવલાએ ગુણસૌરભ મહાકાવ્ય વિશે વાત રજૂ કરી હતી. ડૉ. સેજલબેન શાહે સત્તરભેદી પૂજા અંગે પોતાના વિચારોપાઠવ્યા હતા, તેમ જ નયનાબેન મોદીએ ગુરૂપૂજા અને ડૉ. અભય દોશીએ 'અચલગચ્છીય ઐતિહાસિક રાસસંગ્રહ' પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રારંભે પ.પૂ. આચાર્યદિવાકર મહોદયસાગરસૂરિ મહારાજે મંગલપાઠ તેમજ આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં વસઈ સંઘે સુંદર વ્યવસ્થા સાચવી હતી. મુંબઈથી થોડે અંતરે આવેલા વસઈ નગરમાં ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમ સંપન્ન થયો.

❑❑❑

'યોં કથિ કહૈ કબીર' – (૨)

# બહાર સુખબોધ, ભીતર આત્મબોધ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સંત કબીરની વિચારધારાનો સાર એટલો જ કે બહાર સુખબોધ છે અને ભીતર આત્મબોધ છે. સંત કબીર આત્મબોધને શ્રેષ્ઠ માને છે. સર્વ સાધનાનો હેતુ એટલો જ છે કે માનવીની ભીતરમાં રહેલા એ આત્મબોધને જાગ્રત કરવો.

આત્મખોજ, આત્મજ્ઞાન અને આત્મબોધ એ ત્રણ ઘટક છે. આત્મખોજ સાથે એક શોધ જોડાયેલી છે. બહારની દુનિયામાંથી નીકળીને સાધક ભીતરની દુનિયામાં એની ખોજ શરૂ કરે છે. એને જે શોધે છે, તે એને પામે છે. બીજું આત્મજ્ઞાન એટલે આત્મા વિશેનું જ્ઞાન. આમાં સાધકને જ્ઞાનપ્રપ્તિ થાય છે. સંત કબીર જેને બોધ કહે છે એ તો પરમ જાગૃતિ છે. આત્મબોધ હોય નહીં, તો ભીતર કદી જાગે નહીં.

ભીતરના સ્વરૂપની ઓળખ આપતાં સંત કબીર કહે છે કે ભીતર બે પ્રકારનું હોય છે. એક ભીતર સ્વપ્નમાં ડૂબેલું હોય છે અને બીજું ભીતર સત્યમાં વસેલું હોય છે. એક ભીતરમાં તમે સુષુપ્ત અવસ્થામાં સ્વપ્નદર્શનમાં સમગ્ર જિંદગી પસાર કરી શકો છો, તો એ જ ભીતરમાં તમે જાગૃતિ આણીને આત્મબોધ પ્રાપ્ત કરો છો. ભીતરમાં બંને પ્રકારની ક્ષમતા છે. એક તમને જીવનભર બાહરી માયામાં ડૂબેલા રાખે અને બીજી તમારા જીવનમાં જાગૃતિ પ્રગટ કરે. બાહ્ય દોટ આત્મરોગી બનાવે છે, અંતરની યાત્રા આત્મબોધિ સર્જે છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે, 'જ્યારે તમે બહારની વસ્તુઓને પકડવા કે પોતાની કરવા ઈચ્છો છો, ત્યારે તે ઠગારી બની તમારા હાથમાંથી ચાલી જાય છે, પણ જો એ અંગે ઉપેક્ષા રાખશો અને પ્રકાશસ્વરૂપ પોતાના આત્મા તરફ મુખ કરશો, તો એ જ ક્ષણથી પરમ કલ્યાણકારક અવસ્થા તમારી શોધ કરશે.'

આ રીતે જો આત્મબોધના અભાવે સાધક તો ઠીક, કિંતુ યતિ, સતી અને સંન્યાસી પણ ખોટા માર્ગે દોડે છે. ખરી જરૂર ભીતરની જાગૃતિની છે, કારણ કે પરમાત્મા ભીતરમાં વસે છે. જો એને બહાર શોધવા જશો તો પરમાત્મા તો પ્રાપ્ત થશે નહીં, બલ્કે તમે સ્વયં ખોવાઈ જશો. આ ભીતરની શોધ છે. 'માંહ્યલા'ના જાગરણની આ વાત છે. સંત કબીર સાત ગાંઠની વાત કરે છે.

*પાંચો ઈદ્રિય છઠાં મન, સત સંગત સૂચંત,*
*કહૈં કબીર જમ ક્યા કરે, સાતો ગંઠિ નિચિંત.*

આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને – આમ આ છને જેણે સાતમા સત્યચેતન સ્વરૂપમાં જોડી દીધાં છે, એવા સ્વરૂપરત વિવેકીને મન-વાસનારૂપી યમરાજ શું કરશે? અર્થાત્ તેઓ મનોજયી હોય છે અને તેથી એ યથાર્થ આત્મબોધ પામી શકે છે.

સાધકને સ્વ-રૂપની ઓળખ નહીં હોય, તો અજ્ઞાનને કારણે પરોક્ષ અને પ્રત્યક્ષ બાબતોમાં એ એની શોધ કરતો રહેશે. આ પરોક્ષ બાબતો એટલે સંત કબીરના મતે કલ્પિત ઈશ્વરાદિ બાબતો. એમણે બતાવ્યું કે માણસે કેવી કેવી કલ્પનાઓથી ઈશ્વરને મઢી દીધો છે. ઈશ્વર વિશેની પૌરાણિક કથાઓમાં આલેખાયેલાં એમનાં આચરણને જોઈએ તો આપણને આઘાત લાગે ! તો શું એને ઈશ્વર માની શકીએ ? આપણા અંતરમાં સ્થાન આપી શકીએ ? આથી જ સ્વ-રૂપના જ્ઞાનના અભાવે આપણે પરોક્ષ બાબતોમાં પરમાત્માની નિષ્ફળ શોધ કરીએ છીએ, જ્યારે કેટલાક જડમાં એની શોધ કરે છે અર્થાત્ મૂર્તિપૂજા કરે છે.

સંત કબીર આ બંને બાબતોનો છેદ ઉડાડે છે અને કહે છે કે, સાધકને યથાર્થ સ્વ-રૂપજ્ઞાન નહીં હોવાને કારણે એ મથુરા, કાશી, કાબામાં ભટકે છે. જેમ મૃગની નાભિમાં કસ્તૂરી છે, એમાંથી જ સુગંધ આવતી હોય છે, પરંતુ એ આ સુગંધની શોધ માટે વન-વનમાં ઉદાસ બનીને ફરે છે. પૂર્ણકામ, પૂર્ણતૃપ્ત અને પૂર્ણસંતુષ્ટ સ્વરૂપ આત્મા હું જ છું એવી સમજના અભાવે માણસ સંસારસુખ પામવા માટે આમતેમ ભટકે છે.

સંત કબીર એ વાત પર મહત્ત્વ આપે છે કે માત્ર ત્યાગ કરવો તે પૂરતું નથી, પરંતુ આત્મબોધ જરૂરી છે. આત્મબોધ એટલે દેહમાં વસતા પરમધન એવા ચેતનઆત્માની જાણ. સંત કબીર ઉલ્લાસભેર કહે છે કે તમારાં સુખની સર્વ સામગ્રી તમારી પાસે છે. જો તમારી જાતને તમે વશ કરી શકો, તો તમારા શરીરની ભીતરમાં જ પુષ્પો અને વૃક્ષોથી મઘમઘતો અને ફૂલેલો-ફાલેલો બાગ-બગીચો છે અને એ બાગબગીચામાં એનો સર્જનહાર વસે છે. એમાં જ સાત સમુદ્ર અને અસંખ્ય તારાઓ છે. એમાં જ હીરા અને મોતી છે અને એમાં જ એનો પારખું વસે છે. આ આત્મદેવને માનવી ભૂલી જાય છે. જે પોતાની ભીતરમાં છે એને ભૂલીને બહાર પ્રપ્તિ માટે ઉધમાત કરે છે. જ્યારે ભીતરમાં રહેલા આત્મબોધના ગુરુસિંહાસને વિવેક બેઠો છે, આથી શરીર નષ્ટ થાય છે, પણ આત્મદેવ નષ્ટ થતો નથી. હકીકતમાં તો એ હાજરાહજૂર છે.

આત્મદેવની ઓળખ આપતી વખતે સંત કબીર બાહ્યાચારો પર પ્રહાર કરે છે. એ કહે છે કે આમ ભક્તિનાં ગીતો ગાવાથી, ધર્મકથાઓનું શ્રવણ કરવાથી, શાસ્ત્રગ્રંથો વાંચવાથી અથવા તો સંધ્યા કે તર્પણ જેવી ક્રિયાઓ કરવાથી તમને કશું મળશે નહીં. ગમે તેટલું તીર્થાટન કરો, તો પણ કશું વળવાનું નથી. આ સઘળાં ક્રિયાકાંડો, બાહ્યાચારો કે બાહ્ય પ્રવૃત્તિઓ કરવાથી કશું નહીં વળે,

લાંબી લાંબી જટા વધારવી, આખા શરીરે રાખ ચોળવી, માથે મુંડન કરાવવું, માટી-પથ્થરના પિંડને પૂજવો કે માત્ર ફળાહાર કરવો - એ બધી તો બાહ્ય બાબતો છે. ભીતર સાથે એને કોઈ લેવાદેવા નથી. આમ કરવા જનાર આત્મદેવને ઓળખી શકતો નથી અને આત્મલીનતા પામી શકતો નથી.

સંત કબીરના 'બીજક'નું નવમું પ્રકરણ છે 'બિરહુલી' અને આ 'બિરહુલી' એટલે શું ? 'બિરહુલી' એટલે વિરહિણી, પણ એ વિરહી કેવો ? સામાન્ય રીતે તો 'બિરહુલા'નો અર્થ 'સાપ' અને બિરહુલીનો અર્થ 'સાપણ' થાય છે, પણ અહીં તો 'બિરહુલી' શબ્દ એ વિરહ રૂપી સાપ દ્વારા દંશ પામવાને કારણે પીડિત એવા વિરહી ભક્તને માટે છે.

આ વિરહી ભક્ત સ્વયં પરમાત્માની ખોજમાં નીકળ્યો છે. એના વિયોગથી અતિ પીડિત છે. એની પીડાના દર્દને એ વારંવાર વર્ણવે છે ! ક્યારેક એ વિરહની વેદનામાં પરમાત્માને આજીજી કરે છે, તો ક્યારેક પરમાત્માની પ્રાપ્તિ કાજે પુષ્કળ આક્રંદ કરે છે. આત્માએ કોઈ વિરહિણી પ્રિયતમાની માફક પ્રિયતમ પરમાત્માને મેળવવા માટે ઠેર ઠેર ભટકવાનું નથી, એને બહારના જગતમાં દોડવાનું નથી, કારણ કે ભીતરમાં રહેલા પરમાત્માને પ્રાપ્ત કરવા માટે બાહ્ય દોડ વ્યર્થ છે.

ભીતરમાં વસતો પરમાત્મા ક્યાંથી તમને બહાર મળવાનો છે? પરમાત્માના વિયોગની વાતો કરનારા એક ભ્રમરચિત વિશ્વમાં વસે છે. એને પોકારી પોકારીને બોલાવનારા હવાઈ કલ્પનામાં રાચે છે. એને માટે જાણે તરફડતા હોય એમ જીવનારા વિલાપ અને પ્રલાપભર્યું મિથ્યાજીવન જીવે છે. કારણ શું ? કારણ એટલું જ કે વ્યક્તિ સ્વ-રૂપને સમજવાને બદલે બાહ્યજગતમાં ભટકે છે, પરપદાર્થોમાં રુચિ ધરાવે છે અને તેને પરિણામે એ નિજસ્વરૂપથી દૂર ને દૂર જતો જાય છે.

હકીકતમાં આત્મામાં જ પરમાત્મા છુપાયેલો હોવાથી પહેલી વાત તો એ છે કે બહાર કશી શોધ કરવાની જરૂર નથી. જેની શોધ કરવાની ન હોય, તેનો વિરહ ક્યાંથી સંભવે ? જે તમારી નિકટમાં, ભીતરમાં વસે છે, એને કઈ રીતે બહાર હોવાનું માનીને કે દૂર ગયેલો ગણીને એનો વિયોગ કે વિરહ અનુભવી શકાય ?

સંત કબીર એમની 'બિરહુલી'માં વેદનાથી તરફડતા અને પરમાત્માની પ્રપ્તિ કરવા માટે વિરહની અવસ્થા દાખવતા ભક્તની ભક્તિની વ્યર્થતા બતાવે છે. જ્યાં સુધી બાહ્યજગત અને બાહ્ય પદાર્થોમાં વ્યક્તિનું ચિત્ત લીન છે, ત્યાં સુધી એને પોતાની આંતરિક શક્તિ કે આંતરિક તત્ત્વનો કોઈ અહેસાસ થતો નથી. માનવીએ સ્પષ્ટરૂપે સમજવું જોઈએ કે બાહ્યજગત એને કશું આપી શકે એમ નથી. સ્વપ્ન પાસેથી શું મળે? એ બહાર ગમે તેટલું ભટકશે, તો પણ એને પ્રાપ્તિ થઈ શકે તેમ નથી. એને બદલે એણે નિજસ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અને આ સ્વરૂપ છે કેવું ? આ સ્વરૂપ સ્વયં પૂર્ણકામ છે, એમાં જ પરમાત્મા વસેલો છે. આવા સ્વરૂપનો ખ્યાલ આપતા સંત કબીર કહે છે,

'આદિ અંત નહીં હોતે બિરહુલી ।
નહીં જર પલ્લવ ડાર બિરહુલી ।।૧।।
નિશિ-બાસર નહીં હોતે બિરહુલી ।
પૌન પાનિ નહીં મૂલ બિરહુલી ।।૨।।'

સંત કબીર જીવને ઉદ્દેશીને કહે છે કે તારો કોઈ આદિ કે અંત નથી. તારી ક્યારેય શરૂઆત થઈ નથી અને તારો ક્યારેય અંત આવવાનો નથી. તું શાશ્વત છે અને શાશ્વત રહીશ. તું અનાદિ અને અનંત છે. તારું કોઈ બીજું મૂળ નથી અને તું પણ કોઈ બીજાનું મૂળ નથી. નથી કોઈ તારી શાખા કે નથી કૂંપળો.

આ રીતે સંત કબીરના કહેવા પ્રમાણે તારામાં જ સઘળું સમાયેલું છે. તું જ અનાદિ અને અનંત છે, અજર અને અમર છે. નિત્ય અને શુદ્ધ-બુદ્ધ છે. રાત(નિશિ), દિવસ(બાસર), પવન (પૌન), પાણી (પાનિ) તથા બીજ(મૂલ) કોઈ જ તારા સ્વરૂપમાં નથી. દેહ અને ઇન્દ્રિય નાશવંત અને ચંચળ છે. એને કારણે જ વ્યક્તિને રાત અને દિવસનો બોધ થાય છે, પરંતુ શુદ્ધ ચેતન સાથે આ મન કે ઇન્દ્રિયનો કોઈ સંબંધ નથી. કારણ શું ? શું સાધકને રાતદિવસ હોતાં નથી ? શું સાધકને પવન, પાણીનો ખ્યાલ આવતો નથી ? શું સાધક સંસારની વસ્તુઓને જોતો નથી?

સંત કબીરના કહેવા પ્રમાણે નિર્વિકલ્પ સમાધિમાં લીન સાધકને આવો કોઈ બાહ્યાનુભવ હોતો નથી. એ તો શુદ્ધ ચેતનમાં રાતદિવસ વસતો હોય છે. સંત કબીર પહેલી પંક્તિમાં અજર, અમર અને અખંડ એવા આત્માની વાત કરે છે અને પછી એ કહે છે કે જ્યારે આત્મા ભીતરમાં જ હોય, ત્યારે વ્યક્તિ કઈ રીતે એનાથી વિખૂટો પડી શકે ? આત્મા એની અંદર જ વસતો હોય, તો પછી બીજી ભૌતિક ચીજવસ્તુઓ શોધવાની એને જરૂર શી ? હકીકતમાં જીવે વિરહ કરવાની કોઈ જરૂર નથી, કારણ કે એનો આત્મા એનાથી વિખૂટો પડ્યો નથી અને એ અખંડ ચેતન સ્વરૂપ આત્મજ્યોતિ સદૈવ પ્રજ્વલિત હોય છે. આત્મા શાશ્વત રૂપે તમારી ભીતરમાં જ બેઠો છે અને સંત કબીરના કહેવા પ્રમાણે તો સઘળી યોગપ્રક્રિયાઓ આ સ્વરૂપને પામવા માટેની પ્રક્રિયા છે.

જ્ઞાનીઓ પણ આત્માને પરમાત્માથી ભિન્ન જોતા નથી અને જેમણે એને ભિન્ન જોવાની કોશિશ કરી, એમણે પણ અંતે તો આત્મામાં જ પરમાત્માને દર્શાવ્યા છે. જેમને નિજ-સ્વરૂપની સાચી ઓળખ નથી, એ પોતાના નિજ-ભાવમાં રહી શકતા નથી. બહાર પોતાના સ્વરૂપની ઓળખ માટે જનાર વ્યક્તિ અહીં-તહીં ભટકે છે અને કશું પામતો નથી. (ક્રમશઃ)

❑❑❑

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.*
*ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫*

# આપણી મર્યાદાઓ

ભાણદેવજી

આ ધરતી પર એવો કોઈ માનવી જન્મ્યો નથી જેનામાં કોઈ મર્યાદા નથી. અહીં કોઈ પૂર્ણ નથી. હા, પરમાત્મા સિવાય અહીં કોઈ પૂર્ણ નથી. માનવી નહિ; દેવો, કિન્નરો, ગંધર્વો અને યક્ષો પણ પૂર્ણ નથી. અહીં પ્રત્યેક માનવીમાં કોઈ ને કોઈ સ્વરૂપની મર્યાદા છે, છે અને છે જ!

મર્યાદાઓ પણ અનેક સ્વરૂપની હોઈ શકે છે. શરીરની ખામી, સ્વભાવની ખામી, બૌદ્ધિક ખામી, કુટેવ, મનની મર્યાદાઓ, કોઈક ભૂલ, કોઈક અપરાધ, કોઈક પાપ-આ અને આવી અનેક અને અનેકવિધ મર્યાદાઓ માનવીમાં હોઈ શકે છે.

માનવી જાણ્યે કે અજાણ્યે પોતાની પાસેથી અને અન્ય માનવી પાસેથી પૂર્ણત્વની અપેક્ષા રાખે છે. આમ કેમ બને છે? આમ બને છે, કારણ કે માનવી મૂલતઃ, સ્વરૂપતઃ પૂર્ણ છે જ! માનવી સ્વરૂપતઃ આત્મા છે અને આત્મા સ્વરૂપતઃ પૂર્ણ જ છે. તેથી જ જાણ્યે કે અજાણ્યે માનવી પોતાની પાસેથી અને અન્ય માનવી પાસેથી પણ પૂર્ણત્વની અપેક્ષા રાખે છે.

માનવી પોતાની પાસેથી પૂર્ણત્વની અપેક્ષા રાખે તો ભલે રાખે પરંતુ આમાંથી એક બીજી મુશ્કેલ પળોજણ ઊભી થાય છે. કઈ છે આ પળોજણ?

પોતાની આ સહજ સ્વાભાવિક મર્યાદાને કારણે, અધૂરપને કારણે માનવી સતત અપરાધભાવ અર્થાત પાપભાવ અનુભવે છે. આ અપરાધભાવ કે પાપભાવ બહુ વેદનાજનક છે, બહુ અકારો છે. કોઈને આ અપરાધભાવ કે પાપભાવ ગમતો નથી અને છતાં માનવસહજ મર્યાદાઓને કારણે આ અણગમતો અપરાધભાવ પણ રહેવાનો જ.

તો શું માનવે જીવનભર આ અપરાધભાવની વેદનામાં જીવવાનું? પ્રત્યેક માનવીમાં માનવસહજ મર્યાદાઓ તો રહેવાની જ અને તેમાંથી નીપજતો અપરાધભાવ પણ આવવાનો જ અને તદનુસાર અપરાધભાવ સાથે સંલગ્ન વેદના પણ આવવાની જ! તો શું માનવે આ વેદના જીવનભર સહન કરવાની? આ વેદનામાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય નથી?

ઉપાય છે, અવશ્ય છે અને સાચો, રણકાર કરતો ઉપાય છે!

તે માટે માનવીએ પોતાની મર્યાદાઓને એક નવી દૃષ્ટિથી જોવાની જરૂર છે. તો શું માનવીય મર્યાદાઓને જીવનનો અનિવાર્ય ભાગ માનીને કાયમી ધોરણે તેમને સ્વીકારી લેવાની? મર્યાદાઓ બરાબર છે, એમ માનીને તેમને વાજબી માનીને શાંત થઈ જવાનું છે? ના, એમ કરવું ઉચિત પણ નથી અને આવશ્યક પણ નથી જ!

તો શું કરવાનું છે?

માનવીએ પોતાની મર્યાદાઓના સ્વરૂપને યથાર્થતઃ સમજવાનું છે અને તદનુસાર મર્યાદાઓને એક નવી જ દૃષ્ટિથી જોતાં શીખવાનું છે.

મર્યાદાઓનું યથાર્થ સ્વરૂપ શું છે? અને તદનુસાર મર્યાદાઓને જોવાની આ એક નવી દૃષ્ટિ કઈ છે?

હવે આપણે મર્યાદાઓના યથાર્થ સ્વરૂપને સમજીએ.

સમગ્ર સૃષ્ટિ પરમાત્માનું સર્જન છે. સૃષ્ટિમાં ઉત્ક્રાંતિની પ્રક્રિયા અનવરત ચાલુ જ છે. સમગ્ર સૃષ્ટિ અપૂર્ણથી પૂર્ણ તરફ, અંધકારથી પ્રકાશ તરફ, મર્યાદિતથી અમર્યાદ તરફ, જડથી ચેતન તરફ, અજ્ઞાનથી જ્ઞાન તરફ, અસત્‌થી સત તરફ, બંધનથી મુક્તિ તરફ અને અચિત્‌થી સચ્ચિદાનંદ તરફ ગતિ કરી રહી છે. ઉત્ક્રાંતિ અર્થાત વિકાસ, જીવનનો અને સમગ્ર અસ્તિત્વનો ધર્મ છે. આમ સમગ્ર જીવન રૂપાંતરની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે.

માનવી અસ્તિત્વનો એક નાનો અંશ છે. રૂપાંતરની આ મહાન પ્રક્રિયાનો થોડો અંશ માનવીના ભાગમાં પણ આવે છે. પ્રત્યેક માનવીના ભાગમાં રૂપાંતર માટે થોડો થોડો અંશ આવેલો છે. સમગ્ર અસ્તિત્વના મહાન રૂપાંતરના એક ભાગરૂપે આપણે, પ્રત્યેક માનવીએ પણ પોતાને ભાગે આવેલી રૂપાંતરની જવાબદારી અદા કરવાની જ છે. આપણી મર્યાદાઓ વસ્તુતઃ આપણા ભાગમાં આવેલી રૂપાંતરની જવાબદારી છે તેમ સમજવું જોઈએ. હા, આપણે તે જવાબદારી અદા કરવી જ પડશે. મર્યાદાઓ તો આપણા ભાગમાં આવેલી રૂપાંતરની જવાબદારી છે, તેમ સમજી શકીએ અને તેમ સ્વીકારી શકીએ તો આ મર્યાદાઓને જોવાની અને સમજવાની આપણી દૃષ્ટિ સંપૂર્ણતઃ બદલાઈ જશે.

આપણી મર્યાદાઓ આપણી રૂપાંતરની જવાબદારી છે, પાપ નથી, અપરાધ પણ નથી. હા, આજે કે કાલે, આ જન્મે કે કોઈ પણ જન્મે રૂપાંતરની આ જવાબદારી આપણે અદા કરવી જ પડશે. જેટલું વહેલું થાય તેટલું સારું! પણ મર્યાદાઓને પાપનો પોટલો માનીને, દુઃખી થવાની પણ જરૂર નથી. સાથે સાથે એ પણ સમજી લેવું જોઈએ કે મર્યાદાઓને વાજબી ઠરાવીને તેને કાયમી ધોરણે સ્વીકારી લેવાની પણ જરૂર નથી જ!

જેમ શરીરમાં તાવ આવે તો આપણે તેને પાપ સમજતાં નથી, પરંતુ ચિકિત્સા કરીએ છીએ. તેમ મનમાં પણ કામ, ક્રોધ આદિ તાવ આવી ચડે, તો તેની ચિકિત્સા કરવાની છે, તેમાંથી મુક્ત થવાનું છે, પરંતુ તેને પાપ માનીને દુઃખી થવાની જરૂર નથી. દુઃખી થવાથી તે દૂર થઈ જશે તેમ પણ નથી. આ કામ, ક્રોધ આદિ માનસિક જ્વરથી મુક્ત થવાની પ્રક્રિયા તે રૂપાંતરની જ ઘટના છે અને સમગ્ર અસ્તિત્વની મહારૂપાંતરની મહાન ઘટનાનો નાનો, આપણે ભાગે આવેલો અંશ છે, તેમ સમજવું જોઈએ.

કોઈ એક માનવી શારીરિક રીતે નબળો હોય તો તેમાં કોઈ પાપ નથી કે અપરાધ નથી અને આપણે તે માટે કોઈ પાપભાવ કે અપરાધભાવ અનુભવતા નથી. તે જ રીતે માનસિક-બૌદ્ધિક રીતે પણ આપણે કોઈક સ્વરૂપે નબળા હોઈએ તો તે કોઈ પાપ કે અપરાધ નથી અને તે માટે આપણે પાપભાવ કે અપરાધભાવ અનુભવવાની જરૂર નથી. જેમ શારીરિક નબળાઈને વ્યાયામ, ભોજન, ચિકિત્સા આદિથી દૂર કરીએ છીએ તે જ રીતે માનસિક-બૌદ્ધિક નબળાઈઓને પણ તદ્વિષયક ચિકિત્સા-ઉપાયો દ્વારા દૂર કરી શકીએ છીએ. આપણે તેમને વાજબી માનીને સ્વીકારી પણ ન શકીએ અને આપણે તેમને અપરાધ માનવાની પણ જરૂર નથી.

આપણે મર્યાદાઓને ભેદતા જઈએ, દૂર કરતા જઈએ, એ જીવનવિકાસની જ ઘટના છે, પ્રક્રિયા છે. આ પ્રક્રિયા જ આપણને અસત્માંથી સત્ તરફ અને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જશે.

હવે આ સંબંધે બીજી એક મૂલ્યવાન વાત પણ સમજી લઈએ.

આપણી કોઈ મર્યાદાને કારણે અન્યનું નુકસાન થાય તો? તેમનું અકલ્યાણ થાય તો? તો તેમ કરવાનો કોઈને અધિકાર નથી. અન્યનું નુકશાન તેવી રીતે વર્તવાનો કોઈને અધિકાર નથી અને તેમ કરવું ઉચિત પણ નથી.

વળી સામાજિક સુખાકારીનો ભંગ થાય તેમ વર્તવાનો કોઈ માનવીને અધિકાર નથી.

માનવીને પોતાની રીતે જીવવાનો અધિકાર છે, પરંતુ અન્યના તે અધિકારને જાળવીને અને અન્યને નુકસાન પહોંચાડયા વિના.

માનવીની મર્યાદાનો વિચાર કરતી વખતે આપણે આ મુદ્દાને બાજુમાં મૂકી શકીએ નહિ, નહિ જ!

મર્યાદાઓ સૌને છે.

મર્યાદાઓ મારામાં પણ છે જ!

મર્યાદા પાપ નથી.

મર્યાદા રૂપાંતરની તક છે.

મર્યાદા દ્વારા કોઈનું નુકસાન ન જ થાય.

માનવી પોતાની મર્યાદાઓમાંથી મુક્ત થાય છે ત્યારે વૈશ્વિક રૂપાંતરની મહાન ઘટનામાં પોતાનો ફાળો પ્રદાન કરે છે!

❑❑❑

ફોન નં. ૦૨૮ ૨૨-૨૯૨૬૮૮

## સ્વથી સમષ્ટિ સુધી

**મું**બઈમાં ગ્રાંટ રોડ સ્ટેશન પાસે ''મુંબઈ સર્વોદય મંડળ'' છેલ્લાં ૬૦ વર્ષથી ચાલે છે. ગાંધી સાહિત્યનો પ્રચાર એ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે. ભારતી શાહ છેલ્લાં ૧૦ વર્ષથી ત્યાં માનદ સેવા આપે છે. ગાંધી સાહિત્યનો, ગાંધી વિચારનો પ્રચાર કરી ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા વાંચવા આપીને, એની પરીક્ષા લેવાય છે.

આ વર્ષે ૨ ઑક્ટોબરના દિવસે એ પ્રવૃત્તિ માટે મારી પત્ની ભારતી આર્થર રોડ જેલમાં ગઈ હતી. ત્યારે જેલરે કહ્યું કે ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આખું અઠવાડિયું મહાત્મા ગાંધીજીના જીવન અંગેના જુદા જુદા કાર્યક્રમ રાખ્યા છે. તેથી ૫ ઑક્ટોબરના દિવસે જેલના કેદીઓ માટે ''મહાત્મા'' પિક્ચર બતાવવાનું અમે નક્કી કર્યું હતું. એ દિવસે મને જેલમાં અનુભવ થયો તે તમારી સૌની સાથે વહેંચવા ઈચ્છું છું.

(૧) જેલમાં કેદીઓની સંખ્યા સગવડ કરતાં ૪ ગણી વધુ હતી.
(૨) કેદીઓની સરેરાશ ઉંમર ૩૦ વર્ષ હતી.
(૩) જાણી જોઈને ગુનો કરનાર વ્યક્તિઓ ૨૫ થી ૩૦ ટકા હતા.

બાકીના ગુનેગારો માં ગુનેગારો સાથે એક યા બીજી રીતે અજાણતા જોડાયેલા હતા. દા.ત. કોઈ એક ગુનેગાર કોઈ એક ગુનામાં સંડોવાયેલો હોય ત્યારે બીજા ૫-૭ એ સમયે ત્યાં તમાશો જોતા ઊભા હોય, તેને પણ પોલીસ પકડીને જેલમાં નાખી દે.

ત્યાંના જેલરને મળીને સુખદ અનુભવ થયો. શ્રી હર્ષદ બી. અભિરાવ જેલ સુપરિટેન્ડન્ટ. બહુ જ સજ્જન હતા. એમનો પ્રયત્ન એવો છે કે કેદીઓ ત્યાંથી બહાર નીકળીને સારા વિચાર ને વર્તન સાથે સામાન્ય જીવન જીવે. એટલું જ નહીં પરંતુ એમનું જીવન ઉચ્ચકક્ષાએ પહોંચે. તેઓ પોતે સંપૂર્ણ નિરર્વ્યસની છે.

લગભગ ૨૫૦ થી ૩૦૦ કેદીઓને પિક્ચર બતાવ્યા બાદ મારી તેમની સાથે વાતચીત થઈ. મેં તેમને બહુ જ સહજભાવે કહ્યું કે તમે કરેલી મોટા ભાગની ભૂલો ગાંધીજીએ પણ કરી હતી પરંતુ એ ભૂલમાંથી બહાર આવીને તેઓ આત્મામાંથી મહાત્મા બન્યા. હું અને તમે બંને આત્માને ઉપર લઈને જીવન સુધારી શકીએ. ઘણા કેદીઓ એવા હતા કે જેમને ૧૦-૧૫-૩૦ દિવસની સજા થઈ હોય અને જામીન મળી હોય પરંતુ જામીનના પૈસાની સગવડ ન થતાં મહિનાઓ અને વર્ષો સુધી જેલમાં હોય.

જાણીને આનંદ થાય કે એ કેદીઓમાંના ઘણા કવિ, શાયર, ચિત્રકાર કે ગાયક હતા. કોઈક એવી નબળી ક્ષણે ગુનો થઈ જતાં તેમનું જીવન રાહ બદલીને ખોટે માર્ગે ચડી ગયું. જેલના અધિકારીઓની અને સમાજના તમારા મારા જેવા સૌની ફરજ છે કે એમનું યૌવનધન વેડફાઈ ન જાય.

મારા પૂ. બાપુજી કહેતા કે આપણે કેટલા સુખી છીએ એ જાણવા નિયમિત હૉસ્પિટલ અને સ્મશાનની મુલાકાત લેવી જોઈએ. મારો ઉમેરો છે, જેલની મુલાકાત પણ લેવી જરૂરી છે.

**ભારતીબેન અને ભરતભાઈ શાહ**
મો. ૦૯૩૨૩૮૬૨૮૪૩

# અમૃતનું 'અનુસન્ધાન' અથવા અનુસન્ધાનનું અમૃતપર્વ

હર્ષવદન ત્રિવેદી

આચાર્ય વિજયશીલચંદ્રસૂરિના સંપાદનમાં નીકળતા સંશોધન-સામયિક અનુસન્ધાનનો ૭૫મો અંક તાજેતરમાં બહાર પડ્યો છે. પંચોતેરે પહોંચ્યું એટલે આ સામયિકના અમૃતપર્વની ઉજવણીનો યોગ થયો ગણાય. કોઇને ૨૫ વર્ષ કે સપ્તાહ થાય તો તે રજતજયંતી કે સિલ્વર જ્યુબિલી કહેવાય, ૫૦ થાય ત્યારે સુવર્ણજયંતી, ૬૦ થાય ત્યારે હીરક કે ડાયમંડ જ્યુબિલી. એવી જ રીતે ૭૫મે અમૃત મહોત્સવ કે અમૃતપર્વ ઊજવાય છે. 'અનુસન્ધાન' અમૃતપર્વ ઊજવી રહ્યું છે.

અનુસન્ધાન સામયિકનો ઉદ્ભવ આપણાં પ્રકાંડ ભાષાવિજ્ઞાની-સંશોધક ડૉ. હરિવલ્લભ ભાયાણીની પ્રેરણાથી થયો હતો. અત્યાર સુધીના ૭૫ અંકોમાં જે પ્રકારની સામગ્રી સંપાદન-સંશોધનના ઉચ્ચ ધોરણોને જાળવી રાખીને રજૂ કરાઇ છે તે જોઇને ભાયાણીસાહેબ આજે હયાત હોત તો ખરેખર પ્રસન્ન થયા હોત.

અનુસન્ધાન શબ્દ સન્ધાનને 'અનુ' ઉપસર્ગ લાગીને બન્યો છે. સંધાન એટલે ધનુષ પર બાણ ચઢાવવાની ક્રિયા. તેમાં લક્ષ્ય સાધવાની ક્રિયાનો સમાવેશ થઇ જાય છે. अनुसंधान શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ છે-'अनुसंधीयतेऽनेन इति अनुसांधनम्' એટલે કે કોઇ લક્ષ્યને નજર સમક્ષ રાખીને કાર્ય કરવું. અન્વેષણ, શોધ વગેરે પણ તેના પર્યાયો છે. આમ સામયિકના નામ પરથી જ તેના ગુણનો ખ્યાલ આવી જાય છે. સામયિકના ટાઇટલ પર સામયિકનો પરિચય અપાયો છે-પ્રાકૃતભાષા અને જૈન સાહિત્યવિષયક સંપાદન, સંશોધન, માહિતી વગેરેની પત્રિકા. ઉપર જે મુદ્રાલેખ છપાયો છે તે સામયિકના સંપાદકોની પ્રતિજ્ઞા અને પ્રકૃતિનો પરિચય આપે છે-मोहरितेसच्चवयणस्सपलिमंथू (स्थानांगसूत्र) એનો ભાવાર્થ છે-મુખરતાથી કે વાચાળતાથી સત્યવચનનો ઘાત થાય છે.

અનુસન્ધાનની એક મોટી વિશેષતા એ છે કે તે સ્થળ અને કાળના બંધનોથી પર છે. તેના સંપાદક તેમ જ તેમનો શિષ્યસમુદાય સતત વિહારમાં હોય છે. એટલે કોઇ એક સ્થળના બંધનમાં તેઓ નથી. આજે અહીં તો કાલે ત્યાં. બીજું કે આ સામયિક અનિયતકાલિક છે. મોટાભાગના સામયિકો નિયતકાલિક હોય છે. જેમ કે ચિત્રલેખા સાપ્તાહિક છે, તો પ્રબુદ્ધ જીવન માસિક છે. અનુસન્ધાન એવા કોઇ બંધનમાં નથી. નિયતકાલિકતા એ બંધન જ છે. એકાન્ત પણ છે. આમ આ અનિયતકાલિકતા જૈન અનેકાન્ત દર્શન સાથે પણ સુસંગત છે. સંસારના બંધનોથી મુક્ત તપસ્વીઓનાં પ્રકાશનો પણ કાળના બંધનમાં જકડાય નહિ એ સહજ જ ગણાય.

અનુસન્ધાન સામયિકમાં અપાતી સામગ્રી તો મૂલ્યવાન હોય જ છે, સાથોસાથ તેનું બાહ્ય કલેવર એટલે કે તેની મુદ્રણસજ્જા વગેરે પણ સંપાદકોની શાસ્ત્ર-સંયત કલાસૂઝ દર્શાવે છે. સામાન્યપણે શાસ્ત્રસેવીઓની છાપ એક શુષ્ક વ્યક્તિની હોય છે. એમાંય જો તે સંયમમાર્ગી સાધુ હોય તો લોકો તેમની પાસે શુષ્કતા અને નીરસતા બંનેની અપેક્ષા રાખતા હોય છે, પણ અમુક અપવાદોને બાદ કરતાં આ ખોટી માન્યતા છે. હકીકત એ છે કે શાસ્ત્રસેવન પ્રૌઢ બને એટલે તેમાં પ્રવાહિતા અને પ્રાસાદિકતા આપોઆપ આવે છે. અનુસન્ધાનના કિસ્સામાં એવું જ બન્યું છે. શીલચંદ્રજીના સંપાદકીય જ માત્ર વાંચો તો તેમાં તેમના અનુભવનો રણકાર સ્પષ્ટ સંભળાશે. અંગ્રેજી કે એવી કોઇ ઇતરભાષાના લખાણને અરધુંપરધું સમજીને વાચકોને ગેરમાર્ગે દોરતા લખાણોથી તે ઘણું અલગ પડે છે. સંશોધનની કેટલીક સમસ્યાઓ એવી હોય છે કે તેના ઉકેલ માટે હિન્દી ભાષામાં કહે છે તેવો जुगाड કરવો પડતો હોય છે. હૈયાઉકલત કામે લગાડવી પડતી હોય છે. શીલચંદ્રજીના સંશોધનવિષયક લખાણોમાં સંશોધનની સૈદ્ધાન્તિક અને વ્યવહારિક એમ બંને પ્રકારની સમસ્યાઓનો ખ્યાલ આવે છે.

આ સામયિકની વિશેષતા એ છે કે તેમાં લખાણો ગુજરાતી, પ્રાકૃત, હિન્દી ભાષામાં હોઇ શકે છે પણ તે છપાય છે દેવનાગરી લિપિમાં. મારી નજરે સંપાદકોનો આ મહત્વનો નિર્ણય છે. લિપિનો ભાષા સાથેનો સંબંધ વિશિષ્ટ છે. પંજાબી ભાષા અંગે એવું કહેવાય છે કે તેને ગુરૂમુખી લિપિ મળી ન હોત, તો તેનો એક સ્વતંત્ર ભાષા તરીકે વિકાસ થયો ન હોત પણ સામે છેડે આપણી પાસે મરાઠી ભાષાનું ઉદાહરણ છે, જે દેવનાગરી લિપિમાં લખાય છે અને તેણે અપ્રતિમ વિકાસ સાધ્યો છે. દેવનાગરી લિપિનો લાભ એ છે કે તેનાથી બહોળા વાચકવર્ગ સુધી પહોંચી શકાય છે. પં. બેચરદાસ દોશીએ ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ નામનો ગ્રંથ લખ્યો છે. તે એ વખતે દેવનાગરી લિપિમાં છપાયો હતો. આનો ફાયદો એ થયો કે ગુજરાત બહારના કેટલાય વિદ્વાનો એ ગ્રંથ વાંચી શક્યા હતા. સંસ્કૃત વ્યાકરણના વિખ્યાત વિદ્વાન પં. યુધિષ્ઠિર મીમાંસકે પણ પં.બેચરદાસનું પુસ્તક દેવનાગરીમાં હોવાથી વાંચીને તેનાથી પોતે લાભાન્વિત થયા, હોવાની તેમની આત્મકથામાં નોંધ્યું છે.

શીલચંદ્રસૂરિ અને તેમનો શિષ્ય સમુદાય જે પ્રવૃત્તિઓ કરે છે તે પ્રમાણે તો તેમને હરતીફરતી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ જ કહેવી જોઇએ. તેમના જીવનનું મુખ્ય અનુસન્ધાન સંયમમાર્ગ ઉપરાંત સંશોધન જ હોય એવું લાગે. આચાર્યશ્રી અને તેમનો શિષ્યસમુદાય સતત સંશોધનમય જ રહેતા હશે, એવું અનુસન્ધાનના ૭૫ અંકો પર નજર નાખતાં જ જણાઇ આવશે. એમની વિશેષતા એ છે કે પ્રાકૃતભાષા અને જૈનસાહિત્યના સંશોધન-સંપાદન પૂરતી જ તેમની

કામગીરી મર્યાદિત નથી. સંશોધનની સાથોસાથ સંશોધનની પદ્ધતિ અને તેને લગતાં પ્રશ્નોની તેઓ ચર્ચા કરે છે અને પોતાના અનુભવના આધારે અન્ય સંશોધકો-સંપાદકોને દિશાનિર્દેશ મળે એવાં તારણો પણ કાઢે છે. રિસર્ચની થિયરીની સાથે તેની મેટાથિયરી (Meta theory) પણ તેઓ ચર્ચતા આવ્યા છે. અનુસન્ધાનના ૭૫મા અંકના પ્રથમ સ્વાધ્યાયખંડમાં મણિભાઇ પ્રજાપતિએ યોગ્ય રીતે જ આચાર્યશ્રીના સંશોધનવિષયક 'વિચારમૌક્તિકો' આપ્યા છે. વર્ષો પહેલાં જયંત કોઠારીએ તેમના સંશોધન-સંપાદનકાર્યના અનુભવોના પરિપાકરૂપે સાહિત્યિક તથ્યોની માવજત નામનું પુસ્તક લખ્યું હતું. આ વિષયના અભ્યાસીઓ માટે તે ઘણું ઉપયોગી બન્યું છે. સંશોધન-સંપાદનની સૈદ્ધાન્તિક સમજ આપતાં અનેક પુસ્તકો અંગ્રેજી, હિન્દી જેવી ભાષાઓમાં ઉપલબ્ધ છે પણ તેનાં વ્યવહારુ પ્રશ્નોની ચર્ચા કરતાં પુસ્તકોની સંખ્યા ઘણી અલ્પ છે. ખરી ઉપયોગિતા આવા પુસ્તકોની જ હોય છે. આચાર્ય શીલચંદ્રસૂરિના વિવિધ નિમિત્તે લખાયેલા સંશોધનવિષયક લખાણોને એકત્ર કરીને તેને એક સળંગ પુસ્તકરૂપે પ્રકાશિત કરાય તો સંશોધકો-અભ્યાસીઓને ઘણાં ઉપયોગી નીવડશે. કેમકે, અહીં આચાર્યશ્રીનો સ્વાનુભવ બોલે છે. જે બોલ્યા છે એ પણ અનુસન્ધાન સામયિકના મુદ્રાલેખ **मोहरिते सच्चवयणस्स पलिमंथू (स्थानांग सूत्र)** ને વળગી રહીને તેઓ ચાલ્યા છે.

શ્રી જયંત મેઘાણીએ એક સરસ સૂચન અનુસન્ધાનના અંકો ઇન્ટરનેટ પર મૂકવાનું કર્યું છે. આપણા માટે આનંદની વાત એ છે કે જૈન ઇ-લાઈબ્રેરીમાં અનુસન્ધાનના ઘણાં અંકો તેમ જ આચાર્યશ્રીના સમુદાયના કેટલાક અન્ય ગ્રંથો પણ ઇન્ટરનેટ પર મુકાયા છે.તેમ છતાંય શ્રી જયંત મેઘાણીની વાતનો બરાબર અમલ થાય એ જરૂરી છે. સાધુઓને પ્રસિદ્ધિનો મોહ ન હોય એ સમજી શકાય છે પણ તેમનું ઉત્તમ અને ઉપયોગી કાર્ય બહોળા વર્ગ સુધી પહોંચે તે જરૂરી છે. આ માટે શ્રેષ્ઠ વિકલ્પ જયંતભાઇ કહે છે તેમ ડિજિટલ મીડિયા છે. જૈન તપસ્વીઓ ડિજિટલ મીડિયાથી દૂર રહે પણ આ બાધ તેમના સંસારી અનુયાયીઓ-પ્રશંસકોને લાગુ પડતો નથી. આથી આચાર્યશ્રીના સંસારી અનુયાયીઓ-પ્રશંસકો અનુસન્ધાનને ઇન્ટરનેટ પર મૂકવાની કામગીરી માથે લઇ શકે છે. ખરી રીતે તો અનુસન્ધાન સામયિક અને આચાર્યશ્રીના સમુદાયનાં નામે વેબસાઇટ બનાવીને તેમાં અનુસન્ધાન ઉપરાંત આચાર્યશ્રીના સમુદાયનાં પુસ્તકો, વીડિયો, ઓડિયો વગેરે મૂકી શકાય. ફેસબુક, વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પર તેના પ્રચાર-પ્રસારની કામગીરી પણ થઇ શકે. હાલ ઇન્ટરનેટ પર સંસ્કૃત, પ્રાચ્યવિદ્યા (ઇન્ડોલોજી) વગેરે ક્ષેત્રના વિદ્વાનોના અનેક ગ્રુપ ચાલે છે. તેમાં અભ્યાસીઓ માહિતીની આપલે, ચર્ચાવિચારણા કરે છે. અનુસન્ધાનની માહિતી આવા ગ્રુપો સુધી પહોંચે તો પ્રત્યેક સંશોધક-સંપાદક જેની રાહ જોતો હોય છે, એવો પ્રતિભાવ પણ તેમને મળી શકશે.

આ અંક નિમિત્તે અનુસન્ધાનની દોઢસો નકલ વિશે પણ ટિપ્પણી કરાઇ છે. મારી માન્યતા પ્રમાણે અનુસન્ધાન, સંબોધી કે સ્વાધ્યાય જેવા રિસર્ચ જર્નલની મર્યાદિત નકલો બહાર પડતી હોય તો તે કોઇ અફસોસનું કારણ નથી. મહત્ત્વનું એ છે કે તેમનો વાચકવર્ગ કોણ છે? આ બધાં સામયિકોના જેટલાં પણ વાચકો હશે એ પૈકીના ઘણાંખરા પોતપોતાના ક્ષેત્રના નિષ્ણાતો હશે. તેમના અભિપ્રાયોનું એક મૂલ્ય હશે. એ અર્થમાં તેમને ઑપિનિયન-મેકરો પણ કહી શકાય. એટલે સામાન્ય સામયિકની બે-પાંચ હજાર નકલોની સામે આ ઑપિનિયન-મેકર વાચકવર્ગનું વજન સમાજમાં વધારે પડે છે એ વાત આપણે ભૂલવી ન જોઇએ.

અનુસન્ધાન સામયિકના ૭૫ અંકો પર નજર નાખીશું તો તેની કેટલીક મહત્ત્વની ઉપલબ્ધિઓનો ખ્યાલ આવશે. એક તો, સંશોધનાત્મક સામયિકોના દુકાળવાળા રાજ્યમાં તેણે એક મોટી ખોટ આંશિક રીતે ભરી છે. બીજું કે, વિવિધ જ્ઞાનભંડારો કે ગ્રંથભંડારોમાં દટાયેલી નહિ, તોય દબાયેલી હસ્તપ્રતો સહિતની સામગ્રીને તેણે પ્રકાશમાં આણવાનું પુણ્યકાર્ય કર્યું છે. ગુજરાતી ભાષા, સમાજ અને સંસ્કૃતિમાં જૈનોનું પ્રદાન ઘણું મહત્ત્વનું છે. ગુજરાતી ભાષાના ઇતિહાસની મહત્ત્વની સામગ્રી જૈન સાહિત્યમાં સચવાઇ છે. જો જૈનસાહિત્ય ન હોત તો ગુજરાતી ભાષાનો ઇતિહાસ કેવી રીતે લખી શકાયો હોત એ એક પ્રશ્ન છે. અનુસન્ધાન આવી મહત્ત્વની પણ અલ્પજ્ઞાત હસ્તપ્રતોને પ્રકાશમાં લાવવાનું કામ કરી રહ્યું છે. આ ૭૫મા અંકના બીજા ખંડમાં કેટલીક હસ્તપ્રતો ઇત્યાદિના સંપાદિત પાઠો પ્રકાશિત થયા છે. તેમાં આચાર્ય શીલચંદ્રસૂરિ સંપાદિત મુનિ સંવેગદેવરચિત પિણ્ડશુદ્ધિ બાલાવબોધ પ્રકાશિત કરાઇ છે. સંપાદકે નોંધ્યું છે તેમ આ બાલાવબોધમાં ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની સામગ્રી મળે તેમ છે. આ દૃષ્ટિએ બાલાવબોધોના મહત્ત્વનો પણ તેમણે નિર્દેશ કર્યો છે. ગુજરાતી ભાષાના ઐતિહાસિક અભ્યાસમાં આવી બાલાવબોધો ઘણી ઉપયોગી છે. ષડાવશ્યક બાલાવબોધનો સદ્ગત ડૉ. પ્રબોધ પંડિતે કરેલો અભ્યાસ નમૂનેદાર ગણાયો છે.

ત્રીજી મહત્ત્વની ઉપલબ્ધિ એ આ નિમિત્તે સંશોધકો-સંપાદકોની એક નવી પેઢીનું ઘડતર છે. ત્રૈલોક્યમણ્ડનવિજય, કલ્યાણકીર્તિવિજય કે વિમલકીર્તિવિજય જેવા અનેક સંશોધકો-અભ્યાસીઓ સાથે આપણો પરિચય અનુસન્ધાનના કારણે થયો. આ મુનિઓ જે કામ કરી રહ્યા છે તે ખરેખર આદર ઉપજાવે તેમ છે. ત્રૈલોક્યમણ્ડનવિજયજીએ છેલ્લા કેટલાક વખતથી શ્રી સિદ્ધસેનદિવાકરરચિત સન્મતિતર્કપ્રકરણ પર ન્યાયપંચાનન અભયદેવસૂરિપ્રણીત તત્વબોધવિધાયિની વૃત્તિના કેટલાક મહત્વના મુદ્દાઓની ચર્ચા રસમય અને સરળ શૈલીમાં પહેલા ગુજરાતી અને હવે હિન્દીમાં ચાલુ કરી છે. હિન્દીમાં લખવાનો તેમનો નિર્ણય યોગ્ય જ છે. તેનાથી વાચકવર્ગ બહોળો બને છે. વળી, આવા વિષયનો વાચકવર્ગ ગુજરાતીમાં નહિવત છે જ્યારે હિન્દી, મરાઠી, બંગાળી જેવી ભાષાભાષી રાજ્યોમાં વ્યાકરણ,

તર્ક વગેરેનું અધ્યયન-અધ્યાપન ઉચ્ચ કક્ષાએ પણ થાય છે. શીલચંદ્રજી અને તેમના કેટલાક શિષ્યોનાં લખાણો વાંચતા જ જે તે વિષયના તેમનાં પારદર્શક પાંડિત્યનો ખ્યાલ આવે છે. તેમને સહજ ઉપલબ્ધ અભિવ્યક્તિની સરળતા અને પ્રાંજલતા વિષયના આરપાર પાંડિત્ય વિના સંભવે નહિ. ક્લિષ્ટતાનો જન્મ જ અધકચરા જ્ઞાનમાંથી થાય છે.

સંશોધન-અધ્યયન જેમના વ્યવસાયનો એક અનિવાર્ય હિસ્સો છે એવા અધ્યાપકોએ આ મુનિઓ પાસે શીખવાનું છે અને એ પહેલાં એમની પાસે પ્રેરણા લેવાની છે. ગુજરાત અને ગુજરાત બહાર સતત વિહારમાં રહેતા જૈન મહારાજસાહેબોએ વિવિધ શાસ્ત્રોના સ્વાધ્યાય અને ગુજરાતી ભાષામાં તેમને સમજાવતાં ગ્રંથોનું જે આલેખન કર્યું છે તે મોટી મોટી યુનિવર્સિટીઓના મોટા મોટા પ્રોફેસરોને પણ લઘુતાનો બોધ કરાવે તેવી છે.

ઉપાધ્યાય ભુવનચંદ્રજીના વિહંગાવલોકનો એ વળી એક વધારાની ઉપલબ્ધિ છે. ભુવનચંદ્રજી જે ઝીણવટથી વાંચીને પોતાની ટિપ્પણીઓ કે ક્ષતિપૂર્તિ ચીંધતા હોય છે તે ખરે જ વિસ્મયકારી છે.

અનુસન્ધાનના ૭૫ અંકોમાંથી કેટલીક વિશિષ્ટ સામગ્રી અલગ તારવીને તેને પુસ્તકકારે પ્રસિદ્ધ કરી શકાય. સામયિકોની ગતિ ટીવી સિરિયલો જેવી હોય છે. જ્યાં સુધી તે પ્રસારિત થતી હોય ત્યાં સુધી તે લોકમાનસમાં ઉપલબ્ધ રહે અને પછી તેને શોધવામાં તકલીફ પડે. જ્યારે પુસ્તકોનું કામ ફિલ્મો જેવું છે. ૧૦૦ વર્ષ પહેલાંની ફિલ્મ પણ સરળતાથી મળી રહે છે. સામયિકનો જૂનો અંક શોધવો એટલે કોઈ ટીવી સિરિયલનો જૂનો એપિસોડ શોધવા જેવું જ અઘરું કામ બને છે. (જોકે હવે યૂટ્યુબના કારણે પરિસ્થિતિ થોડી બદલાઈ છે.)

અનુસન્ધાન ૪૯માં ભોજનવિચ્છતિ નામની જૂની અપદ્યાગદ્ય રચના પ્રકાશિત થઈ છે. એ યુગના ભોજનવ્યવહારની ઝાંખી કરવા આવી રચનાઓ ઉપયોગી નીવડી શકે. કોઈ સંશોધકને Archaeology of Culinary Taste in Gujarat જેવા કોઈ વિષય પર કામ કરવું હોય તો આવી રચનાઓનો અભ્યાસ કર્યા વિના તેને ચાલવાનું નથી.

જૈન આચાર્યોના વિદ્યાકીય પ્રદાન અંગેની મારી સંશોધન કામગીરીમાં મેં એક મોટી મુશ્કેલી એ અનુભવી કે જૈનોના વિવિધ સમુદાયો વચ્ચે સંકલનનો સદંતર અભાવ છે. એક આચાર્ય જે કામ કરતા હોય તેની જાણ ઘણી વાર બીજા સમુદાયને પણ હોતી નથી. આવા સંજોગોમાં અજૈન અભ્યાસીઓની સ્થિતિ કલ્પવી અઘરી નથી. આ વાત હું અગાઉ અન્ય નિમિત્તે કરી ચૂક્યો છું. અનુસન્ધાન સામયિકે નવાં પ્રકાશનોની સમીક્ષાઓ દ્વારા આ દિશામાં સ્તુત્ય પગલું ભર્યું છે.

આચાર્ય શીલચંદ્રસૂરિનો શિષ્ય સમુદાય સતત અભ્યાસરત રહેનારો છે. તેમની પાસેથી કેટલાંક ઉત્તમ સંપાદનો-સ્વાધ્યાયો આપણને મળ્યાં છે. કહાવલી જેવા મહત્ત્વના ગ્રંથનું પ્રકાશન એ તેમની નોંધપાત્ર કામગીરી છે તો હેમચંદ્રાચાર્યના સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણગ્રંથ પરની ઢંઢિકા નામની વિસ્તૃત વ્યાખ્યાનું તેમનું સંપાદન વ્યાકરણના અભ્યાસીઓ પર મોટા ઉપકાર સમાન છે, પણ તેમની શિરમોર કામગીરી તે સિદ્ધ હેમશબ્દાનુશાસનના ઉદાહરણોનો કોશ છે. આતો વળી બહુ મહત્ત્વનું કામ કહેવાય. પાણિનિના વ્યાકરણનો આવો કોશ થયો છે પણ તેને તૈયાર કરવામાં ભારત અને ફ્રાન્સના વિદ્વાનો ભેગા મળ્યા હતા અને બંને દેશોની સરકારે તેમને મોટી ગ્રાન્ટ આપી હતી. **જ્યારે આપણા આ આચાર્યોએ સંયમમાર્ગનું ચુસ્ત પાલન કરતાં સતત વિહારમાં રહીને ટાંચાં સાધનો વડે આ કામ કર્યું છે** તેની આપણે જેટલી પ્રશંસા કરીએ તે ઓછી ગણાય.

આચાર્યશ્રી અને તેમના શિષ્યસમુદાયની સંશોધનપ્રીતિના પરિપાકરૂપ અનુસન્ધાન સામયિક આવી જ રીતે ૭૫ વર્ષ પૂરાં કરે અને વિદ્વદજગતને તેઓ સતત લાભાન્વિત કરતા રહે તેવી અભ્યર્થના.

❑❑❑

ફોન નં. ૯૮૭૯૩૫૬૪૦૫

# બે પાંદડાં

**ગુલાબ દેઢિયા**

**આ** સોના પાછોતરા દિવસો છે. શરદનો સૂર્ય તપી રહ્યો છે. ખેતરોમાં એ તાપની ખરી કદર હશે. દિવાળી પાંચેક દિવસો જેટલી જ દૂર છે.

હું એવા ઘરમાં રહેવા આવ્યો છું જ્યાં દાયકાઓ જૂનાં વૃક્ષો ઊભાં છે. ઘરની સામે ઊંચું મકાન છે. અહીં તડકો ધોધ રૂપે નહિ પણ ચળાઈને, ગળાઈને આવે તો આવે. નર્યો છાંયડો જ છાંયડો છે. તડકા વગર અસુખ લાગે છે.

મધ્યાહ્ને તડકાનો એક નાનકડો ટુકડો ઘરના બારણે પથરાયો. બાળમંદિરના શિશુના આસનિયા જેટલો તડકો! શરદના આ દુર્લભ તડકાનું શું કરવું એ વિચારતાં થયું કે કૂંડાના છોડને તડકો ચખાડું. તડકો વરસે અને છોડ એને અંગીકાર કરે એ રીતે કૂંડો ગોઠવ્યો.

છોડને ખબર નહોતી કે આજે એ તડકાની સન્મુખ થશે. એને તો આગોતરી દિવાળી થઈ ગઈ.

છાંયડાને કારણે, દીવાલોને કારણે એક પાલવભર તડકા સિવાય ઝાંખું અંધારું હતું.

પથ્થરકુટીના છોડમાં પાંચ સાત નાનાં મોટાં પાન છે. તડકો અને પાનનું મિલન. મિત્રો મળ્યા જેવો અવસર. સ્પર્શી શકાય એવી ખુશાલી છલકે છે. જાડાં નરમ પાન તડકે અંગોળ કરી રહ્યાં

છે. માથાબોડ સ્નાન જાણે.

દૃષ્ટિ પહોંચે ત્યાં મેદાનોમાં, ખેતરોમાં, સીમમાં, પર્વતના ઢોળાવ પર અને જળરાશિ પર તડકો જ તડકો જોયો છે... અને તડકો ન ખમી શકાય, છાંયડા માટે ફાંફાં મારવા પડે એવો જોરાવર તડકો વેઠયો પણ છે. આજના આ ખોબાભર કૂણા તડકાની કિંમત કંઈ ઓર જ છે.

અંદરનો બેઠક ખંડ જરાક અંધારિયો છે. હું ત્યાં બેઠો છું પણ તડકા અને છોડના મેળાપને નીરખવા ઉત્સુક છું. આ તો નર્યું કૌતુક! બરાબર પેલાં સહેજ જાડાં ઘટ્ટ લીલાં પાન પર તડકાનો અભિષેક થઈ રહ્યો છે. તડકો પાનની આરપાર નીકળે છે. એ પ્રકાશથી લીલાં પાન ઝળહળી ઊઠે છે. પહેલાં જેને ઝાંખો લીલો રંગ માની ધ્યાન નહોતું આપ્યું એ પાન એવાં રૂડાં લાગે છે કે દોડી જઈને એ ઝાંય આંખમાં આંજી લઉં. મનોહર લીલો રંગ પી જાઉં. તડકા અને પાનની ગોષ્ઠિ લોભામણી છે. પાસે જઈને કાન દેવાનું મન થાય છે, પણ એ ઝીણી છાની વાતો સંભળાય તો થઈ રહ્યું! હોઠ હલતા નથી. શું તડકો પાનની લીલપ નહીં પીતો હોય?

હવે મારું ધ્યાન એ પ્રફુલ્લિત પાન અને એને ચમકાવતા, રમાડતા અને સજાવતા તડકા પર છે. ખબર છે, જરા વારમાં આ તડકો હટી જશે. એ કિરણો બીજે જશે. આ જોજનો દૂર સૂર્ય એનો ચપટી તડકો અહીં એક છોડની દાંડી બે ચાર પાન અને એમનું એક મિલન, એની રંગછટા અવર્ણનીય ઝાંય મુગ્ધ કરવા પરિપૂર્ણ છે. ઘરના બારણે એક ઘટના, ના; એક ઓચ્છવ.

વૃક્ષોને વનરાજી પર પથરાતા, લસરતા, ચમકતા તડકાને દીઠો છે, પણ આજે તો એક ટચૂકડા પાનનો રંગ ખીલવતા એની સાથે વાતો કરતા તડકાને જોઈ અવાક્ થઈ જવાયું. બચપણમાં રાતે ટોર્ચ હાથ લાગી જાય તો એને આંગળી પર દબાવી ચાંપ દબાવતાં રક્ત-માંસની ગુલાબી ઝાંય જોવા મળતી. આજે બે પાંદડાંની અંદરની દુનિયા દેખાતી હતી. પાનની નાનકડી દાંડી પરની રુંવાટી સહેજ ચમકતી હતી.

બધા તડકાઓ પાછા ફરીને સાંજે સૂરજને પોતાની દિનચર્યા વર્ણવશે. મોટા તડકાઓ મોટી વાતો આદરશે ત્યારે અહીં બપોરે સીધો આવેલો તડકો બે પાન સાથે જામેલી દોસ્તારીની વાત કરવામાં પાછો નહિ પડે.

કાલે બપોરે આ જ જગાએ છોડ અને હું તડકાની રાહ જોઈશું. અંતર જોજનોનું છે. કાલે કોઈ નવો તડકો આવશે. આજનો તડકો બીજે જઈને બે પાંદડાંની વાત કહેશે.

પાંદડા અને તડકાનું રસપાન ચાલ્યું, એમાં પાસે ઊભેલા છાંયડા અને ઝાંખા અંધારની ભૂમિકા પણ નોંધપાત્ર રહી. છાંયડાએ આચ્છાદન કર્યા વગર તડકાનો તાર સાંધવા દીધો. ઝાંખો અંધાર તો મારો મિત્ર બની રહ્યો. એણે આ ટચૂકડા તડકા અને બટુકડા પાનના લીલા ઝળહળને મને જોતો કર્યો. ખુલ્લું અજવાળું હોત તો આ મિત્રમિલન હું ચૂકી જાત.

શરદ પાસે આવા તો ઘણા જાદુ છે.

❑❑❑

ફોન નં. ૯૮૨૦૬૧૧૮૫૨

# ભક્તિમાર્ગની મહત્તા

**પરાગભાઈ શાહ**

**સ**મગ્ર જીવસૃષ્ટિમાં આગવા લક્ષણો ધરાવનાર માનવમાં એક વિશિષ્ટ શક્તિ-પ્રતિભા પણ છે તે છે વિચાર કરવાની તથા તે વિચારોને અભિવ્યકત કરવાની. જેનાથી તે જીવસૃષ્ટિમાં શ્રેષ્ઠ પુરવાર થઈ શકે છે. માણસનો જન્મ થાય, ધીમે ધીમે પોતાની સમજ કેળવાય અને પછી કહેવાતી પરિપક્વતા પામે ત્યારે તેને વિચાર આવે કે આ માનવ-જીવનનો હેતુ શું ? તેનું લક્ષ શું ? આ સૃષ્ટિ પર પોતે આવિર્ભાવ પામ્યો તેનું પ્રયોજન શું ? આવા તો અનેક વિચારોનું તે મનોમંથન કરે છે. ઘણીબધી મથામણ પછી પણ માનવ કોઈ ચોક્કસ તારણ પર આવી શકતો નથી. આમ છતાં સદીઓ જુના ઈતિહાસ અને પુરાણ પર નજર માંડીએ ત્યારે જાણવા મળે છે કે ઘણા માનવજીવ કોઈક અનોખી અને આગવી કેડી કંડારી ગયા, અને તેઓ મહામાનવ પુરવાર થયા તથા ભગવાન તરીકે પુજાતા થયા. જેઓને આપણે રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, મહંમદ, જીસસ વગેરે નામોથી જાણીએ છીએ. આવા પ્રબુદ્ધ જીવો માનવ સમુદાયમાં આદર્શ તરીકે સ્વીકારાયેલ છે. તો હવે પ્રશ્ન થાય કે આ પ્રબુદ્ધ જીવો એવું તે શું પામ્યા ? અથવા તેમનામાં એવું તે શું પ્રગટ થયું ? અથવા તેઓ એવી તે કઈ શક્તિમાં કે અસ્તિત્વમાં વિલીન થયા ? કે હજારો વર્ષ વીતી ગયાં છતાં હજુ પણ આપણે તેઓને 'પરમ' આત્મા માનીએ છીએ!

કોઈ પણ અનુભૂતિને સંપૂર્ણપણે શબ્દમાં વર્ણન કરવું અશક્ય હોય છે. છતાં આપણે તે અનુભૂતિને કોઈક રીતે તો વર્ણવીએ જ છીએ. જેમ કોઈ પ્રાકૃતિક સૌંદર્ય માણીને મજા આવી કે આનંદ થયો તેમ શબ્દોથી કહીએ છીએ પરંતુ તે મજા કે આનંદ સામેની વ્યક્તિ ફકત સાંભળીને માણી શકે ખરો ? તેણે તો તે પ્રાકૃતિક સૌંદર્ય જાતે જ માણવું પડે. તેવી જ રીતે આ મહાનુભાવોને જે અલૌકિક અનુભૂતિ થઈ તેને શબ્દમાં વર્ણવી શકાય નહિ પરંતુ તેનું વર્ણન કરવાના પ્રયત્નરૂપે શાસ્ત્રોની રચના થઈ. પરંતુ અનુભવને શબ્દદેહ આપવો અશક્ય છે તેથી આ શાસ્ત્રો આપણને અનુભૂતિ નહીં પણ દિશાસૂચન કરી શકયા અથવા બોધ કરાવી શકયા. હવે આ દિશામાં પ્રયાણ કરવું અને બોધ પામીને તેનો અનુભવ કરવા

માટે તો આપણે જાતે જ પ્રયત્ન કરવો પડશે. આ અનુભવ કેવી રીતે કરવો ? અથવા કાંઈક અલૌકિક પામવા શું કરવું ? અથવા પરમને પ્રગટ કેવી રીતે કરવો ? અથવા કોઈક વિરાટમાં વિલીન કેવી રીતે થવું ? તે બધાનું માર્ગદર્શન શાસ્ત્રા દ્વારા મળે છે. આ શાસ્ત્રોનો ગહન અને વિશાળ અભ્યાસ કદાચ આપણે ના પણ કરી શકીએ તેથી આજે આપણે મારી સીમિત ક્ષમતાવાળી સામાન્ય સમજ સાથે એની વાત કરીશું.

આટલી ભૂમિકા પછી હવે કદાચ આપણે એવા તારણ પર આવી શકીએ કે આ માનવજીવનનો હેતુ પરમના પરિચયનો હોઈ શકે તથા લક્ષ મહામાનવ થવાનું હોઈ શકે ! પરમનો પરિચય પામીને મહામાનવ થવા માટે સામાન્ય રીતે અથવા પ્રાથમિકતાથી જોઈએ તો આપણે જેને મુખ્ય ગણી શકીએ તેવા ત્રણ માર્ગોનું દિશાસૂચન શાસ્ત્રોમાં મળે છે - કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. આ ત્રણે માર્ગો તદ્દન ભિન્ન હોવા છતાં એક જ લક્ષ સુધી પહોંચે છે. અને તે ભિન્ન હોવાના કારણે જ લક્ષ સુધી પહોંચવા આપણે તે ત્રણમાંથી એક સાથે બે કે ત્રણ માર્ગોને અનુસરી શક્તા નથી. કોઈ એક માર્ગને અનુસરીને જ લક્ષ સુધી પહોંચવું હિતાવહ છે. જો એક સાથે બે કે ત્રણ માર્ગને અનુસરવાની કોશિશ કરીશું તો તેમાં ને તેમાં જ ગૂંચવાઈને રહી જઈશું ! આમ પણ મોટાભાગે માણસની જુદી જુદી સમજ અને ક્ષમતાને અનુલક્ષીને જોઈએ તો કોઈ પણ વ્યક્તિ લગભગ ઉપરોક્ત ત્રણમાંથી કોઈ એક માર્ગને જ દૃઢપણે સમર્થન કરતો જોવા મળે છે. દરેક વ્યક્તિની પોતાની અલગ જ માન્યતા હોય છે અને તે મુજબ જ તે કોઈ એક માર્ગને અનુસરતો હોય છે. છતાં જો કોઈ બુદ્ધિનો વધારે ઉપયોગ કરીને અથવા અજ્ઞાનવશ બે કે ત્રણ માર્ગને અનુસરવા જાય તો, તે ક્યાં તો ઠોકર ખાય છે - ક્યાં તો ભૂલો પડે છે - ક્યાં તો લક્ષ પામ્યાના ભ્રમમાં પડે છે.

જ્યાં સુધી આપણે જન્મ-મરણના ફેરામાં છીએ ત્યાં સુધી કોઈ પણ જીવને અડચણરૂપ બન્યા વગર પોતાના જીવનને સાત્ત્વિક રીતે ભોગવવાના પ્રયત્ન સાથે મુક્તિ અથવા મોક્ષના લક્ષને પાર પાડવાનો ભગીરથ પ્રયાસ કરતાં રહેવું તેવી ઉચ્ચ ભાવના દરેક માણસમાં ઓછે-વત્તે અંશે હોય જ છે. આપણે આ ભાવનાને સાર્થક કરવા માટે કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગને અનુસરતા હોઈએ છીએ.

કર્મમાર્ગને સમર્થન આપનાર, કર્મના સિદ્ધાંતમાં માનનાર માણસ કર્મસત્તાને જ સર્વોપરિ માને છે. તે માને છે કે કરેલા દરેક કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. સારાં કર્મોનું સારું ફળ અને ખરાબ કર્મોનું ખરાબ ફળ મળે છે. સામાન્ય સમજ પ્રમાણે સારાં કર્મો એટલે પુણ્ય અને ખરાબ કર્મો એટલે પાપ. માટે જો માણસે સારી રીતે અને સુખેથી જીવન વ્યતિત કરવું હોય તો સારા કર્મો એટલે કે પુણ્યકર્મો કરવા જોઈએ અને ભૂતકાળના કે ગતજન્મોનાં ખરાબ કર્મો એટલે કે પાપકર્મોનું ફળ શાંતચિત્તે ભોગવવું જોઈએ. હવે મુક્તિ માટે તો કોઈક ચોક્કસ ભૂમિકાએ પહોંચીને નિષ્કામ કર્મ કરતાં જવું જોઈએ. એટલે કે સારી-ખોટી કોઈ પણ ઈચ્છા કે ભાવના વગર કર્મ કરવું જોઈએ. જેથી તે કર્મોનું કોઈ પણ સારું કે ખોટું ફળ ભોગવવાનું આવે નહિ અને કાળક્રમે બાકી રહેલાં કર્મો ભોગવાઈ ગયા પછી મુક્તિ પામી શકાય. શ્રીકૃષ્ણએ ગીતામાં તથા જૈન શાસ્ત્રો કર્મગ્રંથમાં ખૂબ છણાવટથી અને સરળ રીતે આ વિષે કહેલું છે, તે સર્વવિદિત છે.

જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે, જ્ઞાન એ જ સર્વોચ્ચ દશા છે અને જ્ઞાન પામવું એ જ મુક્તિ કે મોક્ષ છે તેવું જ્ઞાનમાર્ગી માણસ દૃઢપણે માને છે. જ્ઞાન મેળવવા-પામવા માટે આવા મનુષ્યો પોતાનું સઘળું દાવ પર લગાવવા તત્પર હોય છે. સંસારનો ત્યાગ કરીને ખૂબ આકરી સાધના કરતાં હોય છે. તેઓ શાસ્ત્રોનો અભ્યાસ, તપસ્યા, એકાંત સાધના, ધ્યાન, સમાધિ વગેરેમાં લીન થયેલા જોવા મળે છે. તેઓ પરમાત્માને સિંધુ અને આત્માને આ સિંધુનું જ બિંદુ માને છે. આ બિંદુમાં સિંધુના સર્વ ગુણો છે જ માટે તેઓ આત્માને પરમાત્માનો અંશ માનીને આત્માને સાધવામાં લાગેલા હોય છે. આ જ્ઞાનમાર્ગ એટલો કઠિન છે કે સમયાંતરે મનુષ્ય મોટેભાગે એક ભ્રમ ઊભો કરી દે છે કે, ''મેં આત્મા સાધી લીધો અને જ્ઞાન પ્રાપ્ત કરી લીધું, હવે હું જ બ્રહ્મ છું, અહમ્ બ્રહ્માસ્મિ.'' મુક્તિ માટે આ બહુ મોટું ભયસ્થાન છે. ઘણીવાર અહીં જ્ઞાન સાધવા જતાં અહંકાર વધતો જોવા મળે છે અને મનુષ્ય ઉચ્ચતા પામવાને બદલે કયારેક ઊંડી ખાઈમાં ગરકાવ થઈ જાય છે. છતાં જે મનુષ્ય અહંકારને નિર્મૂળ કરીને સાધના કરે છે અને સાક્ષીભાવથી શરીર અને આત્મા જુદા છે તેવું ભેદજ્ઞાન પ્રાપ્ત કરે છે તે પોતાના અહમ્‌ને એટલે કે પોતાના સાચા ''હું'' આત્માને, અર્હમ્ એટલે પરમાત્મા સુધી પહોંચાડવાની યાત્રા સફળતાથી પૂરી કરી શકે છે. મહાવીર, બુદ્ધ જેવા ઘણા મહામાનવોએ પોતાના જીવનથી આને સિદ્ધ કરી બતાવ્યું છે.

ઉપરના બંને માર્ગોમાં મહદ્ અંશે અનઈશ્વરવાદ સમાયેલો છે. તેમાં ઈશ્વરને કોઈ જુદું અસ્તિત્વ માનવામાં આવ્યું નથી. એટલે કે અદ્વૈતવાદને સમર્થન આપે છે. તત્ ત્વમ્ અસિ. જ્યારે ભક્તિમાર્ગમાં માનનાર મનુષ્ય દ્વૈતમાં માને છે. પોતે અને ઈશ્વર જુદા છે, ઈશ્વર જ સર્વસત્તાધીશ છે, ઈશ્વર આ સૃષ્ટિનો રચયિતા છે, ઈશ્વર આપણા સૌનો માલિક છે - તેમ માનીને ઈશ્વરને સમર્પિત થવાનો પ્રયત્ન કરે છે. ઈશ્વરને શરણે જઈને તેનું દાસત્વ સ્વીકારીને અહોભાવ પ્રગટાવે છે અને ઈશ્વર જે કરાવે તેને પૂર્ણ રીતે સ્વીકારીને તેને ચરણે પોતાનું જીવન ધરી દે છે. ઈશ્વરની સામે પોતાના અસ્તિત્વને મિટાવી દે છે અને ઈશ્વરની શરણાગતિમાં જ પોતાની મુક્તિ માને છે. ગોપીઓ, મીરાંબાઈ, નરસિંહ, હનુમાન વગેરે અનેક ઉદાહરણોથી આ જોઈ શકાય છે. આવા ભક્તિમાર્ગને થોડા વિશેષ સ્વરૂપે જોઈએ.

ભક્તિ શું છે? ભક્તિ પરમ પ્રેમરૂપ છે, પ્રસાદરૂપ છે, અનંતના આંગણે નૃત્ય છે. ભક્તિ એ ઉદાસી નહીં ઉત્સવ છે - અહોભાવ છે - આનંદ છે.....અને પરમાત્મા શું છે ? પરમાત્મા એ આપણે જે થઈ શકીએ છીએ તેની પૂર્ણતા છે.

હવે સ્થૂળ સાથે સરખાવીને જોઈએ. ઊર્જાના ત્રણ રૂપ વર્ણવી શકાય, બીજ-વૃક્ષ-ફૂલ. બીજ જ્યાં સુધી ફૂલ ન થાય ત્યાં સુધી તૃપ્તિ સંભવ નથી. ફૂલ ન થાય ત્યાં સુધી હજુ આગળ, હજુ વધારે વિકાસ... અને ફૂલ થઈ ગયું એટલે તૃપ્ત. બસ, પછી ખરી જવાનું-મીટી જવાનું. બીજમાં કાંઈ પણ પ્રગટ નથી. વૃક્ષમાં બધું પ્રગટ થઈ ગયું પરંતુ પ્રાણ હજુ અપ્રગટ છે. અને પછી ફૂલ.....ફૂલમાં પ્રાણ પણ પ્રગટ છે. તેની પાંખડીઓ ખીલી ગઈ, સુગંધ-ફોરમ આવવા લાગી, આ સુગંધ આકાશમાં ફેલાવા લાગી - આકાશ સાથે મિલન થયું.....અનંતની સાથે એકતા થઈ ગઈ. બસ તૃપ્ત.

બીજ એ કામના એટલે કે ઈચ્છા છે, વૃક્ષ એ પ્રેમ છે અને ફૂલ એ ભક્તિ છે. કામના, પ્રેમ અને ભક્તિ એ શરીર, મન અને આત્મા છે. બીજ એટલે કે કામના એટલે કે શરીર બરફના ચોસલા જેવું છે, સીમાબદ્ધ છે તે ચોક્કસ સીમાથી બંધાયેલ છે. બરફ જ્યારે પીગળે ત્યારે પાણી છે, મન પાણી જેવું છે તેની સીમા પ્રવાહીત છે, બંધાયેલ સીમા નથી. મનને જેમ ઢાળીએ તેમ ઢળે, જેવી રીતે પાણીને જેમ વાળીએ તેમ વળે. આ વૃક્ષ છે - પ્રેમ છે. હવે આ પાણી વરાળ બનીને આકાશમાં ઊડી જાય ત્યારે તેને પ્રવાહીત કે તરલ કોઈ સીમા નથી રહેતી. તે આકાશમાં ફેલાઈ ગઈ - અસીમ બની ગઈ - નિરાકાર બની ગઈ - અદૃશ્ય થઈ ગઈ - આત્મા વરાળ જેવો છે.

કામના ક્ષણભંગુર છે, પ્રેમ થોડો વધુ ટકે છે કદાચ જીવનભર રહે છે અને ભક્તિ શાશ્વત છે. કામનામાં શરીરનું શરીરથી મિલન છે. પ્રેમમાં મનનું મનથી મિલન છે અને ભક્તિમાં આત્માનું એટલે કે નિરાકારનું નિરાકારથી મિલન છે. ભક્તિ એ અનુભૂતિ છે તે શબ્દોથી કે તર્કથી નહીં પરંતુ સ્વાદથી સમજાય છે. જેમ સાકરના ગળપણને શબ્દથી નહીં પરંતુ તેના સ્વાદથી જ સમજી શકાય છે.

શ્રીનારદજીએ ભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા કરતાં શરૂઆતમાં જ કહ્યું છે કે, ''ભક્તિ તેના પ્રતિ પરમ પ્રેમરૂપા છે અને અમૃત સ્વરૂપા છે. આવી ભક્તિને પામીને મનુષ્ય સિદ્ધ થઈ જાય છે, અમર થઈ જાય છે, તૃપ્ત થઈ જાય છે. એ ભક્તિને પામીને મનુષ્ય કોઈ ઈચ્છા નથી કરતો, દ્વેષ નથી કરતો, ક્યાંય આસક્ત થતો નથી કે કોઈ વિષય-ભોગોમાં ઉત્સાહ નથી કરતો. આ ભક્તિને જાણીને મનુષ્ય ઉન્મત્ત, સ્તબ્ધ અને આત્મારામ થઈ જાય છે.'' ભક્તિની આ વ્યાખ્યાથી વિશેષ આગળ ઘણું કહેવાયું છે પરંતુ આજે આપણે ફક્ત આ વ્યાખ્યાને સમજવા પ્રયત્ન કરીએ.

સૌપ્રથમ કહે છે : ''ભક્તિ તેના પ્રતિ પરમ પ્રેમરૂપા છે અને અમૃત સ્વરૂપા છે.''

કામના-પ્રેમ-ભક્તિમાં પ્રેમ એ કામના અને ભક્તિની વચ્ચે એક સેતુરૂપ છે. પરમપ્રેમ એટલે ફક્ત પ્રેમ જ્યાં હું અને તું નથી. ભક્તિ ''તેના'' પ્રતિ પરમ પ્રેમરૂપા છે. જ્યાં હું એટલે કે અહંકાર મટી જાય છે - રહેતો જ નથી તેને તો મૃત્યુ કેવું ? એથી જે પરમ પ્રેમરૂપ છે તેનું મૃત્યુ નથી તે અમૃત છે - અમૃત સ્વરૂપા છે.

આગળ કહે છે : ''આવી ભક્તિને પામીને મનુષ્ય સિદ્ધ થઈ જાય છે.'' સિદ્ધ એટલે જે થઈ શકે તેમ હતું તે થઈ ગયું. બીજ હવે ફૂલ થઈ ગયું. સિદ્ધનો અર્થ એ છે કે આપણે સ્વભાવને પામ્યા - પોતાના સ્વરૂપને પામ્યા. જેની અનંતકાળથી શોધ કરતાં કરતાં ભટકી રહ્યા હતા તે પરમ મંદિરમાં પહોંચી ગયા.

છેલ્લે કહે છે : ''આ ભક્તિને જાણીને મનુષ્ય ઉન્મત્ત, સ્તબ્ધ અને આત્મારામ થઈ જાય છે.'' આવી ભક્તિને જાણીને મનુષ્ય આનંદથી ઉભરાઈ જાય છે. ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ વગેરેની જેમ ઉન્મત્ત થઈને નાચવા લાગે છે. શરણું મળ્યાનો આનંદ-અહોભાવ પ્રગટાવે છે. પરમની વિરાટ વ્યાપકતાથી સ્તબ્ધ થઈ જાય છે-અવાક થઈ જાય છે-શાંત થઈ જાય છે. આ સ્તબ્ધતા માટે યોગી સાધના કરે છે જ્યારે ભક્તની ઉપર આ સ્તબ્ધતાની વર્ષા થાય છે. ભક્તને આ સ્તબ્ધતા પ્રસાદની જેમ મળે છે.

હવે, રામ શબ્દનો ગૂઢાર્થ સમજીએ. ''ર'' અક્ષર એ પંચતત્ત્વોના બીજાક્ષરોમાં અગ્નિબીજ મનાય છે. 'ર'કાર ઊર્જા ઉત્પન્ન કરે છે. તે અગ્નિનું પ્રતીક છે, જેના દ્વારા જ્યોતિનો આવિર્ભાવ થાય છે. આ 'ર' ની સાથે ''આ'' લાગે છે તે આદિત્ય એટલે સૂર્ય તરીકે ગ્રહણ કર્યો છે જે તેજસ્વી છે અને અંધકારનો શત્રુ છે. એટલે ''રા'' એ અગ્નિની સાથે તેજનું સંયોજન છે. ઊર્જા ઉજ્જવળ બને છે અને તે અસીમ-અમાપ શક્તિનો દ્યોતક બને છે. તેને હવે ''મ'' લાગે છે. ''મ''ને ચંદ્રમાનો વાચક મનાય છે. ચંદ્રમા શીતળ છે - શીતળતા અને સૌમ્યતા બક્ષનાર છે. આવી રીતે ''રામ''માં જ્યાં અગ્નિની પ્રખરતા અને સૂર્યનું તેજ છે ત્યાં સાથે ચંદ્રની શીતળતા અને સૌમ્યતા પણ છે.

''આ ભક્તિને જાણીને મનુષ્ય ઉન્મત્ત, સ્તબ્ધ અને આત્મારામ થઈ જાય છે.'' ઉન્મત્ત બનીને, સ્તબ્ધતાનો પ્રસાદ મેળવીને હવે આત્મા અને રામ એક થઈ જાય છે - આત્મારામ બની જાય છે. પ્રખરતા, તેજસ્વીતા, શીતળતા અને સૌમ્યતાને પ્રાપ્ત કરે છે.

આવો, આપણે આંખો ખોલીએ, હૃદયને થોડું ઉપર ઊઠવાની છૂટ આપીએ, કામનાને પ્રેમ બનાવીએ, પ્રેમને ભક્તિ બનવા દઈએ. પરમાત્માની પહેલા તૃપ્ત પણ ના થઈએ. આમ કરવામાં બહુ પીડા થશે. વિરહ સાલશે, આ માર્ગમાં બહુ આંસુ પણ પડશે પરંતુ ગભરાઈશું નહિ. કારણ કે જે મળવાનું છે તે અમૂલ્ય છે. આપણે કાંઈ પણ કરીએ - ઘણું બધું કરીએ પણ જ્યારે આપણને તે મળશે ત્યારે ખબર પડશે કે આપણે તો કાંઈ કર્યું જ ન હતું. જે કર્યું તે ના-કર્યા બરાબર હતું. ગભરાયા વગર શ્રદ્ધાથી માનીએ કે,

જ્યાં ભક્તોના ચરણ પડે છે ત્યાં તીર્થ બની જાય છે.

આ પ્રખર-તેજસ્વી-શીતળ-સૌમ્ય શક્તિની પૂર્ણ તન્મયતાથી આત્મજ્યોતિ પ્રગટે છે તેની પરાગ એટલે કે સુવાસ ચોમેર પ્રસરે છે અને મનુષ્ય પોતાના જન્મને સાર્થક કરતા, આત્માને પામવાના અથવા પરમાત્મામાં વિલીન કરી દેવાના અંતિમ ધ્યેયને આંબીને ભવફેરો સફળ બનાવે છે.

આ થયો ભક્તિમાર્ગનો મુશ્કેલીઓને સરળ બનાવતો જતો રાજમાર્ગ.

❑❑❑

ફોન નં. ૯૫૩૭૨૧૫૬૫૬

## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૦૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૦૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૬ થી ૯ ભાગ-૨ | ૨૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| ૧૪. | ગૂર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૫. | પ્રભાવક સ્થવિરો (ભાગ ૧ થી ૬ ઓલીવ) | ૩૫૦ |
| ૧૬. | જૈન ધર્મ દર્શન દર્શન (હિન્દી) | ૩૦૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૭. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૮. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૯. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૦. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૨૧. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૨. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૩. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૪. | જૈન દંડ નીતિ | ૨૫૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૫. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૬. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૭. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| ૨૮. | આગમની વાટે (ભાગ-૧) | ૨૦૦ |
| ૨૯. | યોગસાધના અને જૈન ધર્મ | ૧૦૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૩૦. | સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૩૧. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૨. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૩. | વિચાર નવનીત | ૧૯૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૩૪. | જૈન ધર્મ (ગુજરાતી) | ૭૦ |
| ૩૫. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| ૩૬. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૭. | પ્રભાવના | ૧૨ |
| ૩૮. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૦ |
| ૩૯. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૪૦. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૪૧. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૪૨. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| ૪૩. | ભાવમંજૂષા | ૧૫૦ |
| ૪૪. | કથામંજૂષા | ૧૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૪૫. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૪૬. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૭. | Inspirational Stories of Shravak | ૪૫ |
| | **ડૉ. સેજલબેન શાહ** | |
| ૪૮. | મુઠ્ઠી ભીતરની આઝાદી | ૧૨૫ |
| ૪૯. | પ્રવાસ ભીતરનો | ૧૨૫ |
| | **રેણુકાબેન જે. પોરવાલ** | |
| ૫૦. | The Jain Stupa at Mathura | ૯૦૦ |
| ૫૧. | Arts and Icons | |
| | **મુનિશ્રી ભુવનચંદ્રજી** | |
| ૫૨. | સમણ સુત્તં | ૧૨૦ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો. ૯૧૩૭૭૨૭૧૦૯**

રૂપિયા અમારી બેંકમાં–બેંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, જે.એસ.એસ.રોડ, કેનેડી બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.**

# Gandhiji's Views On Arts, Aesthetics And Culture

**Dr. Varsha Das**

A person who wrapped his body with unstitched cloth, got his head shaved, moved among unprivileged and exploited people, fought for freedom and justice all his life, can he be remotely connected with arts and aesthetics? This description befits only one person in this world, and that is Mohandas Karamchand Gandhi, popularly known as Gandhiji or Bapu. He did have very clear views on art and literature, they were as simple and straightforward as he himself was. He believed that "all true art is always simple and natural." It should be understood by all. There should not be any need for the artist or the writer to explain it to the viewer or the reader.

Gandhiji's views on beauty are connected with human beings and the nature, and that is not limited to what one sees with one's naked eyes. Real beauty according to him is purity of heart. For example he wrote in the journal *Harijan*, dated April 7, 1946 :

"Why can't you see the beauty of colour in vegetables? And then there is beauty in speckless sky. But no, you want the colours of the rainbow which is a mere optical illusion. We have been taught to believe that what is beautiful need not be useful and what is useful cannot be beautiful. I want to show that what is useful can also be beautiful."

Beautiful and useful are not mutually contradictory terms. Rainbow, as we know is an arch showing prismatic colours in their order formed in the sky opposite sun by reflection, double refraction and dispersion of sun's rays in falling drops of rain. It looks beautiful. Even Gandhiji might have found it beautiful. However, since it is not a solid substance, only an optical illusion, it fades away after some time. Gandhiji draws our attention to illusive beauty of rainbow, and not to get trapped by such illusions in our day to day life.

"Truth (*Satyam*) is the first thing to be sought for, and Beauty (*Sundaram*) and Goodness (*Shivam*) will then be added unto you. Jesus was, to my mind, a supreme artist because he saw and expressed Truth; and so was Muhammad, the *Koran*, being the most perfect composition in all Arabic literature—at any rate, that is what scholars say. It is because both of them strove first for Truth that the grace of expression naturally came in and yet neither Jesus nor Muhammad wrote on Art. That is the Truth and Beauty I crave for, live for, and would die for." (*Young India*, 20 Nov., 1924)

Leo Tolstoy (1828—1910), Russian writer and thinker was one of those whom Gandhiji deeply respected. They had never met, their age difference was almost 40 years, but they did write to each other. Tolstoy's book *What is Art? AND Essays on Art* was first published in Russian in 1898. His essays on art were published between 1861 to 1905. The book was translated into English by Aylmer Maude, and was published in 1930. In his Introduction Maude says, "Tolstoy was intensely interested at different times in many different subjects but was always interested in art....It took him fifteen years to elucidate the ideas expressed in *What is Art?*" Tolstoy was no more by the time Gandhiji could lay his hand on this book. However, we do find some similarity in their views on art and beauty. Great thinkers often think alike.

In the second chapter of *What is Art?* Tolstoy says, "What is this strange conception of 'beauty', which seems so simple to those who talk without thinking, but in defining which all philosophers of various tendencies and different nationalities can in a century and a half come to no agreement? What is this conception of beauty on which the dominant doctrine of art rests?"

In the fifth chapter of the same book Tolstoy defines art. He says, "If only the spectators or auditors are infected by the feelings which the author has felt, it is art." While describing *Brahman* in the *Upanishada* we come across the concept of *Neti Neti,* (Not this, not this) because it is difficult to fathom the concept of *Brahman*. Tolstoy has also used similar process of negation while talking about beauty. He says, "Art is not, as the metaphysicians say, the manifestation of some mysterious Idea of beauty or God; it is not as the aesthetic physiologists say, a game in which man lets off his excess of stored-up energy; it is not the expression of man's emotions by external signs; it is

not the production of pleasing objects; and above all, it is not pleasure; but it is a means of union among men joining them together in the same feelings, and indispensible for the life and progress towards well-being of individuals and of humanity."

This is so similar to what Gandhiji wrote in *Young India*, on Nov. 13, 1924, "There are two aspects of things—the outward and the inward. The outward has no meaning except insofar as it helps the inward. All true art is thus the expression of the soul. The outward forms have value only insofar as they are the expression of the inner spirit of man."

Gandhiji's views on art and aesthetics can be seen from the way he reacted and appreciated decoration at some political conferences. One such conference was organised in a village called Kaliparaj in Gujarat on 18th January, 1925. He was quite impressed by the way the place was tastefully adorned. He said, 'it seems the nature itself has decorated the place. To learn from the nature and not to hurt it in any manner is the real art.' There were no artificial embellishments, not even a carpet or floor covering. The main dais had the canopy of bamboos and green leaves. The path to the dais had bamboos tied with creepers. Steps to the dais were created by the sacks filled with sand. There was no man-made picture and objects, not even hand spun fibre. Gandhiji was so pleased to see this that he said that where there is sky as the canopy and sand as the seat, only trees and leaves can adorn the place. Gandhiji's love for nature and his eye to see beauty in it is evident from this.

An exhibition of nearly 50 spinning wheels was also organised at Kaliparaj. From 6-7 years old children to aged men and women, all were spinning on those *charkhas*. Normally one finds strings of colourful paper flags as decoration during festive occasions. They were absent in Kaliparaj. Gandhiji commented that such paper flags neither display sense of decoration nor refined taste. they are like buying the problem of insomnia by selling one's sleep. Such paper decorations annoyed Gandhiji, because for him it was killing of the art.

In one of his letters written to Rajkumari Amrit Kaur he said, "Sometimes art lies in not interfering with Nature's unevenness and irregular curves and lines. Fancy, hammering the earth into a perfect sphere!! Perhaps, then, we should cease to be."

Gandhiji did believe that art has an important place in life. He met an artist from Bengal who fully understood Gandhiji's views on *Swadeshi*, advocating the use of goods produced in one's own country. He was Nandalal Bose. In Shantiniketan he was known as Nandababu or *Master Moshay*. He used to wear khadi, used to spin on *charkha,* and being inspired by Gandhiji he used to paint on hand-made paper with earth colours.

One interesting anecdote was narrated by Prof. K. G. Subramanyan on Nandalal Bose and Mahatma Gandhi . It is quoted here from the book published on the occasion of NANDALAL BOSE: CENTENARY EXHIBITION, organized by National Gallery of Modern Art, New Delhi in 1983:

"In 1936 Nandalal's name came up for wide national publicity. That year Mahatma Gandhi invited him to set up an art exhibition in Lucknow to go with the session of the Indian National Congress to be held in that city. He accepted the invitation with some diffidence. He was a confirmed admirer of the Mahatma but had not yet met him personally and was unaware of his tastes and predilections. Besides, art never seemed to be anywhere near the centre of the Mahatma's interests. For all the initial misgivings of Nandalal the exhibition was a great success. Nandalal had set it up with impeccable taste using the simplest possible means. The Mahatma was taken aback; according to Nandalal, for a man who had a reputation of being insensitive to art he showed enlightened interest in the exhibition, visiting it more than once and making such observations as showed a very responsive mind. With this Nandalal became for the Mahatma the national artist, one who could create an art that could reach down to the lowest of the low, eschewing all luxurious and elitist trappings.

"So the Mahatma approached Nandalal again next year with a request to plan the whole township for the Faizpur Congress. This was more than Nandalal bargained for; he wrote back to him to say that he did not feel equal to the responsibility; could he consult an architect? The Mahatma would not take a no from him. With his characteristic sense of humour he wrote to him that he was not looking for trained pianists, he wanteda fiddler. Nandalal was forced to accede. He planned the whole township in bamboo and hay, used them in a variety of ways; with a few flashes of colour

at the gates. The result is reported to have been extraordinary; Nandalal had really fiddled into people's hearts, even roused the admiration of cognoscenti."

A conference of Congress was to be organised in December 1936 in the village Faijpur of Maharashtra. Gandhiji also thought of an exhibition at the same place. He requested Nandababu to meet him at Wardha, two months prior to the Conference. He apprised him of his vision. Gandhiji did not want Nandababu to bring precious paintings from Kala Bhavan of Shantiniketan because untimely rain could spoil them. Gandhiji knew that Nandababu would do justice to his vision. In his letter to Kashinath Trivedi on 18 December, 1930 from Yervada jail, Gandhiji wrote that Nandababu was a creative artist. Whereas he himself was not. God had gifted him artistic sensitivity, but had not bestowed upon him creative faculty that could give it a form. Nandababu was gifted with both.

Nandababu had reached Faijpur weeks before the inauguration of the exhibition. He visited farmers' homes in nearby villages, selected various objects that they used in their day to day life but had never observed anything artistic in them. The selection of objects was made by Nandababu's keen eyes. When he displayed them in the exhibition, they all looked so different! As if they had adorned a new form. Not only the place of the Congress-Conference, the whole Tilaknagar, right from its entry gate had become an exhibition. The gate was a beautiful example of rural art. Nandababu had engaged local labour and artisans, and had used all the material that was available locally.

The exhibition was formally inaugurated on 25 December, 1936. Gandhiji wanted common public and also freedom fighters to see the exhibition and experience confluence of patriotism, local resources and aesthetics. The artisans from Andhra had made small purses, cases to keep spectacles etc. from the grass that grew at the riverbank. Some artisans had made paper from bamboo, skin of bananas and also from *munja* grass. The purpose of this exhibition was not to give the message of 'art for art's sake', but it was aimed at well being of all, which included those involved in cottage industry and also those who purchased those items for their use. 'Well being of the masses' has been the prime objective of all the activities Gandhiji himself conducted and encouraged others to do the same.

In his inaugural speech Gandhiji said, 'This exhibition is not a fun show. Nor has it been put up with an intention to dazzle or delude people. This is purely an educational effort. The only purpose is to let the rural folks know that if they properly use their hands and feet, and the material and resources available around them they can double their income.' Gandhiji convinced all those present there that if lakhs of unemployed Indians get engaged in cottage-industry and Khadi they can earn their living honestly. Dust can turn into gold if people use their hands for positive and constructive work.

Gandhiji was trying to connect people with art, was drawing their attention to local resources and was also showing them the way to earn honestly and live with dignity.

In *Young India,* 13.11.1924, Gandhiji wrote, "My room may have blank walls; and I may even dispense with the roof, so that I may gaze out upon the starry heavens overhead that stretch in an unending expanse of beauty. What conscious art of man can give me the panoramic scenes that open out before me, when I look up to the sky above with all its shining stars?"

When I read that I was reminded of famous Dutch artist Vincent Van Gogh's (1853-1890) one of the most stunning painting *Starry Night*. It is an oil painting he painted in 1889, and is displayed at the Museum of Modern Art in New York. It is nature, but also it has awesome imagination of the artist.

Going back to Gandhiji, another Congress Conference was organised at Haripura in Gujarat in February 1938. Responsibility for decoration was again given to Nandababu. Once again an exhibition of Khadi and cottage industry was organised. This time Nandababu gave an additional attraction. There were 88 panels of paintings in *Patua* style of Bengal depicting ordinary events of daily life, like *Shehnaiwala, Dugdugiwala*, mother bathing her child, goddesses etc. All these were painted with natural colours.

Gandhiji has also addressed the subject of obscenity. It does influence one's sense of aesthetics. Gandhiji gave equal importance to physical and mental health, as that creates a healthy society. This can be seen in the episode mentioned below.

Once, during the Congress Session at Jagannathpuri in Odisha, some leaders drew Gandhiji's attention to the erotic sculptures of Puri and

Konarka temples, and advised that they should be covered with plaster because they were obscene. Gandhiji perhaps found that suggestion valid in the interest of general public. One wealthy industrialist offered to pay for plaster coverings. But Gandhiji decided to take Nandababu's opinion before taking action on this suggestion. Nandababu did not agree with it. He said that the most exquisite art works will be destroyed . They were precious heritage of Indian culture. Gandhiji was convinced and he disagreed with the suggestion of covering those sculptures with plaster.

One may wonder, why was Gandhiji inclined initially and then declined so quickly? Gandhiji's top priority has always been welfare of the masses. When Nandababu drew his attention to art and aesthetic he changed his opinion. This is the magnanimity of this great man. He had no rigid views or ego hassle. Even about his writings he had said in *Harijan*, dated 30.9.1939, "My aim is not to be consistent with my previous statements on a given question, but to be consistent with truth as it may present itself to me at a given moment. The result has been that I have grown from truth to truth."

Gandhiji was exposed to European art as well. Let us read his views in his own words, "I do not think that European Art is superior to Indian Art. Both these arts have developed on different lines. Indian art is entirely based on the imagination. European art is an imitation of Nature, it is, therefore, easier to understand, but turns our attention to the earth; while the Indian art, when understood, tends to direct our thoughts to Heaven...It may be that my unconscious partiality for India, or perhaps my ignorance, makes me say so." (Mahatma: Vol.III, P. 180.)

In Gandhiji's views on art and aesthetic top priority is given to public weal. Beauty and utility of the art work, swadeshi and self-employment come after that. Gandhiji's cottage in the Sevagram ashram did not have any art work. Nandababu's disciple Amrutlal Vegad has narrated an interesting episode in his book 'Smrutionun Shantiniketan' (Shantiniketan of Recollection). Nandababu one day carved a spinning wheel on the clay wall of Gandhiji's cottage. Gandhiji noticed it and was happy. A few days later Nandababu hung a painting in Bapu's cottage. In this painting was depicted Gautam Buddha holding close to his chest a handicapped baby lamb whose mother was being taken as an offering to King Bimbisar's sacrificial pit of the alter. Gandhiji kept that painting with great care. What had attracted Bapu? Was it his affection for Nandababu? Or was it the beauty of the painting? Or was it the compassion of the Buddha who had held the little mute lamb in his embrace? Perhaps all the three are valid. As Gandhiji himself has said, "His life is the message".

**Music** is also an art. According to Gandhiji 'music means rhythm, order. Its effect is electrical. It immediately soothes.' (*Young India*, 8.9.1920) . We are aware of almost fatal assault on Gandhiji in Transvaal in the year 1907. He was wounded and was in great pain. He requested the Pastor Olive Doke to sing for him. The Pastor sang, 'Lead kindly light'. Gandhiji has recorded that the song relieved him from the pain. He has also mentioned in *Young India*, (10.1.1929), 'Music has given me peace, I can remember occasions when music instantly tranquilized my mind when I was greatly agitated over something. Music has helped me to overcome anger."

Pannalal Ghosh was a famous Indian flautist from Bengal. My mother (Labhuben Mehta) had interviewed him. During their conversation he said that when Gandhiji was not well during his stay in Mumbai at Juhu, he had gone to play flute to him. He was given only ten minutes so he stopped after ten minutes. Gandhiji requested him to play more. Then he played for 45 minutes. Gandhiji was so happy that he wrote on a piece of paper, '*Bansari bahut madhur bajai*. Mo. Ka. Gandhi', (You played the flute very sweetly). There are many such experiences of musicians and singers.

Development of mind is one of the essential characteristics of culture as per the dictionary meanings. Gandhiji has also spoken about spirituality as an essential hall-mark of culture which is basically one's inclination, attitude towards various things, people and incidents in life. What is spirituality according to Gandhiji? He says, "Spirituality is not a matter of knowing scriptures and engaging in philosophical discussions. It is a matter of heart, culture of un-measurable strength. Fearlessness is the first requisite of spirituality. Cowards can never be moral." (Young India, 13.10.1921)

Tulasidas's *Ramacharitamanas,* written in 16th century in Avadhi, though broadly based on Valmiki's

*Ramayana* is an autonomous work. Here I would like to dwell a little on one doha which has created controversy as well as numerous interpretations. The doha is:

*Dhol, gawaar, shudra, pashu, naari*
*Yeh sab tadan ke adhikari.*

(Drum, illiterate person, a person of low caste, animal and woman should be subjected to beating.)

Why did Tulsidas write this in the first place? Was it required? Someone has tried to explain that Tulsidas has mentioned prevalent practice of his times. Another scholar interprets it differently. According to him, this was uttered by the ocean, *Samudra* when Ram threatened to bind him if he did not obey. So *Samudra* while defending himself says that only those five can be threatened, not he. Yet another explanation is that Tulsidas actually uses those five as metaphors, leading towards training of the mind. For example a drum can give beautiful music if its ropes are properly tightened, an illiterate should always keep learning, *Shudra* is our own lowly mind, not the caste; and lastly, a woman is about the mind that is engaged in sensual gratification. This explanation also raises many questions but then each one draws from one's own culture.

How did Gandhiji explain the word *shudra*? Why some people think that they should stay away from religious scriptures? Gandhiji's definition of *shudra* is not exactly caste-based.

"A prayerful study and experience are essential for a correct interpretation of the scriptures. The injunction that a *shudra* may not study the scriptures is not entirely without meaning. **A shudra means a spiritually uncultured, ignorant man.** He is more likely than not to misinterpret the Vedas and other scriptures. Everyone cannot solve algebraical equation." ( 12.11.1925, Gandhi: Essential Writings p.111) According to this yardstick anyone of us can called *Shudra*. If a man steeped in sins proudly says that he is a Brahmin, that itself would be so lowly!

The epic *Mahabharata* has played a significant role in Indian culture. Gandhiji's favourite scripture *Bhagavad-geeta* is part of this epic. It is mentioned in the epic itself:

*"dharme chaarthe cha kaame cha, mokshe cha purusharshabha I*
*Yad ihaasti tadanyatra yannehaasti na tat kvachit II*

It means that what exists here exists elsewhere, what is not here is nowhere! It is indeed an all encompassing text. Let us see how Gandhiji interprets this great epic: "I regard Duryodhan and his party as the baser impulses in man, and Arjuna and his party as the higher impulses. The field of battle is our own body. And eternal battle is going on between the two camps and the poet seer has vividly described it. Krishna is the dweller within, ever whispering in a pure heart. Like the watch the heart needs the winding of purity, or the dweller ceases to speak." (Gandhi: Essential Writings, p.114)

Brevity and lucidity are the hall-mark of Gandhiji's language and thought. Quintessence of this huge epic spread over 18 *Parvas* comprising 100,000 *shlokas* is given by Gandhiji in these five sentences. Gandhiji further says that it is the duty of every cultured man or woman to read sympathetically the scriptures of the world. Respect for diversity of religious scriptures of the world is the characteristic of a cultured person.

One of my favourite quotes from Gandhiji's writings is from the *Harijan* of 9.5.1936. I quote, " The Indian culture of our times is in the making. Many of us are striving to produce a blend of all the cultures which seem today to be in clash with one another. No culture can live if it attempts to be exclusive. There is no such thing as pure Aryan culture in existence today in India. Whether the Aryans were indigenous to India or were unwelcome intruders, does not interest me much. What does interest me is the fact that my remote ancestors blended with one another with the utmost freedom, and we of the present generation are a result of that blend. Whether we are doing any good to the country of our birth and the tiny globe that sustains us or whether we are a burden, the future alone will show. "Gandhiji has repeated this thought in many different ways and on many occasions. Looking at the present scenario of the country we can clearly see that the present generation instead of being inclusive and expansive takes pride in becoming exclusive, narrow and shallow. This is quite contrary to Gandhiji's views on culture. It is imperative on the part of those of us who agree with Gandhiji, to demonstrate his views in our day to day life. That is the only way to prove the validity of his work and philosophy of life. We have no other option.

Culture blossoms in peace and peace spreads culture. Aesthetic sensibility and positive emotions

spread like ripples when the arts are ingrained in life.

***********

References:

1. *The Encyclopaedia of Gandhian Thoughts*, Compiled by Anand T. Hingorani & Ganga A. Hingorani, Published by All India Congress Committee (I), New Delhi, 1985.
2. *The Mind of Mahatma Gandhi,* Compiled and Edited by R. K. Prabhu & U. R. Rao, Third revised and enlarged edition published by Navajivan Trust, Ahmedabad, 1967. (The first two editions were published in 1945 & 1946 respectively)
3. *Gandhiji ka Saundarya-Shastra aur Kalaen*, by Varsha Das, Published by Rajasthan Adult Education Association, 2018.
4. *What is Art and Essays on Art*, by Leo Tolstoy, Translated into English by Aylmer Maude, Published by Oxford University Press, London, 9th Reprint 1969.
5. Gandhi: Essential Writings, Selected and Edited by V. V. Ramana Murti, Published by Gandhi Peace Foundation, 1970

(First part of the article on Visual Arts and Aesthetics written for **Art Soul Magazine**, NOIDA, published in October 2018)

❑❑❑

Contact : varshadas42@gmail.com

# વૃત્તિનું તત્ત્વજ્ઞાન

## રવિલાલ વોરા

**વૃ**ત્તિઓ વિશે અલગ અલગ માનસવાળા લોકો અલગ અલગ રીતે વિચારે છે. જીવમાં કામ ક્રોધ, લોભ એ અનેક પ્રકારની વૃત્તિઓ છે. કેટલાક વિચારકોનું માનવું છે કે વૃત્તિઓને પોષવી ન જોઈએ. જ્યારે કેટલાક એમ કહે છે કે વૃત્તિઓને દબાવવી જોઈએ. પરંતુ જ્ઞાનીઓ એમ કહે છે કે વૃત્તિઓને પોષવી પણ નહિ અને દબાવવી પણ ન જોઈએ. તો જ સાધક પોતાની સાધનામાં સફળ થઈ શકે. જો આપણે વૃત્તિઓને પોષીએ તો પોષવાથી વૃત્તિઓ રિપિટ થયા કરે છે અને જો વૃત્તિઓને દબાવીએ તો કોઈ રીતે એ ઉછાળો મારીને બહાર આવે. વૃત્તિઓ દબાવવાથી માણસ ચીડિયો, ક્રોધી બનીને રિએક્ટ કરે છે. તો જ્ઞાનીઓ કહે છે તમારી વૃત્તિઓને શાંત કરો તો વૃત્તિઓ પોષવી ન પડે અને દબાવવી પણ ન પડે.

ભોગવવાની વૃત્તિ સ્વેચ્છાએ ત્યાગ કરો. ભોગવવાની પણ નથી અને દબાવવી પણ નથી. વૃત્તિઓ ઉપર કાબૂ મેળવવો જોઈએ. કેમકે કેટલીક વૃત્તિઓ પૂર્વના સંસ્કારથી ઊઠે છે. પરંતુ જાગૃત સાધક એને નિષ્ફળ બનાવી શકે છે, કરી દે છે. કપૂર હોય-ઘી હોય તો જો એની સાથે અગ્નિનો સંજોગ થાય તો સળગી ઊઠે છે. જો કોઈ વ્યક્તિ આપણને કડવા શબ્દો બોલે તો આપણે ઉત્તેજિત ન થવું જોઈએ અને વિચારવું જોઈએ કે એ વ્યક્તિ એ કડવા શબ્દો વાપરવાનું કારણ શું? ઘણી વખત એક શક્યતા રહેલી છે કે આપણી પોતાની ભૂલ હોય અને એ વ્યક્તિ આપણી પરમ ઉપકારી છે એટલે આપણા હિત માટે એણે ઉચ્ચારી હોય. એવી રીતે આપણે શાંત રહીને સામેવાળા ભાઈનો આભાર માનવો જોઈએ.

ઘણી વખત એવી શક્યતા બની શકે કે ઉંડાણથી વિચાર કરવાથી આપણને સમજાય કે આપણી ભૂલ ન હતી તો સાધકે એવું વિચારીને શાંત થઈ જવું કે એ આપણે કરેલા પૂર્વ કર્મોને લીધે હોઈ શકે. એટલે અહીં આપણે થોડા સમયનો ગાળો રાખવો જોઈએ જેથી આપણે ઉત્તેજિત ન થઈએ. જો આપણે ઉત્તેજિત થઈએ તો આપણે આપણી તંદુરસ્તીનું નુકસાન કરીએ છીએ કેમકે જ્ઞાનતંતુઓ બળે તો સાધક સાધના કરી શકતો નથી.

સાધકે સાધના વિચાર દ્વારા કરવાની છે. આપણે એવું વિચારવું જોઈએ કે એ બધા બાહ્ય પદાર્થો છે અને આપણી દેહવાસનાની વૃત્તિઓ આપણાથી જુદી છે, એવો ભાવ ધ્યાને ધરી આપણે આપણા સંસ્કારોથી મુક્ત બનવું જોઈએ. હવે આપણે એક દષ્ટાંત જોઈએ- એક બાળક જેનું મન અને હૃદય શુદ્ધ હોય છે, એની વિચારવાની બુદ્ધિ અને વૃત્તિ અલગ તરી આવે છે અને વયસ્ક પુરુષની વૃત્તિ જે ભાવહીન છે, એ અલગ તરી આવે છે. જ્યારે બાળકના વિચારો અને વૃત્તિ સામે ઝૂકી જવાય. દષ્ટાંત ટૂંકમાં જોઈએ.

રાજાએ એક સૌમ્ય, સુંદર, હાસ્યવાળો ચહેરો જોયો, જે મારી સાથે રમી રહ્યો હતો. રાજાએ કહ્યું તું મને વહાલો લાગે છે. તું મારી સાથે મહેલમાં ચાલ. એણે પૂછ્યું આપ કોણ છો? તો જવાબ મળ્યો ''હું રાજા છું'' બાળક બોલ્યો હું આપની સાથે આવું પણ મારી બે શરતો છે. પહેલી શરત આપ નિરંતર મારી સાથે રહેશો અને બીજી હું જ્યારે સૂઈ જાઉ ત્યારે આપે જાગતા રહેવાનું. રાજા બોલ્યો, ''હું તારી સાથે નિરંતર રહી ન શકું અને તું સૂઈ જાય ત્યારે હું જાગતો રહું એ અશક્ય છે. આ રાજાની વાત સાંભળીને, જુઓ એક અત્યંત બુદ્ધિશાળી બાળકનો જવાબ, જે આપણી બુદ્ધિમાં પણ આવી ન શકે. બાળક બોલ્યો 'આ પરિસ્થિતિમાં મારે મહેલમાં આવવું શક્ય નથી. કેમકે મારો ભગવાન મારી સાથે નિરંતર રહે છે અને હું સૂઈ જાઉ ત્યારે એ નિરંતર જાગતો રહે છે. હું ભગવાનને છોડીને આપની સાથે આવી ન શકું.' આ છે બાળકનું

તત્વજ્ઞાન.

બીજુ એક દૃષ્ટાંત જોઈએ - ત્રણ માણસ(મજૂર)ની અલગ અલગ વૃત્તિઓ. એક મંદિરનું નિર્માણ થઈ રહ્યું હતું. એક માણસ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો, એણે એક મજૂરને પૂછ્યું 'શું કરો છો?' એ મજૂર તોછડા શબ્દોમાં બોલ્યો ''જોતો નથી, દેખાતું નથી. પથ્થર તોડી રહ્યો છું. બીજા મજૂરને પૂછયું તો જવાબ મળ્યો. 'પેટ માટે શ્રમ કરું છું.' ત્રીજા મજૂરને પૂછયું ત્યારે એણે જવાબ આપ્યો જે બાળક જેવું જ તત્વજ્ઞાન રજૂ કરતું હતું. એનો ઉત્સાહનો ઊછળતો જવાબ હતો. 'ત્રણેય મજૂરનું કામ એકસરખું હતું છતાં ત્રણેની વૃત્તિઓ જુદી પડતી હતી. એ બોલ્યો 'હું ભગવાનની મૂર્તિ બનાવી રહ્યો છું જેના લાખો લોકો દર્શન કરશે.'

એ ત્રણેયના અભિગમ અને વૃત્તિઓ જુદી પડે છે. એક વેઠ ઉતારી રહ્યો હતો. બીજો પોષણ માટે શ્રમ કરતો હતો અને ત્રીજો ભગવાનની મૂર્તિ બનાવતો હતો, જેનાં દર્શન કરીને લાખો લોકો આનંદમાં-ઉત્સાહમાં આવવાના હતા! ❑❑❑

૧૯, સાગર મંથન, સેક્ટર -૩,
ચારકોપ, મુંબઈ - ૪૦૦૦૬૭
મો. ૯૨૨૦૫૧૦૮૪૬ / ૯૯૬૯૪૧૨૧૧૯

# વિશ્વશાંતિ અર્થે જૈનોનું કર્તવ્ય

**કાકુલાલ મહેતા**

ત્રીજી સહસ્ત્રાબ્દી કે એકવીસમી સદીના આરંભે કેટકેટલી વિશ્વ કલ્યાણની ભાવનાઓ વ્યક્ત થયેલી! આખરે માનવી આશાના આધારે જ જીવે છે. એક વિષમ પરિસ્થિતિ આપણી સમક્ષ ઉપસ્થિત છે જ્યાં અશાંતિ, અનિશ્ચિતતા, અવિશ્વાસ, નિરાશા, નાના-મોટા યુદ્ધો, ગરીબી અને તવંગરો વચ્ચેની ખાઈ વધી રહી છે. આતંકવાદ, ખૂનામરકી, ચારોતરફ અર્થહીન અર્થ પાછળની દોડ, માનવી જ માનવીનો દુશ્મન? આપણે કયાં જઈએ છીએ એ જ ખબર નથી. પ્રશ્નોની હારમાળા ઊભી છે. ત્રીજા વિશ્વ યુદ્ધને આરે આવી ઊભા છીએ. ખબર નથી ક્યારે શું થશે? વિકાસ કરતાં પણ વિનાશ તરફની ગતિ વધી રહી છે.

જૈનોનો મહાન સિદ્ધાંત છે અહિંસા અને સત્ય. બંને જોડાયેલા છે. જ્યાં સત્ય છે ત્યાં અહિંસા છે અને જ્યાં અહિંસા છે ત્યાં સત્ય છે. ઓશોએ કહ્યું છે કે આ વિશ્વમાં પંદર હજારથી પણ વધુ યુદ્ધો ધર્મના નામે થયા છે. આવા કપરા સમયે આપણે જાણીએ છીએ તેમ ગત સદીમાં, મહાત્મા ગાંધીજીએ આફ્રિકાથી આવીને દેશમાં કૉંગ્રેસનું સુકાન હાથમાં લીધું અને અહિંસા અને સત્યના માર્ગે સંપૂર્ણ ભારતમાં એકતા સ્થાપીને ભારતને સ્વતંત્રતા અપાવી. જન્મે અજૈન હોવા છતાં એક અદકા જૈન તરીકેની ભૂમિકા ભજવી એ માટે આપણે ગાંધીજીનાં ઋણી છીએ. આજે દેશ-વિદેશ શાંતિ અને પ્રેમને તલાસી રહેલ છે. સત્ય અને અહિંસાના માર્ગે આગળ વધવાનો અતિ અનુકૂળ સમય છે.

યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનિજેશન (યુનો)એ, અગણિત લોહિયાળ યુદ્ધોની સામે ફક્ત અહિંસા અને સત્યના માર્ગે એક મહાન સામ્રાજ્યને ભારત છોડીને જતા રહેવા લાચાર બનાવ્યા તે કારણે ગાંધીજીની જન્મજયંતીને પ્રતિ વરસ ''અહિંસા દિન'' તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે. આ વખતે આ આખું વર્ષ 'અહિંસા દિન' તરીકે ઊજવવાનું નક્કી કરેલ છે. એ નિમિત્તે આપણું જૈનો તરીકેનું શું કર્તવ્ય હોઈ શકે એ વિચારવું સમયોચિત ગણાશે.

'સર્વ મંગલ માંગલ્યમ, સર્વ કલ્યાણ કારણમ, પ્રધાનમ સર્વ ધર્માણમ જૈનમ જયંતિ શાસનમ'. જૈન ધર્મનું આ કથન દાવો કરે છે કે જૈન જીવનશૈલી સર્વ મંગળમાં પણ મંગળકારી છે અને સર્વ ધર્મોમાં પણ મુખ્ય છે, કારણ કે અહિંસા અને સત્યની ભાવનામાં સમાજ અને ધર્મ બંનેનો સમાવેશ છે, પ્રશ્નોની હારમાળા છે, તે બધાનો ઉપાય જૈન ધર્મમાં સમાવિષ્ટ છે.

માનવીને મરવું ગમતું નથી અને મર્યા વિના છૂટકો પણ નથી. મેં એકવાર એક ડોશીને કોઈક ભાગ્યશાળીનાં લગ્નપ્રસંગે જમણવાર પછી વધેલા, રસ્તા પર ફેંકેલા અઠવાડિયામાંથી, ચીંથરેહાલ અવસ્થામાં, હાથે ભાત લઈને ખાતા જોઈ છે. આ દશ્ય આજે પણ મનને ક્ષોભીત કરે છે. આ બતાવે છે કે પ્રત્યેક જીવની જીજીવિષા ગમે તેટલું દુઃખદ હોય તો પણ મરવાનું પસંદ નથી કરતી, માટે કોઈ પણ જીવને દુઃખ થાય એવું કશુંય ન જ કરવું જોઈએ. કોઈ પણ જીવ જ્યારે દેહ ધારણ કરે છે ત્યારે ચાર સંજ્ઞા સાથે જન્મે છે - તે ભૂખ, ભય, નિદ્રા અને પરિવાર ભાવના - જેને મૈથુન પણ કહેવાય છે, પણ આ તો થયો અહિંસાનો એક ભાગ માત્ર.

અહિંસામાં ત્રણ ભાવ સમાયેલા છે : પ્રેમ, ક્ષમા અને કરુણા. પ્રેમ એટલે અન્યના સુખ માટે સમર્પિત જીવન. ક્ષમા એટલે કોઈ પણ વ્યક્તિએ જાણતાં કે અજાણતા, મન-વચન-કાયાથી કોઈએ પણ દુઃખ આપ્યું હોય તો પણ એમને ક્ષમા આપવી એટલે કે કોઈ પણ દુર્ભાવ મનમાં ન રાખવો એટલું જ નહિ પણ એથી પણ આગળ વધીને બીજી કોઈ વ્યક્તિ પણ જો એના પ્રતિ વૈરભાવ રાખતી હોય તો એવી વ્યક્તિને પણ મન-વચન-કાયાથી કોઈ પણ પ્રકારે સાથ કે અનુમોદન પણ ન આપવું એનું નામ કરુણા. આ બની અહિંસાની વ્યાખ્યા.

મહાભારત એ અન્યાય સામેની લડત હતી. જીત પણ થઈ પરંતુ પરિણામ એ આવ્યું કે બધાનો નાશ થયો. એથી જ ભગવાન

બુદ્ધે કહ્યું : ''વેરથી વેર ના સમે કદીયે'' મતલબ કે સામસામે વેરભાવ હોય તો વેર કદી પણ શાંત ન થાય. એથી આગળ વધીને મહાવીરે આ અહિંસાની વ્યાખ્યા કરી જેથી શાંતિ બની રહે અને માનવીનો વિકાસ થાય. આવો ભાવ વિશ્વમાં ફેલાય તો માનવજીવનમાં શાંતિ અને વિકાસ સ્થાપિત થાય. તો જૈનો શું કરી શકે?

જૈન ધર્મનો એક સિદ્ધાંત એ પણ છે કે જેવાં કામ તેવાં ફળ. જીવનની સાથે કર્મ બંધાયેલું છે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી કર્મ તો થતો જ રહેવાના. જે ગરીબ છે તેમને પણ જન્મથી મરણ સુધી ભક્ષ્ય તો અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. જો માનવીને અનિવાર્ય એવી આવશ્યકતાઓ ન મળી શકે તો ચોરી, લૂંટફાટ કે એવાં કર્મો કરવા જ પડે અને નવાં કર્મો બંધાય. વર્તમાન પરિસ્થિતિમાં પ્રત્યેક વ્યક્તિ પોતાનું ગુજરાન ચલાવી શકે એવા સાધનસામગ્રી એને મળી રહે એવી વ્યવસ્થા બને તો એમના માટે નવાં કર્મો ન બંધાય એવું બની શકે. એમનો આત્મવિકાસ થાય. એટલા પ્રમાણમાં શાંતિ અને પ્રેમ વધે.

હમણા ફેસબુક પર એક સંદેશો મળ્યો છે. જૈન ધર્મ વિશે સર્વે કરેલો છે. કોણે કર્યો છે, ક્યારે કર્યો છે એ ખબર નથી. વિશ્વસનીય લાગતો નથી. વિશ્વમાં જૈનોની વસતી પચાસ લાખ અંદાજી છે. વિશ્વની વસતી અંદાજે ૭૫૦૦ મિલિયન માનીએ તો જૈનોની વસતી માંડમાંડ ૦.૦૦૧૫ જેટલી થાય. સર્વે કહે છે કે વસતીના પ્રમાણમાં જૈનો ૨૩ % કર ભરે છે (આ અંદાજ ભારત પૂરતો હશે એમ માનું છું.) જૈનોની કમાવાની શક્તિનો આ અંદાજ છે.

જૈન શ્રાવકો માટે એક ઉપદેશ એવો પણ છે કે જરૂરત પૂરતો મર્યાદિત સંગ્રહ રાખવો. મહાવીરના સમયમાં, ઓશો કહે છે કે પાંચ લાખ શ્રાવકો એવા હતા કે એક વર્ષની જરૂરિયાત પૂરતો સંગ્રહ રાખતા, એથી વિશેષ આવક હોય તો એ કાળની જરૂરિયાત પ્રમાણે વાવ, કૂવા, પાણીના પરબ, શિક્ષણસંસ્થા, મંદિરો, ધર્મશાળા વગેરેમાં વપરાતા. મંદિરોના નિર્માણમાં મજૂરોના કામનું-ઉત્પાદનનું પ્રમાણ ન જોવાતું. કામ શ્રેષ્ઠ થાય એ જ જોવાનું. મજૂરોને જીવનભર અને બીમારી કે લગ્ન જેવા પ્રસંગે પૂરતી સહાય મળી રહેતી. આપણા મંદિરોની કલાકારીગરી એની સાબિતી છે.

નવી ટેક્નૉલૉજી, આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સ, રોબોટ, ડ્રાઈવર વગરની કાર, ઊડતી કાર અને નવી ટેક્નૉલૉજીને કારણે નોકરી મળવાની શક્યતા ઘટતી જાય છે. રાજકીય પક્ષો ગમે તે વચનો આપે એમની તાકાત નથી કે દર વરસે ભણીને નોકરી શોધતા યુવાનોને નોકરી અપાવી શકે. શારીરિક શ્રમ, ધૈર્ય અને ખંતથી કામ કરનાર જ પોતાનો ઉદ્ધાર કરી શકાશે. જેમની પાસે અઢળક ધન છે તે વગર વ્યાજે મૂડી આપી શકે અને સાથે સાથે કોઈ કામનો અનુભવ હોય તો એ માટે, નહિ તો અનુકુળ હોય એવું કામ શીખવાડીને સ્વાશ્રયી બનાવવા પડે. કોઈ પણ વ્યક્તિ પોતાને અગવડ ન પડે એવી રીતે, હપ્તેથી લોન પાછી આપી શકે એ શરતે લોન આપે તો શુભ કાર્ય કર્યાનો સંતોષ અને આનંદ પામે. એક ગોટલી બે-પાંચ વરસે હજારો કેરી આપી શકે એમ નાનીશી શરૂઆત મોટા પ્રશ્નને પણ હાલ કરી શકે. સમાજનો પ્રશ્ન છે, સમાજ વિચારી શકે અને આગળ વધે તો વધી શકે તો જૈનો મહત્ત્વનો ભાગ ભજવી શકે. જૈન ધર્મનો વ્યાપ સર્વત્ર ફેલાય.

જૈનો પોતાનું યોગદાન આપી શકે એ માટે, રાજકારણમાં પ્રવેશ કરવો જોઈએ. કોઈ પણ પક્ષમાં જોડાયા વિના, વ્યક્તિગત સ્વતંત્ર સંસદ તરીકે, વિશ્વ મંગળની ભાવના સાથે રાજકારણમાં જે કાંઈ બનતું હોય તેમાં નિરપેક્ષ ભાવે માર્ગદર્શન આપે.

શુભમ ભવતુ! શુભમ ભવતુ! શુભમ ભવતુ!

❑❑❑

ફોન નં. ૦૨૨-૨૮૯૮૮૮૭૮

## નિમિત્ત - ઉપાદાન

**ડૉ. હેમાલી સંઘવી**

નિમિત્ત-ઉપાદાન સંબંધ આપણા જીવનની દરેક પરિસ્થિતિ સાથે જોડાયેલો છે. એક ખેડૂત પાસે બે ઘડા હોય છે. એ ઘડાઓને લાકડીથી બાંધી કૂવામાંથી પાણી ભરી એ ખેતરમાં નાખતો. આ બેમાંથી એક ઘડામાં કાણું હતું. બીજો ઘડો કાણા વગરનો હતો. એ વાતનું ઘડાને બહુ અભિમાન હતું. એ કાણાવાળા ઘડાની મજાક ઉડાવતો. ત્યારે એ ઘડાને આશ્વાસન આપતા ખેડૂતે કહ્યું, આ વખતે ખેતર તરફ જઈએ ત્યારે રસ્તા પર નજર નાખજે. ઘડામાંથી જ્યાં પાણી ટપકી રહ્યું હતું એની નીચેની જમીનમાં ફૂલોનો બગીચો ઊગી નીકળ્યો હતો. કહેવું મુશ્કેલ છે કે બગીચો ફૂટેલા ઘડાને કારણે ઉગ્યો કે બીજની પોતાની ક્ષમતાને કારણે? આવો હોય છે નિમિત્ત-ઉપાદાનનો સંયોગ. નિમિત્ત ઉપાદનની જોડી આપણા જીવનમાં આવો જ કાંઈ સાપ-સીડીનો ખેલ રચે છે. તો ચાલો આ નિમિત્ત-ઉપાદાનની ક્રોસવર્ડ પઝલને ઉકેલવાનો પ્રયત્ન કરીએ.

નિમિત્ત એટલે સંજોગ, સાધન, પરિસ્થિતિ. કોઈ પણ કાર્યની ઉત્પતિની અનુકૂળ પરિસ્થિતિ એટલે નિમિત્ત. આપણી આજુબાજુ ઘણી બધી પરિસ્થિતિઓમાં નિમિત્તની બોલબાલા જોવા મળે છે. આજકાલની text language માં કહીએ તો નિમિત્ત એટલે 3 R- right person, right perspective એક right time. ઉત્તરાધ્યયન સૂત્રમાં આપણને પ્રત્યેક બુદ્ધના ઉદાહરણ મળી આવે છે, જ્યાં નિમિત્ત મળ્યું અને પૂર્ણ જ્ઞાનનો પ્રકાશ છવાઈ ગયો.

તો બીજી બાજુ ઉપાદાન એટલે વસ્તુની સહજ શક્તિ-સ્વાભાવિક શક્તિ. કાર્ય થવા માટે વસ્તુની તે સમયની યોગ્યતા. જીવના

સંદર્ભમાં કહીએ તો સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર પામવાનું જીવનું પોતાનું સામર્થ્ય, શક્તિ. ઉદાહરણ તરીકે બીજમાં જેમ સામર્થ્ય હોય છે-છોડ બનવાનું અને બગીચો બનવાનું.

આ ઉપાદાન સાથે ત્યારે નિમિત્ત જોડાય છે ત્યારે જે સંબંધ રચાય છે એ જરા અટપટો હોય છે. કોઈ પણ કાર્યમાં નિમિત્ત અને ઉપાદાન જોડાયેલા હોય છે અને છતાં એ બંને સ્વતંત્ર અને જુદા છે. આ બંને વચ્ચેનો સંબંધ હોય છે એકદમ સહજ અને સુંદર જાણે કે દૂધમાં સાકર કે સોનામાં સુગંધ કે પછી જાણે કોઈ magnetic connection – પણ એનો મતલબ એ નથી કે નિમિત્તને કારણે કોઈ કાર્ય થાય છે. નિમિત્ત એ કર્તા નથી. વસ્તુના સ્વતંત્ર સ્વભાવની સમજણ અને સ્વીકાર એ જ તો આપણા જૈન દર્શનની માસ્ટર કી છે. જે આને પકડી લે એનું જીવન જ યાત્રા બની જાય. જગતના બીજા જીવો, દ્રવ્યો, પરિસ્થિતિ પરની પરાધીનતાનો એક ઝટકે છેદ ઊડી જાય છે. ઉદાહરણ તરીકે આપણી આજુબાજુ આપણે કેટકેટલા સંબંધોના તાણાવાણામાં જોડાયેલા હોઈએ છીએ, જાણે એના વગર જીવન જીવી જ ન શકાય, પણ દરેક કાર્ય ઉપાદાન પ્રમાણે થાય છે એવી દ્રવ્યની સ્વતંત્રતા પર આપણી જિંદગીના કેમેરાનું ફોકસ આવી જાય તો આખો નજરિયો જ બદલાઈ જાય છે. અહીં મને કવિ સુરેશ દલાલની પંક્તિઓ યાદ આવે છે, 'આવશે તો આવવા દઈશ, જશે તો જવા દઈશ, આપણો સંબંધ તો નિંદ પહેલાનું ઝોકું'

બસ આવી પરદ્રવ્ય પ્રત્યે સાચી ઉદાસીનતા જાગે તો વીતરાગતાના હાઈ-વેનું ગ્રીન સિગ્નલ મળી ગયું સમજો. પછી તો જાણે મૅકઓવર થઈ જાય છે. કોઈ વ્યક્તિ આપણી નિંદા કરે અથવા અપશબ્દો કહે તો સામાન્ય રીતે આપણો રિસ્પોન્સ એ રહેવાનો કે આ વ્યક્તિએ મને ગુસ્સો અપાવ્યો કે આ વ્યક્તિને કારણે મને ગુસ્સો આવ્યો, પણ આ આખી પરિસ્થિતિમાં નિમિત્ત-ઉપાદાનની ફૉર્મ્યુલા નાખીએ તો આખા દાખલાનો જવાબ જ બદલાઈ જાય છે. ખરેખર તો આપણે પોતાના જ્ઞાનસ્વભાવથી હટીને નિમિત્ત દૃષ્ટિમાં ગયા. એટલે ક્રોધરૂપી પરિણામ આવ્યુ. નિમિત્ત-ઉપાદાનની સાચી સમજણ આપણને આપણી પોતાની અનંત શક્તિ, સંપદા અને સામર્થ્યનો અહેસાસ કરાવે છે. પછી નથી રહેતી બહારની સામગ્રીની અપેક્ષા કે નથી રહેતો કોઈ નિમિત્તનો ઈંતઝાર.. જાણે જિંદગીના ફોલ્ડરમાંથી હંમેશ માટે બહાનાઓની ફાઈલ ડિલીટ થઈ જાય છે.

એક પ્રસંગ યાદ આવે છે –

એક પ્રોફેસરને એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળવા આવે છે. બધા પોતાના પ્રોબ્લેમનું પોટલું ખોલીને બેસી જાય છે. પ્રોફેસર બધું ચૂપચાપ સાંભળે છે અને કૉફી બનાવવાનું શરૂ કરે છે. અને વિદ્યાર્થીઓને ટ્રેમાંથી કૉફી માટેના કપ પસંદ કરવાનું કહે છે. નાના, મોટા, સસ્તા, મોંઘા, સાદા, ડિઝાઈનવાળા કેટકેટલા જાતના કપમાંથી કપ પસંદ કરવામાં વિદ્યાર્થીઓ મંડી પડે છે. ત્યારે કપ પસંદ કરીને આવેલા વિદ્યાર્થીઓને પ્રોફેસર કહે છે તમે કપ પસંદ કરવામાં કેટલો બધો સમય નાખી દીધો. મહત્ત્વનું શું છે? કૉફી. કોઈ પણ કપમાં પીઓ એનાથી શું ફરક પડે છે? ક્યાંક નિમિત્તરૂપી કપ પાછળ આપણી ઉપાદાનરૂપી કૉફી વેડફાઈ તો નથી રહીને? તો ચાલો પ્રયત્નની પાળ પર પગલા પાડીએ. સામે પાર મોક્ષ માટેના નિમિત્તો ક્યારની આપણી રાહ જોઈ રહ્યા છે.

❑❑❑

૧૯૬/૫૩૯૯ પંતનગર,
ઘાટકોપર, મુંબઈ - ૪૦૦૦૭૫.
ફોન : ૦૨૨-૨૫૦૧૪૮૫૯

## परमज्योतिः पञ्चविंशतिका : ઉપાધ્યાયજી યશોવિજયજી

**મનુભાઈ દોશી**

**प्रभा चंद्रार्कभादीनां, मितक्षेत्रप्रकाशिका।**
**आत्मनस्तु परं ज्योति लोकालोकप्रकाशकम्।।२।।**

ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રાદિની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશ કરનારી છે. જ્યારે આત્માની પરમજ્યોતિ લોકાલોકને પ્રકાશ કરનારી છે. (૨)

પૂજ્ય ઉપાધ્યાયજીનો બીજો શ્લોક માનવીના જીવનને સત્યનું દર્શન કરાવનારો છે. ખરેખર તો આ શ્લોકનું ભાષાંતર અને તેની અસર વ્યક્તિને શા માટે બહારથી અને અંદરથી ખળભળાવી નાખે તેમ છે તે ખરેખર વિચારણીય છે. તાજેતરમાં જ થોડા માસ પહેલાં વિશ્વના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગની એક વાત આશ્ચર્ય પમાડે તેવી છે. ફિઝિક્સના આ વૈજ્ઞાનિકની વાત અને આધ્યાત્મિક પરમતત્ત્વની વાત વચ્ચે ખૂબ જ સામ્ય છે. તેઓના કહેવા પ્રમાણે આપણા આ બ્રહ્માંડમાં આપણી પૃથ્વીથી જે સંબંધમાં છે તે સૂર્ય, ચંદ્ર, ૨૭ નક્ષત્રો અને અન્ય ગ્રહો મંગળ-બુધ-ગુરુ-શુક્ર-શનિ-રાહુ-કેતુ-હર્ષલ-નેપચ્યુન-પ્લૂટો આ બધા દ્વારા તો ફક્ત હાલના આપણા વિશ્વ વિષે વિચારી શકીએ. પરંતુ આપણા આ સમસ્ત બ્રહ્માંડમાં અનેક નિહારિકાઓ અને અનેક સૂર્યમાળાઓ રહેલી છે. જે પ્રત્યેકના ગુરુત્વાકર્ષણ અને ચુંબકીય તત્ત્વની અસરો પોતપોતાના ક્ષેત્રથી સંબંધિત છે. વિક્રમ સંવત ૧૬૮૧-૧૭૪૩ દરમ્યાનના ટૂંકા જીવનકાળમાં આ મહાત્મા યશોવિજયજીએ આપણા

ખગોળ વિજ્ઞાનની એવી કઈ બાબતો અને ક્ષિતિજોનો અભ્યાસ કર્યો હતો કે જેના કારણે તેઓએ સ્પષ્ટ વિધાન આપ્યું કે, ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રાદિની પ્રભા પરિમિતક્ષેત્રને પ્રકાશ કરનારી છે.

તેઓશ્રીની આ વિચારણા ઘણી સૂક્ષ્મ છે. માનવીની જે જન્મક્ષણ હોય છે, તે તે માનવી આ પૃથ્વીના ગમે તે પ્રદેશના, ગમે તે ખૂણામાં જન્મ્યો હોય તો પણ વ્યક્તિના મન અને તેના જીવનપ્રવાહ ઉપર આપણી પૃથ્વીથી સંબંધિત આ ગ્રહો, નક્ષત્રો અને તારાઓ શું અસર કરે છે તેની વિચારણા વેદોના સમયથી યજુર્વેદની એક શાખા જ્યોતિષ વિદ્યામાં ઘણી જ તલસ્પર્શી રીતે કરવામાં આવી છે. પ્રાચીન કાળના તે ઋષિઓ વ્યક્તિના જન્મક્ષણની ખગોળીય સ્થિતિના આધારે તેના જીવનમાં બનનારી તમામ ઘટનાઓ અંગે જે હૂબહૂ ચિતાર આપી શકતા હતા તે બાબતમાં તેઓનું જ્ઞાન, અનુભવ અને અંતઃસ્ફૂરણા કામ કરતા હતા. હજારો વર્ષ પછી આજે પણ આ જ્યોતિષ વિજ્ઞાનના આધુનિક પૂર્વ અને પશ્ચિમના વૈજ્ઞાનિકોએ તેમ જ મધ્યપૂર્વના દેશોના તજજ્ઞોએ પોતપોતાની રીતે ઘણું ઉત્તમ યોગદાન આપ્યું છે. મહાત્મા શ્રી યશોવિજયજીએ જે પ્રભાને પરિમિત કહી તે યથાર્થ એ રીતે છે કે, આ બાબત ઘણી ગૂઢ અને રહસ્યમય હોવા છતાં ચંદ્ર મનની ગતિવિધિને, સૂર્ય આત્માને, મંગળ ઊર્જાને, બુધ બુદ્ધિને, ગુરુ વિદ્યાને, વ્યક્તિ કેવી અને કેટલી હાંસલ કરશે તેના માર્ગદર્શક છે.

ઉપરોક્ત હકીકતોનું રહસ્ય અને સંચાલન કેવી રીતે થાય છે તે બાબતમાં જૈન દર્શન કર્મના અખંડ સિદ્ધાંતની વાત કરે છે. આપણા છ કર્મગ્રંથોના સૂક્ષ્મ અભ્યાસ દ્વારા કર્મની ગહન ગતિની વિચારણાનો અંદાજ આવી શકે છે. ગ્રહો અને તારાઓ, નક્ષત્રો, વગેરે જીવનના દિશાસૂચક કિલોમીટરના સ્ટોનના માર્ગદર્શક જેવા છે. તેઓ સૂચન કરે છે, મનના આધારે ચાલનારા માનવીની ગતિવિધિ કેવી હશે. તેઓની પાસે કોઈ પાવર ઓફ એટર્ની નથી કે તેઓ મનુષ્યનું જીવન બદલી શકે... અને તેથી જ આપણા મૂર્ધન્ય સાહિત્યકાર અને આધુનિક જ્યોતિષવિદ્યાના પિતામહ સમાન શ્રી યશોધર મહેતાએ  સ્પષ્ટ જણાવ્યું છે કે, 'આત્મજ્ઞાની યોગીઓ માટે ગ્રહો, નક્ષત્રો અને તારાઓ માત્ર આકાશમાં લટકતી વસ્તુઓ જેવા છે.' જ્યારે સ્ટીફન હોકિંગ જણાવે છે કે, માત્ર આપણું વિશ્વ જ નહીં પરંતુ સમસ્ત બ્રહ્માંડ અને તેના જડ અને ચેતન પદાર્થો સ્વયં સંચાલિત છે. જૈન દર્શન પણ હજારો વર્ષથી આ વિધાનની જ વાત કરે છે. શ્રીમદ ભગવદગીતાના સાંખ્યયોગમાં અને સાંખ્યદર્શનમાં આપણને આનો નિર્દેશ મળે છે. ટૂંકમાં આ વિશ્વનો માનવી જ્યાં સુધી પોતાના મન દ્વારા નિર્ણયો લે છે ત્યાં સુધી કર્મ-પુનર્જન્મ-કર્મનો ભોગવટો, પૌદ્ગલિક પદાર્થો અને સંબંધોનું આકર્ષણ વગેરે રહેવાનાં જ. માનવી મન દ્વારા, પોતાની માન્યતા દ્વારા, પોતાના સ્થૂળ મનના વિચારો અને તરંગો દ્વારા જીવે છે ત્યાં સુધી આ જગતમાં વ્યક્તિ એક અને અભિવ્યક્તિ અનેક એમ રહેવાનું જ. અનેક જુદા જુદા સંપ્રદાયો અને ધર્મોને જોયા પછી જાણીતા ગુજરાતી ગઝલકાર શ્રી બરકત વિરાણી 'બેફામ'ની જુદી જુદી બે ગઝલના શેર જુઓ :-

''ભલા માનવ વિશેની માન્યતાની વાત શી બેફામ,
અહીં તો ધર્મ બદલાતાં ખુદા બદલાઈ જાય છે.'' (૧)
''બેફામ તો ય કેટલું થાકી જવું પડયું,
નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.''

પરમ જ્યોતિના આ શ્લોકમાં પ્રથમ ચરણમાં સૂર્ય, ચંદ્ર વગેરેની પ્રભાને પરિમિત જણાવી છે. જ્યારે આત્માની પરમ જ્યોતિ લોકાલોકને પ્રકાશિત કરનારી છે. આ એક સનાતન સત્ય છે અને વાસ્તવિક હકીકત પણ. ખૂબ જ સરળતાથી કહીએ તો જૈન દર્શને જે ચૌદ ગુણસ્થાનકોની વાત કરી છે તે મુજબ તેમ જ અન્ય દર્શનોમાં ભગવાન ગૌતમ બુદ્ધ અને ૨૦-૨૧મી સદીના આત્મજ્ઞાની મહાત્માઓ ભગવાન રમણ મહર્ષિ, શ્રી નિસર્ગ દત્ત મહારાજ, ''આઈ એમ ઘેટ''ના પ્રવક્તા, મહાત્મા સંત શ્રી ભુરીબાઈ કે ગુજરાતના શ્રી સંત ગંગાસતી આ તમામની અનુભૂતિ, તેમની વાણી અને જીવનકાર્ય સમસ્ત લોકાલોકને પ્રકાશિત કરે છે જ. આને થોડું વિશદતાથી સમજીએ.

સૂર્ય-ચંદ્ર વગેરેની પ્રભા પરિમિત હોવા છતાં આપણા વિશ્વના દરેક પ્રદેશને તેઓ પ્રકાશિત કરે છે તે વખતે તેઓ રાય અને રંક, ભ્રષ્ટાચારી અને દુરાચારી સામે સજ્જન વગેરેને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પ્રકાશિત કરે જ છે. આ એક હકીકત છે. તેના અનુસંધાનમાં સંસારમાં પરિભ્રમણ કરનાર વ્યક્તિને જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય કે સ્થિતિપ્રજ્ઞતા પ્રગટે ત્યારે તેનામાં સમભાવ પ્રગટે છે. જીવમાત્રમાં રહેલા પરમતત્ત્વના ઉપર જ તેની દૃષ્ટિ ઠરે છે. વ્યક્તિના રૂપરંગ કે ગુણ-અવગુણ તરફ નહીં પરંતુ તેના પરિપૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપને જોતો આત્મજ્ઞાની સ્વપર બંનેને પ્રકાશિત કરે છે. એક જ સમયે પ્રકાશિત કરે છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પ્રકાશિત કરે છે. પોતાની આ સહજ પ્રકૃતિ હોવાથી પ્રકાશિત કરે છે અને આ રીતે લોકાલોકને પ્રકાશિત એ રીતે કરે છે કે, પોતાની પરિપૂર્ણ જ્ઞાનદશામાં, પોતાના જ્ઞાનરૂપી દર્પણમાં, પોતાની સર્વજ્ઞતામાં જગતના જડ અને ચેતન દરેક પદાર્થને તેની જ્ઞાનપ્રજ્ઞા તે પદાર્થોની પર્યાયને (અવસ્થાને) જાણી શકતા હોવા છતાં લોકાલોકને પ્રકાશિત કરનારા ભવ્ય આત્મા નિજ સ્વરૂપમાં નિર્વિકલ્પ સ્થિતિમાં અપેક્ષા અને ઇચ્છાઓથી રહિત એવો તે સચ્ચિદાનંદ સ્વરૂપમાં મગ્ન રહે છે.

❑❑❑

(મનુભાઈ પ્રજ્ઞાચક્ષુ છે, ચિંતક છે)
ફોન નં.: ૦૭૯-૨૬૬૧૩૩૫૯

## જીવનપંથ : ૧૩

# જીવન શ્રદ્ધા, પણ... ક્રિકેટ એક અંધશ્રદ્ધા !

ડૉ. ભદ્રાયુ વછરાજાની

હનુમાનની નાનકડી દેરીની સામે જ રહેતા અમે. રાજકોટના તે સમયના 'ઉષા ટૉકિઝ'ની પાછળ... (જે પછીથી 'ધરમ સિનેમા' બન્યું ને અત્યારે તો એના કરમ ઘડાય છે તે...) સરકારી જોડિયાં-નળિયાંવાળાં ક્વાટર્સમાં... લગભગ ચાર વર્ષનો હતો ત્યારથી તે વીસનો થયો ત્યાં સુધી એ નળિયાંવાળાં સરકારી ઘરમાં રહી એ સમયના 'શેરી ક્રિકેટ'નો બહુ અનુભવ કરેલો... અનુભવ એટલે રમવાનો નહીં; રમતા જોવાનો, રમનારના રોફથી પ્રભાવિત થવાનો અને 'આ બધા જ સાલા નવરા છે' અને 'હું એક જ માત્ર ભણેશરી' તેવા મિથ્યાભિમાનનો અનુભવ.!

શ્રોફ રોડ પર એક પાણીની ટાંકી હતી, ત્યાં એક મ્યુનિસિપાલિટીની શાળા હતી, શાળા નં.૨૨, સાવ સરકારી, ત્યાંથી હું ચાર ધોરણની પદવી લઈ બહાર પડયો અને ત્યાંથી જ હું કબડ્ડીની રમતનો ઉસ્તાદ ખેલાડી બન્યો! શિક્ષકો પરપીડનવૃત્તિવાળા ન હતા એટલે તેઓ અમને જાતે ભણવા પ્રેરતા! પરંતુ જાતે ભણવા માટે બુદ્ધિની નહીં, શરીરબળની ઝાઝી જરૂર પડે તેવું બિલખા હાઉસમાં રહેતા સલિમે અમને શીખવેલું, એટલે અમે શરીર સશક્ત બનાવવા એકબીજાના ટાંટિયા ખેંચતા; કોઈ સાચે ને જોરૂકો હોય તો ય તે કબડ્ડીની પેલી મધ્યરેખાને સ્પર્શી ન જાય તેની અમે કાળજી લેતા... હું નાનપણથી શરીર સારું અને બીજા કરતાં વધુ (હિન્દીમાં જેને 'મોટા' કહેવાય તેવું, યુ નો?) રાખવાનો શોખિન, એટલે મને કોઈ કબડ્ડીમાં જીતતો બચાવી ન શકતું.. હું મારી બાથમાં ત્રણ-ચાર ટપુડિયાવનો કોળિયો કરી જતો એટલે કબડ્ડીનો ઉસ્તાદ કહેવાતો... પણ આ રમતની તકલીફ એ હતી કે તેમાં ક્યારેક આખા ધૂળવાળા થવાતું, ક્યારેક લોહીલુહાણ થવાતું તો, ક્યારેક એકની એક (...ત્યારે એક જ પહેરવાનો રિવાજ હતો અને સ્થિતિ પણ...) ચડ્ડી ફાટતી... એટલે ઘરે આવીને જોરૂકી માના હાથને ચાન્સ આપવો પડતો. ...ત્યારે મહાત્માજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચેલ નહીં, છતાં કોણ જાણે ક્યાંથી સાચું બોલી દેવાની ટેવ (...આજે જેને પ્યારથી લોકો કુટેવ કહે છે તે...) મને પડેલી. એટલે મને બધું ભકી મારવાની ટેવ, એથી કબડ્ડીમાં પગ છોલાતા ને ઘરે આવીને વાંસો..

હનુમાનની દેરી સામે અમારું ખોયડું અને એ ખોયડાં સામે ને ફરતે ખુલ્લું મેદાન; આમ તો મંદિરનું ફળિયું હતું પણ તે સમયમાં ઝાઝા વૃદ્ધો ન હતા કે પછી હતા તે ભક્તો ન હતા, પણ એ મેદાનમાં બધા છોકરાઓ ક્રિકેટ રમતા.. શાળા નં. ૨૨ માં જ ભરપેટ રમીને આવ્યા હોઈએ (!) અને ઘરે આવીને તેના પ્રસાદરૂપે માની ધોકાવાળી માણી હોય પછી આપણને બહાર જઈને ક્રિકેટ રમવાની ઈચ્છા થાય ખરી?... વળી સામે જ દેકારો હોકારો કરીને રમતા એ બધા જ અમારી ઉંમરના છોકરાઓ તો સાલા ગુંડા છે એવી વાત પણ અમારાં કાનમાં ભંભેરવામાં આવેલી,... તેથી એ બધા સાથે 'સમજ્યા વગરનું' વેર બંધાયેલું. એમાંય પાછો કોઈક છોકરો સચિનની અદાથી શોટ મારે ને દડો આવે અમારાં છાપરાંવાળા ઘરના નળિયાં પર... ક્યારેક જ નળિયું ફૂટતું, પણ અમારી મા હંમેશાં એ બધાને ઘઘલાવતાં કહેતી કે, 'આ નળિયું ફૂટ્યું તે કોણ રિપેર કરાવશે?.' અમને અમારી માના શબ્દોમાં એટલી શ્રદ્ધા હતી કે નળિયું ફૂટ્યું ન હોય તે ખાતરી થયા છતાં અમે ચોમાસામાં તે ફૂટેલાં નળિયામાંથી ઘરમાં વરસાદનું પાણી પડવાની રાહ જોતા... જીવનમાં શ્રદ્ધા હતી, પણ ક્રિકેટનાં નામે અમારામાં નાનપણથી અંધશ્રદ્ધાના બીજ રોપાયેલાં.! પેલા અમારા મહોલ્લાના સચિનો-સહેવાગો-સૌરવો -હરભજનોને અમારી મા ધમકાવતી એટલે એ બધાને પાનો ચડતો અને તેમના ફટકા વધુને વધુ અમારા ખોયડાં પર આવતા. વારેવારે તેઓની સિક્સ અમારા ઘર પર વાગતી ત્યારથી મને એવું થઈ ગયેલું કે છક્કો ચારેય તરફ ન મરાય., માત્ર ઘર હોય - છાપરું હોય ત્યાં જ છક્કો મારવાની છૂટ હોય.! ખૂબ મોટો (ઉંમરમાં..) થઈને ટીવી પર કોઈ ક્રિકેટરને છક્કો ઉછાળી દડાને પેવેલિયનના છાપરે પાડતો જોતો ત્યારે ફરી પેલો નિયમ યાદ આવી જતો... છેલ્લાં પાંચેક વર્ષ પહેલાં દીકરાએ મારી આ અંધશ્રદ્ધા દૂર કરીને સમજાવ્યું કે : ક્રિકેટમાં કયાંય એવો નિયમ ન હોય કે છક્કો એક જ તરફ મરાય, જ્યાં ઘર હોય ત્યાં જ મરાય, જ્યાં છાપરું હોય ત્યાં જ મરાય...!! દીકરાની ડહાપણભરી વાત સાંભળીને મારી ક્રિકેટ વિશેની 'નબળી સમજ' પ્રત્યે મને શ્રદ્ધા થવા લાગી!

(ક્રમશઃ)

❑❑❑

સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.
મો. ૦૯૮૯૯૮૯૨૦૩૩૩,
ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com

# અનસન તથા સંલેખના તપની અનુપ્રેક્ષા

સુબોધી સતીશ મસાલિયા

મહાવીરે છ બાહ્ય ને છ અભ્યંતર એમ બે ભાગમાં બાર તપને વિભાજિત કર્યા, એ એટલા માટે નહીં કે તપનું વિભાજન થઈ શકે છે. એવું વિભાજન કે ક્રમબદ્ધતા એ તપોના આવિષ્કારમાં હોતી નથી. પરંતુ આપણે ઈન્દ્રિયોના બાહ્ય અનુભવોમાં જ જીવી રહ્યા છીએ, એવી આપણી પરિસ્થિતિ છે. આપણે બહારની ઘટનાઓ અને દશ્યોને જ સમજીએ છીએ. આપણે ભેદ-વિભાજન ને મારું-તારું માં અટવાયેલા છીએ. એટલે આપણે કારણે મહાવીરે તપનું બે ભાગમાં વિભાજન કર્યું છે. ભગવાનની તો અખંડ ચેતના છે. એમના માટે અંદર-બહાર એવું કોઈ વિભાજન નથી. પરંતુ આપણે જ્યાં ઊભા છીએ એ સ્તર પર ઉતરી આવીને એને સમજાવવાની કરુણા મહાવીરે દાખવી છે. એટલે આપણી આંતરિકતામાં જ્યારે પ્રકાશ થશે ત્યારે અંદરને બહાર એક જ સ્વરૂપની બે બાજુઓ છે એમ સમજાશે. એટલે બધા બારે-બાર તપોનો સાથે સાથે જ આવિષ્કાર થતો અનુભવાશે.

કોઈ એમ વિચારે કે પહેલા બાહ્ય તપ પૂરું થઈ જાય પછી આંતરિકમા પ્રવેશ કરીશ, તો એ બાહ્ય તપ ક્યારેય પૂરું નહી થાય, કારણ કે બન્ને પાસાં સાથે જ આગળ વધી શકે. બન્ને પાસાં અલગ અધૂરા છે. બન્ને સાથે આગળ વધે તો જ પ્રગતિ થઈ શકે. આજે પરિસ્થિતિ એવી નિર્માણ થઈ છે કે બાહ્ય તપમાં જ પૂરું જીવન સમાપ્ત થઈ જાય છે. આપણે બાહ્યમાં અટકી ગયા છીએ માટે ભટકી ગયા છીએ. સમજવાની વાત એ છે કે બાહ્ય તપ ને અભ્યંતર તપ સાથે જ ચાલતા હોવા જોઈએ. ખાસ ધ્યાન એ રાખવાનું કે તપ એક જ છે. બાહ્ય અને અભ્યંતર એ માત્ર સમજવા માટેનું કામચલાઉ વિભાજન છે. બધા તપ સાથે જ સાધવાના છે નહીં તો પૂર્ણતા ઉપલબ્ધ નહીં થાય.

આપણે પ્રથમ બાહ્ય તપમાં અટક્યા તો ખરા પણ પાછા માનીએ છીએ કે ''મેં તપ કર્યું''... ''મેં અઠ્ઠાઈ કરી''...''મેં માસક્ષમણ કર્યું''... ''મેં વર્ષીતપ કર્યો'' આ અંદર બેઠેલું મેં સતત અનુબંધ પાપનો પાડે છે. વળી ''મેં કર્યું'' એ ભાવ કર્તાભાવને પોષે છે. મગજમાં સુવર્ણ અક્ષરે લખી નાખો કે ''હું કરવાવાળો કોઈ છું જ નહી'' કોઈ જન્મમાં ઉપાર્જિત કરેલું પ્રારબ્ધ છે જે ઉદયમાં આવ્યું છે. કોઈ જન્મમાં બહુ ઈચ્છા કરી છે કે એવી ભાવના કરી છે કે એવું કોઈ કર્મ ઉપાર્જન કર્યું છે જે વેદવામાં આવ્યું છે...અને તું... ''મેં કર્યું'' ''મેં કર્યું'' કરીને શેનો અહમ્ કરી રહ્યો છે? ''હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે'' (બળદગાડાની નીચે ચાલતા કૂતરાને એમ લાગે છે કે ગાડું હું જ ચલાવું છું, મારા વગર ચાલે નહીં.) 'હું કરું' ને 'મેં કર્યું' જ્યાં સુધી માથું ઊંચકે છે ત્યાં સુધી મિથ્યાત્વ તપ થશે. તમે જાણો છો ને કે આદિનાથ દાદાએ વર્ષીતપ કર્યો તો કે થઈ ગયો તો? એમને પણ ૧૩ કલાક બળદોનું મોઢું બાંધી દીધું 'તું એ કર્મ ઉદયમાં આવ્યું' તું ને? એટલે ૧૩ મહિના સુધી એમને ગોચરી મળી નહીં ને? આદિનાથ દાદા તા વહોરવા જતાં તા ને? પણ લોકો એમને હાથી-ઘોડા-હીરા-માણેક-મોતી આપતા'તા પણ કોઈને એવી ખબર ન પડી કે ઋષભ તો ગોચરી લેવા આવે છે. તો અનાયાસે ઉપવાસ થઈ ગયા ને? કે કર્યા? બળદનું મોઢું બાંધી દીધેલું તે કર્મ ઉદયમાં આવ્યું ને? એમ જે કાંઈ આપણે કરીએ છીએ કે થાય છે તે પૂર્વે કરેલા કોઈ કર્મ જ તેના પાકવાનો સમય થતાં ઉદયમાં આવે છે. તે પ્રમાણે જ આપણે તપ વગેરે કરીએ છીએ, તે પ્રમાણે જ નિમિત્ત પણ મળે છે. પૂર્વે કરેલી (આગળના કોઈ પણ જન્મમાં.. અનંતા જન્મો પહેલાંની પણ હોઈ શકે) એવી કોઈ ઈચ્છાઓ જે ઘૂંટી ઘૂંટી ને નિકાચિત બનાવી દીધી હોય તે પણ કાળ પાકતાં, અનુકૂળ સંજોગો ઊભા થતાં... ઉદયમાં આવે છે...ને તપ વગેરે થઈ જાય છે. પણ આપણે અજ્ઞાની એમ માનીએ છીએ કે 'આ મેં કર્યું'... અને આ અંદર બેઠેલો મેં અને હું અનુબંધ પાપનો પાડે છે. આમ 'તપ' એ પુણ્યનો બંધ પાડે અને અંદર રહેલો 'મેં નેહું' પાપનો અનુબંધ પાડે... આમ થઈ જાય ''પાપાનુબંધી પુણ્ય'' તે જ્યારે પાછું કોઈપણ ભવમાં ઉદયમાં આવશે ત્યારે અનુબંધ પાપનો હોવાથી નવું પાપ જ બંધાવશે ને દુર્ગતીમાં ફેંકી દેશે...કેમ કે નવું પાપ બંધાવવું કે પુણ્ય એ તાકાત અનુબંધમાં રહેલી છે. બંધમાં નહી. પુણ્યનો બંધ છે તે તો થોડું-ઘણું ભૌતિકસુખ આપીને પૂરું થઈ જશે... પણ જેવું તે પુણ્ય ઉદયમાં આવશે કે તેની સાથેસાથે જ પૂંછડાની જેમ તે અનુબંધ પણ ઉદયમાં આવશે, આવશે ને આવશે જ... જો તે અનુબંધ પાપનો પડેલો હશે તો નવું પાપકર્મ જ કરાવશે ને અનુબંધ પુણ્યનો પડેલો હશે તો નવું પુણ્યકર્મ જ કરાવશે. આમ જે જે કાંઈ પુણ્યકર્મ કે પાપકર્મ ગતજન્મોમાં કર્યા હશે તે સમયે જેવા જેવા મનોગત ભાવ હોય, માન્યતા હોય તે પ્રમાણે તત્કાલ જ તેનો અનુબંધ પડે છે. ભલે કર્મ પાપનું કરી રહ્યા હોય, પણ અંતરમાં તેનો ખટકો હોય, બળતા હૃદયે કરી રહ્યા હોય, માન્યતામાં શુદ્ધિ હોય, અંતરમાં કોઈ અહમ લુચ્ચાઈગીરી કે બદલો લેવાની ભાવના ન હોય, 'હું જ કરી શકું' કે 'મેં કરીને બતાવ્યું' એવું 'મેં-મેં કે હું-હું' ન હોય આવી અનેક પ્રકારની શુદ્ધિ અંતરમાં હોય તો અનુબંધ પુણ્યનો પડે છે. કર્મ પાપનું કરી રહ્યા છો એટલે બંધ પાપનો પણ માન્યતાશુદ્ધિને કારણે અનુબંધ પુણ્યનો પડે છે. એટલે આ થઈ ગયું ''પુણ્યાનુબંધી

પાપ'' - આ કર્મ હવે કોઈપણ ભવમાં તેનો કાળ પાકતાં ઉદયમાં આવશે ત્યારે પાપકર્મના બંધને કારણે જીવ ભૌતિક દુઃખ પામશે પણ અનુબંધ પુણ્યનો હોવાથી નવું પુણ્ય જ બંધાવશે... કેમ કે નવું કર્મ કેવું કરાવવું તે તાકાત અનુબંધમાં છે. તેથી આ જીવ બાજી જીતી જશે. કેમકે નવું બંધાશે...'પુણ્યાનુબંધી પુણ્ય' જે આધ્યાત્મિક ઉન્નતી કરાવશે... માટે જ કહે છે કે અનુબંધથી ચેતો' અનુબંધ ખોટો તો જીવ ભવભ્રમણના ચક્કરમાં અટવાઈ જશે, દુર્ગતિમાં પટકાઈ જશે...બંધ ભલે ગમે તે હોય...પુણ્યનો હોય કે પાપનો... તો તે ફક્ત એનું ભૌતિક સુખ કે દુઃખ આપીને વયું જશે...પણ નવું કર્મ તો અનુબંધ જ બંધાવશે જે અનુબંધ...પ્રત્યેકે પ્રત્યેક બંધની સાથે અતૂટ બંધનથી જોડાયેલું છે... આ અનુબંધ જ છે કે જે કરેલી ક્રિયાને ફોક કરી નાખે છે. જે જન્મ-મરણના ચક્કર પૂરા થવા જ નથી દેતું. કરેલી શુભ ક્રિયા - અશુભ અનુબંધને કારણે વિષક્રિયા બની જાય છે પણ આપણને તો બંધ દેખાય છે, અનુબંધ કયાં દેખાય છે? મેં પાંચ લાખનું દાન કર્યું તે દેખાય છે, પરંતુ દાન આપતી વખતે... અંદર જે ભાવ ઉત્પન્ન થયો હતો કે ''આ તો વેવાઈ બાજુમાં બેઠાતા એટલે 'ના' ન પાડી શક્યો બાકી આટલા બધા આપી દઉં એવો નથી''-''જોને પૈસા માગવા આવ્યા'તા પણ પ્રશંસાના બે શબ્દોય બોલ્યા.'' આવા બધા ભાવ આપણને દેખાય છે ખરા? આવા તો કેટલાય, માન-અપમાનના, વિષય-કષાયના, 'અહમ'ના 'મમ'ના ભાવો વડે અનુબંધ પડે છે. આ બંધ ને અનુબંધ ફક્ત દાન કે તપ માટે નથી સમજવાનું... દરેકે દરેક કર્મબંધ જે તમે ૨૪ કલાકમાં કરો છો તેની સાથે જ તત્કાલ જ અનુબંધ પડી જ જાય છે... તે તેનો સમય પાકતા ઉદયમાં આવે છે. ત્યાં સુધી જીવની સાથે ફર્યા કરે છે. તેવી રીતે સમજી લો કે અત્યારે તમે જે કાંઈ કરી રહ્યા છો,... ક્રોધ કરી રહ્યા છો, કે તપ કરી રહ્યા છો કે દાન કરી રહ્યા છો કે મારામારી કરી રહ્યા છો તે ગતજન્મોમાં નાખેલું કોઈ કર્મબંધ ઉદયમાં આવ્યું છે તે તમને કરાવે છે, તમે કરવાવાળા કોઈ નથી. વળી તે કર્મ જે વખતે આ જીવે કર્યું હશે તે વખતના મનોગત ભાવ પ્રમાણે તેનો અનુબંધ પડયો હશે... તે પણ આ બંધના ઉદય સમયે તેની સાથે જ ઉદયમાં આવી નવું કર્મ બંધાવશે... પુણ્યનો અનુબંધ ત્યારે, તે વખતે પડયો હશે તો પુણ્ય કર્મ બંધાવશે ને પાપનો અનુબંધ હશે તો પાપકર્મ બંધાવશે.. જો પુણ્યનો અનુબંધ હશે તો નવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે જે ક્રમિક આધ્યાત્મિક ઉન્નતી સાધશે. જો પાપનો અનુબંધ હશે તો નવું પાપાનુબંધી પાપ બંધાવશે જે જીવને દુર્ગતિની ખાઈમાં પટકી દેશે. બે-ત્રણ ઉદાહરણથી આ વાત સમજીએ. કેમકે ધર્મના ક્ષેત્રમાં આધ્યાત્મના ક્ષેત્રમાં આ વાત સમજીને આચરણમાં મૂકવી ખૂબ જ જરૂરી છે. નહીં તો કેટલી પણ શુભકરણી કરીને કે કષ્ટ વેઠીને તપ વગેરે કરીને પાછા ગોળ ચક્કર ખાઈને હતા ત્યાં ને ત્યાં આવીને ઊભા રહીશું...

આપણે આમાં આગળ આદિનાથ દાદાનું ઉદાહરણ આપ્યું છે તો પહેલા તેના પરથી બંધ-અનુબંધ સમજીએ. જ્યારે દાદાએ બળદોનું મોઢું બાંધ્યું ત્યારે દાદાને પાપનો બંધ પડયો. પરંતુ એ વખતે એમના મનમાં બળદો પ્રત્યે કોઈ દ્વેષભાવ નહોતો. 'બળદોને દેખાડી દઉં કે હવે કેવી રીતે ખાય છે?' એવા કોઈ ભાવ ન હતા. બળદોને કલાકો ના કલાકો મોઢું બાંધી રાખવાના પણ ભાવ ન હતા, એ તો ભૂલથી રહી ગયા... આમ મનોગત ભાવની શુદ્ધિ હોવાના કારણે અનુબંધ પુણ્યનો પડયો. આમ દાદાનું આ કર્મ (બળદોનું મોઢું બાંધવાનું) બની ગયું પુણ્યાનુબંધી પાપ.

હવે આ કર્મ જ્યારે ઉદયમાં આવ્યું ત્યારે પાપનો બંધ હોવાને કારણે એમને કોઈએ ગોચરી વહોરાવી નહીં. વહોરવા જઈ જઈને પાછું આવવું પડતું, ઉપવાસ કરવો પડતો... તે કરેલા પાપના બંધ નું ફળ મળ્યું પરંતુ અનુબંધ પુણ્યનો હોવાના કારણે એમના મનમાં ક્યારેય કોઈનાય પ્રત્યે દ્વેષ જાગ્યો નહીં, સાચું-ખોટું લાગ્યું નહીં... આવેલ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કર્યો ને કર્મ કિ આધ્યાત્મિક ઉન્નતી સાધીને મોક્ષપદને પામ્યા. પરંતુ જો દાદાનો અનુબંધ પણ પાપનો પડયો હોત તો પાપાનુબંધી પાપ બની જાત. તો અનુબંધ પણ પાપનો પડવાને કારણે એમને ગોચરી નહીં મળતાં મનમાં અતિશય દુઃખ થયું હોત, આતર્ધ્યાન થયું હોત અથવા તો ગોચરી નહીં વહોરાવનાર પર દ્વેષ થયો હોત. ''આટલીયે ખબર નહીં પડતી હોય આ લોકોને કે હું ખાવાનું લેવા માટે આવું છું.'' આવા આવા આતર્ધ્યાનથી નવું પાપકર્મ બાંધ્યું હોત ને જન્મ-મરણના ફેરામાં ફસાઈ ગયા હોત. ખ્યાલ આવ્યો શું છે અનુબંધમાં તાકાત? અનુબંધ શું છે? શા માટે અનુબંધથી ચેતવાનું છે? ફક્ત તપ કરીને કે પુણ્યકાર્ય કરીને ખુશ નથી થવાનું - નજર ચેકિંગ અનુબંધ પર રાખવાનું છે. આ તપ 'મેં કર્યું' એટલું પણ આવે ને તેની પાછળ બીજા કેટલા દોષો ખેંચાઈને આવે છે ખબર છે? ''મારે માસક્ષમણ છે, પેલા ભાઈ સામે મળ્યા, એમને ખબર છે છતાં શાતાય ન પૂછી?'' ''આ જે ૨૫ મા ઉપવાસે મારે જાતે પાણી ઉકાળીને પીવાનું? જાતે ગાદી પાથરવાની? ઘરનાને કાંઈ પડી જ નથી?'' ''મારે તો માસક્ષમણ છે, વરઘોડામાં રથમાં બેસવાનું છે, કઈ બ્યુટીપાર્લર વાળીને બોલાવું? સારામાં સારી તૈયાર કરે... મારો વટ પડી જાય...'' ''માસક્ષમણ છે ઊજવવાનું તો હોય જ ને? એવી એવી વાનગી પસંદ કરો કે લોકોને મોઢામાં સ્વાદ રહી જાય, જમવાના વખાણ કરતાં ન થાકે...'' અહો! અહો! આવા તો કેટલાય મનોગત ભાવો...અનુબંધ પાપને પાડતા હોય છે... માસક્ષમણ બંધ પુણ્યનો, મનોગત ભાવ-અનુબંધ પાપનો... માટે આ બની ગયું પાપાનુબંધી પુણ્ય. હવે આ પુણ્ય ભવાંતરમાં ઉદયમાં આવશે ત્યારે કદાચ એ પુણ્યપ્રભાવે સુંદર રૂપ

મળશે, સુખશાતા વાળું શરીર મળશે... પણ પાપનો અનુબંધ જોડે હાજર જ છે... તે કદાચ અહંકારી-ક્રોધી સ્વભાવ આપશે. કદાચ વેશ્યાવાડે ઢસડી જશે... ને નવું પાપકર્મ કરાવશે. થઈ ગયું માસક્ષમણનું પુણ્ય પૂરું ને પાપની શૃંખલા ચાલી. માટે જ કહ્યું છે કે અનુબંધથી ચેતો... તો તપ કરતી વખતે એકતો અનુબંધ પર ચેકિંગ રાખો.. ને બીજું જે કાંઈ કર્મ ઉદીરણામાં આવે, માથું દુખે, ચક્કર આવે, ભૂખના વમળ ઊઠે પેટમાં, ઊલટી થાય, પગ તૂટે... તો વિચારો કે આ તો મેં જ આમંત્રણ આપીને બોલાવેલા મહેમાન છે. ''આ ક્યારે જાય? ક્યારે મટે?'' એવા દ્વેષના કિરણો નહીં નાખો. એને દબાવીને ચોળીને કાઢવાનો પ્રયત્ન નહીં કરો પરંતુ સમતાભાવે સહન કરો, સમતાપૂર્વક વેદાંતો કર્મ નિર્જરીને ચાલી જશે. નહીંતો દ્વેષના કર્મોનો ગુણાકાર થશે. જો બહુ સારી સુખશાતા રહી તો પણ ખુશ-ખુશ થઈને નાચી નથી ઊઠવાનું... નહીં તો રાગના કર્મોનો ગુણાકાર થશે. બંને પરિસ્થિતિમાં સમતામાં જ સ્થિર થવાનું છે. પરિસ્થિતિ સુખદ હોય કે દુ:ખદ એકપણ પરિસ્થિતિ કાયમ રહેવાની નથી. દેર-સબેર ચાલી જ જશે. એમ મહાવીરે બતાવેલી પ્રથમ અનિત્યભાવનામાં સ્થિર થઈ બંને પરિસ્થિતિને સમતાપૂર્વક વેદવાથી કર્મની નિર્જરા થશે. કહે છે કે સમકિત પામ્યા પછી ૯૫% અનુબંધ પુણ્યનો હોય છે. તેનાથી ઊલટું સમકિત વગરનાને ૯૫% અનુબંધ પાપનો હોય છે. માટે આ મનુષ્યજન્મ પામી આપણે પ્રથમ પુરુષાર્થ સમકિત પામવા માટેનો જ કરવાનો છે!

હવે આપણે નજર નાખીએ જરા ''સંલેખના વ્રત'' પર ગતાંકમાં આના વિષે થોડી ચર્ચા કરી.

જન્મ લેનારનું જીવન ત્યારે જ સાર્થક કહેવાય જ્યારે મૃત્યુ મહોત્સવ બને. પરંતુ એ માટે સમાધિ જોઈએ. સમાધિ જીવનમાં કરાતી સાધના દ્વારા મળે છે. તેથી જીવનને સાધના-આરાધના-ઉપાસનામય બનાવવું જોઈએ.

શું કુબેરો, શું સિકંદર, ગર્વ સહુના તૂટશે.
હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે.
કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી
આ તો ફૂટયો છે પ્યાલો, કાલે કૂંજો ફૂટશે.

છેલ્લાં ઘણાં વર્ષોથી હું જોઉં છું કે મોટા ભાગના સ્નેહીજનોના મૃત્યુ હૉસ્પિટલમાં જ થતાં હોય છે. તેમાંય ઘણા પેશન્ટ તો ૮-૧૦ દિવસથી કે મહિના મહિનાથી વેન્ટીલેટર પર હોય છે. ફૂડપાઈપથી ખોરાક અપાતો હોય છે. આ જોઈને મને થાય કે આવું જીવન ચાર દિવસ વધારે જીવ્યા તોય શું? ને ના જીવ્યા તોય શું? એમાંય આ પૈસાપ્રધાન યુગમાં પૈસાના એવા લાલચુ ડૉક્ટરો પણ જોયા છે કે માણસ મૃત્યુ પામ્યા પછીએ વેન્ટીલેટર પર ૨-૪ દિવસ શ્વાસોશ્વાસ બતાવે છે... રૂમમાં કોઈને જવા દેતા નથી, કહે છે કે પેશન્ટને ઈન્ફેક્શન લાગી જશે...ને પૂરેપૂરા પૈસા પડાવ્યા પછી જ પેશન્ટને છોડે છે. આવા માનવતાહીન યુગમાં આપણે જીવી રહ્યા છે. પેશન્ટના જતા સુધીમાં તો એના ઘર પરિવારના સભ્યો સમયથી ને પૈસાથી બરબાદ થઈ જાય છે ને ડૉક્ટરોના, હૉસ્પિટલોના, પેથોલોજિસ્ટના ને એક્સ-રે વાળાના ખિસ્સા ભરાય છે. માટે દરેક વ્યક્તિએ સ્વસ્થતાથી વિચાર કરવો જોઈએ કે... ''મારી પાંચમની છઠ કરવાને કોઈ સમર્થ નથી. અને મારી પરિસ્થિતિ કદાચ એવી થાય કે હું બોલી પણ ન શકું, બેભાન થઈ જાઉં કે કોમામાં ચાલ્યો જાઉં એની પહેલાં જ પરિવારના સભ્યોને ચેતવી દઉં કે મને ફૂડપાઈપ પર કે વેન્ટીલેટર પર જીવવું નથી. કારણ કે એ પરિસ્થિતિમાં હું કોઈ ધર્મ કરી શકીશ નહીં. મેં ઘણી જિંદગી જીવી લીધી છે, એટલે મારી કોઈ ભૌતિક ઈચ્છાઓ બાકી નથી. તો શા માટે મેં જેટલું ઉજ્જવળ જીવન જીવ્યું છે એટલું જ ઉજ્વળ મોત ન મરું? શા માટે હું આજથી જ વિપશ્યના સાધના દ્વારા સમતામાં રહેવાની ને સમાધિમાં રહેવાની પ્રેક્ટિસ શરૂ ન કરું? જેથી શારીરિક તકલીફ વખતે સમતામાં રહી શકું...ને મૃત્યુ સમયે સમાધિ પ્રાપ્ત કરી શકું. મારા જીવનને આજથી જ સાધના-આરાધના-ઉપાસનામય બનાવીને સહર્ષ મૃત્યુનો સ્વીકાર કરું. મારે હૉસ્પિટલની ચાર દીવાલો વચ્ચે ગોંધાઈને, નળીઓમાં વિંટળાઈને જવું નથી.. મારે તો ઘરના પવિત્ર ધર્મમય વાતાવરણમાં સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગમાં લીન થઈને મૃત્યુને મહોત્સવ બનાવવો છે.'' જો આવી આવી ભાવનાઓથી મન મક્કમ થતું જતું હોય, શરીર પણ જર્જરિત થઈ ગયું હોય, જેનાથી હવે જરા પણ ધર્મ સાધી શકાય એવું લાગતું ન હોય, ને મૃત્યુ નિશ્ચિત બનીને સામે આવીને ઊભું હોય તો મને લાગે છે કે સંલેખના વ્રત ઉચ્ચરીને મૃત્યુને સાર્થક બનાવવું જોઈએ. જો મનની મક્કમતા હોય તો પોતાના સગા-સ્નેહી-પરિવારજનોને પણ કહી રાખવું જોઈએ કે ''અચાનક એવી કોઈ પરિસ્થિતિ ઊભી થાય તો, સમાજમાં લોકો શું કહેશે? એવી સમાજની ચિંતા કર્યા વગર, પેશન્ટના આંતરિક ભાવને મહત્ત્વ આપીને એની ઈચ્છા મુજબ કરવું જોઈએ.'' સંલેખના વ્રત લેવું કે નહિ... એ દરેકની વ્યક્તિગત ક્ષમતા ને ભાવનાને મનની મક્કમતા પર અવલંબે છે, એમાં કોઈ આગ્રહ કે દુરાગ્રહ હોઈ શકે નહીં... હું તો ફક્ત એટલું જ કહીશ કે જો મોત પછી આ શરીર સળગી જવાનું હોય તો પછી આ શરીર મારફત આત્મહિત શા માટે સાધી ન લેવું? મૃત્યુને ભેટવું છે તો, હસતાં હસતાં, રંજ ને રોષ રાખ્યા વિના, અંતરના ઉમળકાથી સ્વાગતભેર શુભ ધ્યાન ધરતાં ધરતાં પ્રભુ નામસ્મરણ કરતાં કરતાં...

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ અશોક નગર, દામોદરવાડી,
કાંદિવલી (ઈસ્ટ), મો. ૮૮૫૦૦૮૮૫૬૭

ગાંધી વાચનયાત્રા

# એક આખી અલગારી પેઢીની આત્મકથા 'સામે પવને'

ડૉ. સોનલ પરીખ

૧૯૪૦થી ૧૯૫૦ના દાયકામાં જે પેઢી યુવાન હતી તેની સામે શક્યતાઓનું અનુપમ વિશ્વ હતું. નવી સ્વતંત્રતા તેમના લોહીમાં ઉછાળા લેતી હતી. હૈયામાં ગાંધીજીએ રોપેલાં દરિદ્રનારાયણની સેવાનાં બીજનું અંકુરણ હતું અને આંખોમાં પરિવર્તનનાં સ્વપ્નો રમતાં હતાં. નવો ઇતિહાસ સર્જવાનો ઉમંગ લઇ આ પેઢીએ દેશસેવામાં ઝુકાવ્યું હતું અને તેમ કરવા માતાપિતાનો ખોફ વહોર્યો. કુટુંબની સદ્ધર સુંવાળી પથારી ત્યાગી પથ્થરના ઓશીકે માથું મૂક્યું. મહાત્મા ગાંધીના નામનો દીવડો લઇ જીવતરનાં અંધારાં ઊલેચ્યાં. નામ કે પ્રતિષ્ઠા કે પદના કોઇ મોહ વગર ખંતપૂર્વક થઇ તેટલી સેવા કરી અને શાંતિથી દુનિયામાંથી વિદાય લીધી.

આ પેઢીના એક પ્રતિનિધિ યોગેન્દ્ર પરીખની આત્મકથા 'સામે પવને' વિશે આજે વાત કરીએ. આમ જુઓ તો આ પુસ્તક ગાંધીજીનું લખેલું કે ગાંધીજી વિશે લખાયેલું પુસ્તક નથી, પણ તેના પાને પાને ગાંધીજીની નક્કર હાજરી અનુભવાય છે. ગાંધીકાર્યો કરવાં સહેલાં નથી અને ગાંધીવાદીઓનાં માનસ તેમ જ ગાંધી સંસ્થાઓના વહીવટ કેવા અટપટા હોય છે તેની જાણકારી પણ આ પુસ્તકમાંથી મળે છે.

૧૯ વર્ષની ઉંમરે રચનાત્મક કાર્યો કરવા માટે યોગેન્દ્રભાઇએ ઘર છોડ્યું, શિક્ષણ પણ છોડ્યું. એમનો જન્મ તો મુંબઇવાસી સુખી સંપન્ન કુટુંબમાં. દીકરો ડૉક્ટર, વકીલ કે ઇજનેર બની સુખી જીવન જીવે તેવો પિતાનો સ્વાભાવિક આગ્રહ. યોગેન્દ્રભાઇ રાષ્ટ્રીય વિચારો ધરાવતા શિક્ષકો પાસે ભણ્યા. વિદ્યાર્થી અવસ્થામાં રાષ્ટ્ર સેવાદળના સૈનિક બન્યા. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીની આત્મકથાઓ સાથે 'ગ્રામલક્ષ્મી'ના ચારે ભાગ વાંચી કાઢ્યા. ગામડામાં બેસીને સેવા કરવાનો એવો રંગ લાગ્યો કે ઊગતી વયે જ ઘર છોડ્યું. ક્રોધિત અને દુઃખી પિતાને સમજાવતાં કિશોરલાલ મશરૂવાળાએ કહ્યું, 'યોગેન્દ્રને ગામડામાં જવું છે, આશ્રમજીવન જીવવું છે, સહેલું નથી. જો ટકશે તો આગળ વધશે અને નહીં ટકે તો કંઇક નવું શીખીને પાછો આવશે. એને જવા દો.'

અને યાત્રા શરૂ થઇ. ચાર દાયકા સુધી સામે પવને બહારવટું ખેડ્યું. કોઇ નામની ઓથ નહીં, કોઇ સમરથની સહાય નહીં. પોતાના જ બળે ઝઝૂમતા તેમણે પચાસથી પણ વધુ વર્ષ સેવાકાર્યો કર્યાં. મુંબઇમાં જન્મી, ઉછરી, ગામડામાં જીવન ગાળવા જે મથામણ થઇ તે દરમ્યાન દિશા તો સચવાઇ છે ને - આ પ્રશ્ન ઊઠતાં તેમણે વીતેલા જીવનનું અવલોકન કરવા માંડ્યું. યાદ આવતું ગયું તેમ કાચી નોંધો કરતા ગયા. 'આ માનસિક પ્રક્રિયામાંથી પસાર થતાં સમજાયું કે અમે બન્નેએ જે દિશા પકડી હતી તે જીવનભર જાળવી રાખી હતી. બસ, તે પળથી લખવાનું અડધે ફકરે છૂટી ગયું. બધું વીંટો વાળીને માળિયે ચડાવી દીધું.'

પણ સ્નેહી મકરંદ દવેએ આજ્ઞા કરી, 'કાચું લખાણ મારી પાસે લઇ આવો.' વાંચ્યા પછી બીજી આજ્ઞા કરી, 'પુસ્તક કરો. હું આમુખ લખી આપીશ...' પણ જાહેરજીવનનાં અમુક પાત્રો જીવતાં હોય તેમની સાથે મતભેદ થાય, વિવાદ થાય તે કરવું નહોતું, તેથી લેખકે બે માપદંડ સામે રાખ્યા, 'ગુણદર્શન જ કરવું અને આખી વાતને જીવનઘડતરની દૃષ્ટિએ જ વિચારવી.' આમ 'સામે પવને' આત્મકથાથી વિશેષ જીવનઘડતરની કથા બની. જેને પોતાના જીવનનું ઘડતર જાતે જ કરવું છે અને ચીલાચાલુ મારગે પગલાં નથી માંડવાં તેવા નવલોહિયાઓને તો આ કથા પોતાની જ આપવીતી જણાશે.

આ પુસ્તક યોગેન્દ્રભાઇએ તેમનાં પત્ની નીલમબહેનને અર્પણ કર્યું છે. નીલમબહેન ગાંધીજીનાં પ્રપૌત્રી. સફેદ ખાદીમાં ઓપતાં નાનકડાં દેહ સાથે વિરાટ સેવાકાર્યો ઉપાડી પાર પાડી શકે તેવાં મજબૂત. સેવાના આ બંને ભેખધારીઓએ જીવનભર જે મથામણ કરી તેનું વર્ણન એક લેખમાં ન થઇ શકે. એ સુંદર ચિતાર મેળવવા આ આત્મકથા વાંચવી પડે. કોઇ આડંબર નહીં, કોઇ આપવડાઇ નહીં, પ્રસંગોનું તાદશ આલેખન અને સાચાખોટાના કોઇ લેખા પાડવાનો પ્રયત્ન નહીં. શૈલીમાં સાદગી અને સહજતા સાથે સંગીત અને સાહિત્ય પ્રત્યેનો કુદરતી પ્રેમ દેખાય છે, જેને લીધે આત્મકથા શુષ્ક દસ્તાવેજી આલેખન નહીં, પણ રોમાંચક ઘડતરકથાનો આનંદ આપે છે.

પ્રસ્તાવનામાં મકરંદ દવે કહે છે તેમ આ એક નોન કન્ફર્મિસ્ટ - કંઠીતોડ આદમીની કથા છે. પ્રાચીન કાળમાં આવી વ્યક્તિને વ્રાત્ય કહેતા. વ્રાત્ય એટલે 'વ્રાતાત્ સમૂહાત્ ચ્યવતિ યત્' એટલે કે સમૂહમાંથી, ટોળામાંથી નીકળી ગયેલો. એકલપંથી વ્રાત્ય માટે જીવનનો પંથ હંમેશાં કઠિન રહેવાનો.

'સામે પવને'માંથી પસાર થતા જઇએ તેમ તેમ જણાય છે કે એક તરફ સોનેરી સપનાં સેવ્યાં હોય તે અણધાર્યાં તૂટી પડે છે તો બીજી તરફ દિશા ન સૂઝતી હોય તેવી અંધારઘડીઓમાં અણધાર્યું કોઇ પ્રકાશકિરણ મળી આવે છે. આવા પ્રસંગોની તાવણીમાંથી યોગેન્દ્રભાઇ-નીલમબહેન નમ્ર અને શ્રદ્ધાળુ બનીને, સાચું સોનું થઇને બહાર આવ્યાં છે.

ચાલીસમા વર્ષે યોગેન્દ્રભાઇને એક મોટું જોખમી ઑપરેશન

કરાવવું પડ્યું. ઑપરેશન થિયેટરમાં એનેસ્થેશિયા લેતી વખતે મનોમન સંકલ્પ કર્યો કે 'જો જીવી જઇશ તો પૈસા અને કામનો સંબંધ સમાપ્ત કરી નાખીશ.' તેઓ બચી ગયા, ઘણું કામ કર્યું, પણ નિર્ણય કર્યો હતો તે મુજબ કોઇ વેતન કે વળતરથી દૂર રહ્યા. નીલમબહેન વ્યારાની શાળામાં આચાર્યા હતાં, તેમના પગારમાંથી ઘર ચાલ્યું.

તેમના પુત્ર સમીરે ઑપ્થેલ્મોલોજિસ્ટ તરીકે નામ કાઢ્યું છે. જીવનભર 'સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબી'માં રહેનાર યોગેન્દ્રભાઇ દીકરાના બંગલામાં રહેતા અને હસતાં હસતાં કહેતા, 'આ અનિચ્છાએ સ્વીકારેલી અમીરી છે !'

જે અલગારી પેઢીના ઊમળકાભર્યાં મૂંગા બલિદાનોથી સ્વયં મહાત્મા ગાંધી ઊજળાં હતાં, તેના પ્રતિનિધિ સમા યોગેન્દ્રભાઇ પરીખની આત્મકથા 'સામે પવને' વાંચીને આ પંક્તિઓ યાદ આવે :

મંઝિલ હૈ અપની દૂર, બહોત દૂર, રાહ કઠિન
યે જાન કર ભી સાથ નિભાયે તો બાત હૈ
દેખી હવા જિધર કી ઉધર હર કોઇ ચલા,
અપની રવિશ પે ચલ કે દિખાયે તો બાત હૈ.

**- સોનલ પરીખ**

('સામે પવને' યોગેન્દ્ર પરીખ. પ્રકાશક નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ - ૪૦૦૦૦૨, ફોન ૦૨૨ ૨૨૦૧૭૨૧૩. દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧ મૂલ્ય રૂા. ૧૫૦)

❑❑❑

સંપર્ક - મો : ૯૮૩૩૭૦૮૪૯૪

# શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર અને આકાલોના સીતાબહેન ! ઈતિહાસના દર્પણમાં પેથાપુરની એક ઝલક

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

રળિયામણું પેથાપુર સાબરમતી નદીના કિનારે વસ્યું છે. ગાંધીનગર મહુડી રોડ પર આવેલું પેથાપુર સં. ૧૪૪૫માં પેથુજી નામના ઠાકુરે વસાવેલું અને તેના પરથી જ ગામનું નામ પડ્યું પેથાપુર. પેથાપુર એક સમયે કાસ્ટની કળાથી શોભતા અને ઉત્તમ કોતરણીવાળા મકાનોથી છલકાતું હતું. મકાનોની બાંધણીની જેમ અહીંની બાંધણીની સાડીઓ દેશ-દેશાવરમાં પ્રખ્યાત હતી. આ ગામમાં તલવારો અને બંદૂકો બનાવવાનો પણ મોટો ઉદ્યોગ હતો.

પેથાપુર એક સ્ટેટ હતું. શૂરવીર અને ભોળા અહીંના પ્રજાજનો હતા. અહીં ચારસો જેટલા જૈનોના ઘરની આબાદી હતી. જૈનો સુખી હતા. જૈનોએ અહીં ત્રણ જિનાલયોનું અને સાત ઉપાશ્રયોનું અને એક વિશાળ પાંજરાપોળનું અને બે આધુનિક શાળાઓનું નિર્માણ કર્યું હતું.

પેથાપુરમાં એક જિનાલય તો બાવન જિનાલય છે. અમદાવાદનું હઠીસીંગનું દહેરું જોઈએ છીએ ત્યારે સમજાય છે કે એ પેથાપુરના બાવન જિનાલયની ડિઝાઈન પરથી બન્યું હશે.

પેથાપુરનું બાવન જિનાલય દેવવિમાન જેવું સુંદર અને ભવ્ય છે. આજે પણ આ જિનાલય અદ્‌ભુત શોભી રહ્યું છે. આ જિનમંદિરનું નિર્માણ ક્યારે થયું હશે તેની નોંધ મળતી નથી, પરંતુ ૨૦૦ વર્ષથી અધિક પ્રાચીન હોવાથી આ બાવન જિનાલય તીર્થ સ્વરૂપ છે અને તેના દર્શનથી તીર્થનાં દર્શનનો લાભ મળે છે.

શ્રી સુવિધિનાથ ભગવાન આ જિનાલયના મૂળનાયક છે. આ જિનાલયનો રંગમંડપ વિશાળ, સુંદર અને કલાકૃતિઓથી છલકાઈ રહ્યો છે. કહે છે કે પહેલા આ જિનાલયમાં સાત તો ભોંયરા હતા. અત્યારે એક છે. ૧૭૮ જિન પ્રતિમાઓથી શોભતા આ જિનાલયમાં ભોંયરામાં અલૌકિક પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. ચમત્કારીક આ મૂર્તિના ખભા પર પણ બે નાગની ફણા શોભે છે. વહીવટકર્તાઓની અણસમજને કારણે શ્રી સુવિધિનાથ ભગવાન તથા રંગમંડપમાં રહેલી બે દેવી પ્રતિમાઓના શીલાલેખ વંચાતા નથી. તેના કારણે આ મંદિર કેટલું જૂનું છે તેની પાકી ખબર પડતી નથી. વળી દરેક પ્રતિમાઓ નીચે જે શીલાલેખો જોવા મળે છે તેની પ્રતિષ્ઠાની તારીખો અને વર્ષો અલગ-અલગ જોવા મળે છે. તેથી આ મંદિરનું નિર્માણ સળંગ ક્રમે થયું લાગતું નથી.

શ્રી અજિતનાથ ભગવાન કાઉસગ્ગની મુદ્રામાં ઊભા હોય તેવી પ્રતિમા છે. તેમના એક હાથમાં માળા અને બીજા હાથમાં કમંડળ છે. આવું અન્યત્ર ક્યાંયે જોવા મળતું નથી. એક અભયચંદ્ર ગરુ પ્રતિમા અર્ધ પદ્માસનસ્થ છે, તેના મસ્તક પર પ્રભુની પ્રતિમા છે. જિનપ્રતિમાઓ શાંત અને પ્રસન્નતાથી સભર હોય છે અને તેથી તે સૌને શાંતિ અને પ્રસન્નતા આપે છે.

તે સમયના જૈનોએ કેવા ભક્તિભાવપૂર્વક આ ભવ્ય જિનાલયની સ્થાપના કરી હશે!

પેથાપુરમાં આજથી ૧૨૫ વર્ષ પહેલાં યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પધાર્યા ત્યારે તેમણે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની મીટિંગ બોલાવેલી અને ત્રણ દિવસ ચાલેલા તે સમારોહમાં આખા ભારતમાંથી પાંચ હજાર જૈનો ઊમટેલા.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ તેમની ડાયરીમાં નોંધ્યું છે કે સાબરમતી નદીના કિનારે વસેલા પેથાપુરની બહારની કોતરોમાં

અને ગુફાઓમાં હું ધ્યાન ધરું છું અને મને નિજાનંદ મળે છે.

શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ પેથાપુર વિશે અનેક નોંધ લખી છે. તેઓની આચાર્ય પદવી પેથાપુરમાં થઈ હતી. તે દિવસે શેઠ જગાભાઈ, ઝવેરી જીવણચંદ ધરમચંદ તથા શ્રી પેથાપુર સંઘ તરફથી ત્રણ જમણવાર થયા હતા. તે દિવસે પોતાની ડાયરીમાં શ્રી બુદ્ધિસાગરજી નોંધે છે કે પેથાપુરની દક્ષિણ દિશામાં મોટા વાઘામાં ટેકરા પર બેસીને સૂરિમંત્રની યોગરાજ પીઠનું ધ્યાન ધર્યું.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ સૌને ઉપદેશ આપતા કે શક્તિમાન બનો અને વીર બનો. તેઓ માનતા કે જે સમાજ શક્તિમાન નથી તેનો કોઈ પ્રભાવ આ દુનિયા પર પડતો નથી. શ્રી બુદ્ધિસાગરજી મહારાજે સાબરમતી નદીના સૌંદર્યનું કરેલું વર્ણન ઠેર ઠેર વાંચવા મળે છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ શ્રાવકોના સંતાનોને લઈને નદી કિનારે જતાં અને તેમની પાસે યોગ કરાવતા. પેથાપુરમાં સાગરગચ્છ અને વિમળગચ્છ એમ બે ગચ્છના મજબૂત શ્રાવક પરિવારો હતા. કિન્તુ કોઈપણ ભેદભાવ વિના શ્રી બુદ્ધિસાગરસૂરિજી પ્રત્યે સૌ પૂજ્યભાવ રાખતા. એકવાર પેથાપુરના શ્રાવકનાં પાંચ સંતાનોને શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી યોગ શીખવવા ગામની બહાર મેદાનમાં લઈ ગયા. શ્રીમદ્જી સમાધિ લગાવીને બેઠા હતા. એ સમયે ઓતરાદિ દિશામાંથી ફૂંફાડા મારતો સર્પ શ્રીમદ્જીની નજીક સરકી આવ્યો. બાળકોએ તીણી ચીસ પાડી પણ શ્રીમદ્જી અવિચલ રહ્યા. એમના અંતરમાં સર્વ પ્રત્યે પ્રેમનો સમુદ્ર ઘૂઘવતો હતો. સાચા પ્રેમની પરિભાષા માનવી તો શું પશુ પણ સમજે છે! શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ હસતાં હસતાં ડરી ગયેલાં બાળકોને કહ્યું : 'આ સાપ હમણાં ચાલ્યો જશે એ આપણને ઉપદ્રવ કરવા આવ્યો નથી!'

અને સાચે જ, સર્પ ધીમેથી સરકીને દૂર જતો રહ્યો!

પેથાપુરના બાવન જિનાલયની અંદર પ્રગટપ્રભાવી શ્રી ઘંટાકર્ણ મહાવીરની સુંદર પ્રતિમા બિરાજમાન છે. પરમ ગુરુભક્ત આચાર્યશ્રી અજિતસાગરસૂરિજી મહારાજે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજનું ગુરુમંદિર અહીં નિર્માણ કરાવીને પ્રતિષ્ઠા કરાવી છે. પેથાપુરનો થોડોક જ ઈતિહાસ મળે છે તેનું કારણ અહીંના જૈનોની ઈતિહાસ પ્રત્યેની ઉપેક્ષા છે, પણ જેટલું મળે છે તે આપણને તીર્થદર્શનનું પુણ્ય આપે છે! પેથાપુરના જૈન અને અજૈનોમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી પ્રત્યે આદર અને ભક્તિભાવ ઘણો છે અને તેમની દેરીનાં દર્શન કરવા માટે પણ અનેક લોકો જાય છે.

પેથાપુરના વતની અને છેલ્લે પૂનામાં રહેતા સીતાબાઈની વાત પણ જાણવા જેવી છે. તેમનું મૂળ નામ તો સીતાબહેન છે પણ તેઓ મહારાષ્ટ્રમાં ઘણાં વર્ષો રહ્યાં તેથી તેમનો ઉલ્લેખ સીતાબાઈ તરીકે જાણવા મળે છે. પેથાપુરના ઝવેરી મોતીચંદ ભગવાનદાસના તેઓ સુપુત્રી હતો. તેમના પતિનું નામ શેઠ ચુનીલાલ ડોસલચંદ. સીતાબાઈ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ પ્રત્યે ખૂબ ભક્તિભાવ રાખતાં હતાં. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે ચુનીભાઈ તથા સીતાબહેનને પેથાપુર છોડીને મહારાષ્ટ્રમાં રહેવા જવાનું કહ્યું. અને કહ્યું કે તમે મહારાષ્ટ્રમાં સુખી થશો. ચુનીભાઈ અને સીતાબેન આકોલા રહેવા જતાં રહ્યાં. ચુનીભાઈ ત્યાં ખૂબ કમાયા. ત્યાંથી પૂના રહેવા ગયા અને જીવનભર પૂના રહ્યાં. ચુનીભાઈ સંવત ૧૯૭૭ના વૈશાખ સુદ ૫ ના રોજ આકોલામાં સ્વર્ગવાસ પામ્યા. તે પછી તેમના ધર્મપત્ની સીતાબહેને ખૂબ દાન કર્યું. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજની આચાર્યપદવી ૧૯૭૦માં પેથાપુરમાં થઈ. તે સમયે પણ તેમણે ખૂબ લાભ લીધો. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે ૧૯૭૦, ૧૯૭૩ અને ૧૯૮૦ના ત્રણ ચોમાસા પેથાપુરમાં કર્યાનો ઉલ્લેખ છે. આચાર્યપદવી થયા પછી જ્યારે શ્રીમદ્જીનું ચાતુર્માસ ત્યાં થયું ત્યારે સાધુ અને સાધ્વીજીને ચાતુર્માસ માટે ખૂબ અગવડ પડી તે વખતે શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજની પ્રેરણાથી સીતાબાઈએ સંઘની જમીન ઉપર સાગરગચ્છનો નવો ઉપાશ્રય બંધાવી આપ્યો. તે વખતે વિમળગચ્છે વાંધો પણ લીધો. તેનો કોર્ટમાં કેસ પણ ચાલ્યો. અને પછી તેનું સમાધાન થઈ જતાં તે ઉપાશ્રય ૧૯૭૯માં પૂર્ણ થયો. આ ઉપાશ્રયમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે ૧૯૮૦માં પોતાના જીવનનું અંતિમ ચાતુર્માસ કર્યું અને સં. ૧૯૮૧માં વિજાપુરમાં જેઠ વદી ત્રીજના રોજ તેઓ કાળધર્મ પામ્યા.

'શ્રીમદ્ દેવચંદ્રજી' નામના પુસ્તકમાં પેથાપુરના વકીલ નગીનદાસ સાકળચંદ એવું લખે છે કે સીતાબાઈને જ્યારે સાગરગચ્છ ઉપાશ્રય માટે કહ્યું ત્યારે તેમણે કહ્યું કે મારું સદ્ભાગ્ય કે મારી લક્ષ્મીનો સદ્ઉપયોગ થશે એમ જણાવીને તેમણે આ વિશાળ અને સુંદર ઉપાશ્રય તૈયાર કરાવ્યો અને સાગરગચ્છને અર્પણ કર્યો.

આ ઉપાશ્રયમાં સં. ૨૦૭૨માં શ્રીમદ્જીના કાળધર્મ પછી ૯૦ વર્ષે પહેલીવાર મેં (આ લેખકે) યશસ્વી ચાતુર્માસ કર્યું.

એમ કહેવાય છે કે છેલ્લા ચાતુર્માસ પછી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિહાર કરીને નીકળ્યા ત્યારે ત્યાંના સમાજ અને વહીવટકર્તાઓથી તેઓ પ્રસન્ન નહોતા. તેની અનેક વાયકાઓ આજે પણ પેથાપુરમાં પ્રચલિત છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ જતી વખતે જૈનોને એમ કહેલું કે પોતાના ઘર અને ખેતર કોઈએ વેચવા નહિ. ૫૦ વર્ષ પછી આ જમીનની કિંમત ખૂબ વધશે. આઝાદીના સમયમાં અમદાવાદ શહેરનો વિકાસ થયો અને પેથાપુરનો ધંધો પડી ભાંગ્યો અને ત્યાંના લગભગ જૈનો પોતાના ઘર વગેરે જેમના તેમ છોડીને અથવા વેચીને બીજે જતા રહ્યા. આજે ત્યાંની કિંમતો ખૂબ વધી ગઈ છે તે ઘરમાં કાં તો બીજાનો કબજો છે કાં તો તેમનું કોઈ રેકૉર્ડમાં નામ નથી અને સૌ પસ્તાય છે.

સીતાબાઈએ પોતાના પતિના સ્વર્ગગમન પછી તે સમયે હજારો રૂપિયા ધર્મ માર્ગે વાપર્યા છે. તેમણે બંધાવી આપેલો પેથાપુરનો

ઉપાશ્રય અડીખમ ઊભો છે. પેથાપુરના બાવન જિનાલયમાં તેમણે આરસ લગાવી આપેલો તેની તક્તિ સંઘે તે વખતે લગાવેલી તે આજે પણ જોવા મળે છે. 'શ્રીમદ્ દેવચંદ્રજી - વિસ્તૃત જીવન ચરિત્ર' નામના પુસ્તકમાં વકીલ નગીનદાસ સાકળચંદ (જેઓ ચંગ પોળ, નિશાની ખડકી અમદાવાદમાં રહેતા હતા.) નામના સજ્જને સીતાબાઈએ કેટલું દ્રવ્ય ખર્ચ્યું તેનો ઉલ્લેખ નીચે મુજબ કર્યો છે :

૧. પોતાના પતિના સ્વર્ગગમન બાદ શહેર આકોલાથી પેથાપુર આવીને વીશા પોરવાડ સમસ્ત જ્ઞાતિમાં પીત્તળની નળીઓનું ૧૯૭૮માં લહાણું કરીને રૂા. ૩૦૦૦ આશરે ખર્ચ્યા હતા.
૨. પોતાના પતિ પાછળ ચોખળાનો વરો એટલે બહોલી નાત કરી રૂા. ૧૫૦૦ આશરે ખર્ચ્યા હતા.
૩. સં. ૧૯૭૯માં શ્રી (શત્રુંજય) પાલિતાણાનો સંઘ સ્પેશિયલ ટ્રેન મારફતે (પોતાના માથે જવા આવવાનો ખર્ચ રાખી) પેથાપુર (સ્ટેશન રાંધેજા થઈ)થી કાઢી આશરે રૂા. ૨૦,૦૦૦ ખર્ચ્યા હતા.
૪. હાલનો સાગરગચ્છનો નવીન ઉપાશ્રય (રૂા. ૨૦,૦૦૦ ખર્ચી) બંધાવ્યો.
૫. આ ઉપાશ્રયના વાસ્તુ મુહૂર્તમાં ૧૯૭૯માં શાંતિસ્નાત્ર ભણાવી આશરે રૂા. ૨૦૦૦ ખર્ચ્યા હતા.
૬. પાલિતાણાનો સંઘ પેથાપુર લાવ્યા પછી અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર નવકારશી કરી આશરે રૂા. ૩૦૦૦ ખર્ચ્યા હતા.
૭. પેથાપુરમાં સાગરગચ્છ માટે સીતાબાઈવાડી (જમીન ખરીદી તે પર) બંધાવી આપી આશરે રૂા. ૫૫૦૦ ખર્ચ્યા હતા.
૮. ૧૯૭૯થી અદ્યપિ સુધી દર વર્ષે બે વખત આંબેલની ઓળીઓ કરાવે છે જેમાં પ્રતિ વર્ષે આશરે રૂા. ૨૫૦ ખર્ચે છે.
૯. સં. ૧૯૮૧માં શહેર આકોલામાં નવપદની આરાધનાનું નવ છોડનું ઉજમણું કરી જ્ઞાનારાધન કરેલું તથા પેથાપુરથી પોતાના ખર્ચે ઘણાં માણસોને તેડાવેલા, આમાં રૂા. ૧૭૦૦૦ ખર્ચેલા.
૧૦. આ જ પ્રસંગે શ્રી પાલિતાણા જૈન ગુરુકુળને રૂા. ૧૦૦૦ આપેલા.
૧૧. આ ગ્રંથ પ્રકાશનમાં રૂા. ૫૦૦ આપ્યા છે.
૧૨. આકોલામાં રૂા. ૨૨૦૦ ખર્ચી દેરાસરમાં ચાંદીનો મંડપ કરાવ્યો છે.
૧૩. આકોલામાં જૈન પાઠશાળાને માટે રૂા. ૧૫૦૦ ખર્ચી હોલ બંધાવી આપ્યો છે.

પેથાપુરમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજનો ઘણો ઉપકાર છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ ગુણાનુરાગી શ્રમણ ભગવંત હતા. તેઓ તપાગચ્છના હતા, પણ તેમના ધ્યાનમાં શ્રી દેવચંદ્રજીના અધ્યાત્મરસથી ભરેલાં કાવ્યો આવ્યાં ત્યારે તેમનો આત્મા પ્રસન્ન થઈ ગયો. શ્રીમદ્ દેવચંદ્રજી ખરતરગચ્છના હતા પણ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજના મનમાં ગચ્છભેદ નહોતો. પાદરાના શ્રાવક મોહનલાલ હેમચંદ વકીલ તેમના ખાસ ભક્ત હતા. તેમના પુત્ર મણિલાલ પાદરાકર તેમની પાસે જ રહેતા હતા અને તેમની ખૂબ સેવા કરતા હતા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે મણિલાલ પાદરાકરને આજ્ઞા કરી કે શ્રીમદ્ દેવચંદ્રજી વિશે જેટલી પણ માહિતી મળે તે શોધી કાઢો. મણિલાલ પાદરાકરે અથાગ મહેનત કરીને ખૂબ માહિતી એકત્રિત કરી અને તે પછી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે મણિલાલ પાદરાકરને જ કહ્યું કે શ્રીમદ્ દેવચંદ્રજી વિશે તમારે જ વિગતવાર જીવનચરિત્ર લખવાનું છે. મણિલાલ પાદરાકર (તેમનું કુટુંબ આજે પણ મુંબઈના ચોપાટીમાં દેવપ્રકાશ બિલ્ડિંગમાં રહે છે.) વકીલ તો હતા જ પણ સારા કવિ અને લેખક પણ હતા. તેમનું એક 'મારા સો વાક્યો' નામનું પુસ્તક સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ તરફથી તે સમયે પ્રગટ થયેલું તે આજે પણ મારી પાસે છે. મણિલાલ પાદરાકરને શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ આજ્ઞા કરી ત્યારે તેમણે પેથાપુરના ઉપાશ્રયમાં બેસીને જ શ્રીમદ્જીની સાથે ચાર મહિના ચાતુર્માસમાં રહીને 'શ્રીમદ્ દેવચંદ્રજી - વિસ્તૃત જીવન ચરિત્ર' નામનો ગ્રંથ લખ્યો. આનંદની વાત એ છે કે આ ગ્રંથમાં શ્રીમદ્ દેવચંદ્રજીના હસ્તાક્ષરમાં સંથારા પોરસીના બે પાનાં પણ પ્રગટ થયેલાં છે.

પેથાપુરનો ઈતિહાસ આ સિવાય પણ ઘણો છે. પેથાપુરમાં મેં ચાતુર્માસ કર્યું ત્યારે ચાતુર્માસનો ઈતિહાસ લખવાની વાત ઉપસ્થિત થયેલી પણ વિલંબમાં પડી. પેથાપુર જિનાલયના એકવાર દર્શન કરવા જેવા છે. તીર્થનાં દર્શનનું પુણ્ય ત્યાં પ્રાપ્ત થાય છે.

❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

### ઉપવનનું ફૂલ

ઊગ્યું એક ફૂલ ઉપવનમાં
લોક સૌ કહે એને ગાંધીફૂલ
રમ્ય મનોહર લહેરાતું ફૂલ
સુંદર દલ દીસે એકાદશ
દર્શન ઈશનાં કરવા સત્યમાંહી
અહિંસાકેરી શુદ્ધ આંખ થકી
કદી કાંઈ ના લેવું અવરનું
ગાંધીફૂલનું એ તૃતીય દલ
બિરાજે સમીપે બ્રહ્મચર્ય ને અપરિગ્રહ
શરીરશ્રમ અસ્વાદ ને સ્વદેશી
અડવું-ન અડવું એ વિચાર ખોટો
અભય અને સર્વધર્મને આદર
કેવી અભિજાત મોહક પાંખડીઓ
પૃથ્વીપરે સુરભિ રેલાવતું ગાંધીફૂલ...

- શાંતિલાલ ગઢિયા, વડોદરા
ફોન : ૦૨૬૫-૨૭૫૦૨૭૫

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

(ગતાંકથી ચાલુ...)

**જ્ઞાનપ્રાપ્તિ કારક**

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ
ત્વદ્ભક્તિ રેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ
તરચારુ ચામ્ર - કલિકા - નિકરૈક હેતુઃ ॥૬॥

ભાવાર્થ : હે પ્રભુ! હું તો સાવ અલ્પજ્ઞ છું. કદાચ શાસ્ત્રના પારગામી એવા વિદ્વાનોની હાંસીને પાત્ર કરીશ. છતાં પણ આપની ભક્તિ જ મને પરાણે વાચાળ બનાવી રહી છે. જેમ વસંતઋતુના આગમન સાથે જ કોયલ મીઠા મધુર સ્વરે કૂંજન કરવા લાગે છે તેનું એકમાત્ર કારણ આંબાના વૃક્ષ ઉપર લાગેલ મંજૂરીઓનો સમૂહ જ હોય છે.

વિવેચન : પ્રસ્તુત ગાથામાં આચાર્યશ્રીએ કોયલના રૂપક દ્વારા પરમાત્માની આત્મિક પ્રસન્નતાની મંજરીઓ જોઈને સ્તોત્ર રચનાનું વિશેષ પ્રયોજન દર્શાવ્યું છે. પરમાત્માનું સ્વરૂપ જ એવું છે જેની ચારે બાજુ ફક્ત આનંદ જ આનંદ છે. પ્રસન્નતા જ પ્રસન્નતા છે. એટલે જ પ્રભુના સ્મરણથી પ્રસન્નતા આપોઆપ પ્રસ્ફૂટિત થઈ જાય છે. કહ્યું પણ છે, ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું, પૂજા અખંડિત એહ રે.

'અલ્પશ્રુતં અને પરિહાસ ધામ' જેવા શબ્દો દ્વારા સ્તુતિકાર પોતાના ભાવો રજૂ કરી પરમાત્માના ચરણોમાં ભક્તિથી વિવશ બની મસ્તક ઝુકાવી કહે છે કે હે પરમાત્મા! કયાં મોટા મોટા શ્રુતધરો અને કેવળજ્ઞાનીઓ.. ને કયાં હું! એમની પાસે મારી બુદ્ધિમત્તા તો સાવ અલ્પ છે. તેમ છતાં સ્વશક્તિથી મોટું કાર્ય કરવા તૈયાર થયો છું. કદાચ મારું આ કાર્ય હાંસીને પાત્ર ગણાય, પણ મને તેની પરવા નથી. આપની ભક્તિમાં જ એવી શક્તિ છે કે મારું મનમંદિર આપના ગુણોની મધુરતાથી મહેંકી ઊઠયું છે. આપના ગુણોની સ્મૃતિથી મારા રોમરોમ પુલકિત બની ગયા છે. હું કદાચ મૌન બનીને પણ આપની આરાધના કરું... પણ આપના પ્રત્યેની ભક્તિ એટલી અસીમ છે કે હું આપની સ્તુતિ કર્યા વગર રહી શકતો નથી. આપની ભક્તિ મને વાચાળ બનાવી રહી છે.

સ્તુતિકાર અહીં 'બલાત્' શબ્દ દર્શાવી ભક્તિને ચરમ સીમા સુધી લઈ ગયા છે. પૂર્વની ગાથામાં આચાર્યશ્રીએ 'વિવશ' શબ્દનો પ્રયોગ કર્યો હતો. વિવશતાની એક સીમા હોય છે. જ્યારે 'બલાત્' અસીમ હોય છે. સ્તુતિકારની ભક્તિ પણ સીમા પાર કરી ચૂકી છે. જેમ નાનું બાળક પોતાની માતાના ખોળામાં માતાની ઈચ્છા વિના પણ જબરદસ્તીથી આવીને બેસે છે, કારણકે તેનો માતા પર સંપૂર્ણ અધિકાર હોય છે. તેમ આચાર્યશ્રી પણ વીતરાગ એવા પરમાત્મા પર પોતાના અધિકાર જમાવે છે. પરમાત્માના ગુણોને ન કહેવા છતાં... ન ગાવા છતાં... હૃદયમાંથી આપ મેળે શબ્દો સરી પડે છે.

અહીં સ્તુતિકારે પોતાના ભાવોને સમર્થન આપે તેવું એક દૃષ્ટાંત આપ્યું છે. ચૈત્રમાસ આવતાં જ ઋતુઓનો રાજા વસંતઋતુનું આગમન થઈ જાય. પૃથ્વી પર પ્રકૃતિનું સૌન્દર્ય ચારે તરફ ખીલી ઊઠે. એમાં પણ આંબાના વૃક્ષ ઉપર નાની નાની મંજરીઓ લાગે... ત્યારે તેની મીઠીમીઠી માદક સુગંધ ચારે તરફ ફેલાય ને ધીમે ધીમે ડાળીઓ પર મનમોહક કેરીઓ ઝૂમવા લાગે. આવું પ્રસન્નતાભર્યું વાતાવરણ જોઈને સુંદર કંઠવાળી કોયલ પણ કુહૂ..કુહૂ.. ના મધુર ટહુકા કર્યા વગર રહી શકતી નથી. પોતાના આનંદને તે મુક્તકંઠે વહેતો મૂકે છે, ત્યારે સાંભળનાર પણ કોયલના રૂપરંગનો વિચાર કર્યા વિના તેના કંઠમાંથી વહેતા સ્વરમાં લીન બની જાય છે. પ્રસ્તુત ગાથામાં સ્તુતિકાર 'કોયલ'ના રૂપક દ્વારા ગૂઢ રહસ્ય બતાવતા કહે છે કે હે પ્રભુ! આનંદના ધામ એવા વીતરાગી પરમાત્મા! મારા જીવનમાં આજે સમ્યકૂત્વરૂપી ઉપવનમાં ધર્મરૂપી વસંતઋતુ પૂરબહારમાં ખીલી ઊઠી છે અને આપના સદ્ગુણો, વીતરાગભાવ તેમ જ આત્મિક પ્રસન્નતારૂપી મંજરીઓ જોઈને મારો આત્મરૂપી 'કોયલ' આનંદિત થઈને કુહૂ..કુહૂ.. કરી રહ્યો છે. મારો આ કુહૂ કુહૂ તો એક મુક્તિ માટેનો જ છે.. હે પરમાત્મા! મારો આ કુહૂ.. કુહૂ.. તારામાં ભળી જાય... મિલન બંધન બની જાય અને બંધનથી મુક્તિ મળી જાય એ જ મારી ચાહના છે... બસ હવે તારા બંધનમાં બંધાઈ જાઉં... હવે આ કર્મોથી... પાપોથી...જન્મમરણની આ શૃંખલાથી મુક્તિ માગું છું. એવા ભાવથી આચાર્યશ્રીના ભીતરમાંથી એક પછી એક શબ્દો નીકળતા જાય છે અને શ્લોકરૂપે ગોઠવાતા જાય છે.

ઋધ્ધિ : - ૐ હ્રીં અર્હં ણમો કુટ્ઠબુદ્ધિણં ।

મંત્ર :- ૐ હ્રીં શ્રીં શ્રીં શ્રં શ્રઃ હં સં યઃ યઃ ઠઃ ઠઃ
સરસ્વતી ભગવતી વિદ્યાપ્રસાદે કુરૂ કુરૂ સ્વાહા॥

વિધિ :- પવિત્ર થઈને લાલ વસ્ત્ર પહેરવું. યંત્ર સ્થાપિત કરી પૂજા કરવી. પછી લાલ આસન ઉપર બેસી એકવીસ દિવસ સુધી પ્રતિદિવસ ઋધ્ધિ તથા મંત્રનું એક હજાર વાર જાપ કરવા. ધૂપ કુંદરુનો કરવો. દિવસમાં એકવાર ભોજન કરવું અને રાત્રિમાં પૃથ્વી (ભૂમિ) પર શયન કરવું.

લાભ :- છઠ્ઠી ગાથા તથા ઉક્ત મંત્રનું પ્રતિદિન સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી સ્મરણશક્તિ વધે છે. વિદ્યા

જલદી પ્રાપ્ત થાય છે તથા ભૂલી પડેલી વ્યક્તિથી મેળાપ થાય છે.

પ્રસ્તુત ભક્તામરની છઠ્ઠી ગાથાના જાપથી શું ફળ મળે છે? તે દર્શાવતી એક પ્રાચીન કથા...

**રાજપુત્ર ભૂપાલની કથા :**

ભારત દેશમાં કાશીનગર ખૂબ જ વિખ્યાત છે. પરમ પૂજ્ય પાર્શ્વપ્રભુ અને સુપાર્શ્વ પ્રભુની જન્મભૂમિ હોવાથી પવિત્ર ગણાય છે. કાશીના રાજાનું નામ હેમવાહન હતું. જૈનધર્મી એવા આ રાજાને બે પુત્રો હતા. મોટા પુત્રનું નામ ભૂપાલ અને નાના પુત્રનું નામ ભૂજપાલ હતું. નાનપણથી જ મોટો પુત્ર મંદબુદ્ધિનો હતો. જ્યારે નાનો પુત્ર કુશાગ્ર બુદ્ધિવાળો હતો.

બન્ને બાળકો ભણવાયોગ્ય બન્યાં ત્યારે રાજાએ શ્રુતધર પંડિતને વિદ્યાભ્યાસ માટે સોંપ્યા. ગુરુએ બાર વર્ષ સુધી બન્ને પુત્રોને સમાન દૃષ્ટિથી વિદ્યા ભણાવી. પરંતુ મોટા પુત્ર ભૂપાલને વિદ્યા ભણવામાં સફળતા મળી નહિ. જ્યારે નાનો પુત્ર ભૂજપાલ પિંગળ, વ્યાકરણ, તર્ક, ન્યાય, રાજ્યનીતિ, શસ્ત્ર, શાસ્ત્ર વગેરે બધી વિદ્યાઓમાં નિપુણ બન્યો. ગુરુએ મોટા પુત્ર ભૂપાલને વિદ્યા ભણાવવામાં ખૂબ મહેનત કરી પરંતુ તેઓ નિષ્ફળ ગયા. મંદબુદ્ધિના કારણે ભૂપાલ વધુ ભણી શક્યો નહિ. જેના કારણે જ્યાં જતો ત્યાં તેનું અપમાન થતું. રાજ દરબારીઓ, કુટુંબ પરિવાર વગેરે બધા તેની મજાક કરતા.

રાજા હેમવાહન પણ નાના ભૂજપાલકુમાર પર વધુ હેત દર્શાવતા જ્યારે મોટા પુત્ર ભૂપાલકુમારની ઉપહાસના કરવા લાગ્યા.

ભૂપાલકુમાર પોતાની આવી અશિક્ષિત દશાથી ખૂબ જ ખિન્નતા અનુભવવા લાગ્યો. દિવસ અને રાત તેને એક જ ચિંતા સતાવતી હતી કે, આ દશામાંથી મને મુક્તિ કેવી રીતે મળશે? તેણે એક દિવસ નાના ભાઈ ભૂજપાલની આ બાબતે સલાહ લીધી. ત્યારે ભૂજપાલકુમારે ભક્તામરની છઠ્ઠી ગાથા ઋદ્ધિ મંત્ર સહિત શીખવાડી સિદ્ધ કરવાની સંમતિ આપી.

એક દિવસ રાજકુમાર ભૂપાલ ગંગાનદીના કિનારે ગયોને અંગશુદ્ધિ કરી વિધિપૂર્વક મંત્ર આરાધના કરવા લાગ્યો. એકવીસમા દિવસે સાક્ષાત્કાર બ્રાહ્મી દેવી પ્રગટ થયાં અને બોલ્યા, હે બાળક! મારું સ્મરણ તે શા માટે કર્યું છે? ત્યારે ભૂપાલ બોલ્યો, હે દેવીમા! હું વિદ્યાહીન છું, મારું અજ્ઞાન દૂર કરો. ત્યારે દેવીએ પ્રસન્ન થઈને કહ્યું, તથાસ્તુ! તારી ઈચ્છા પૂર્ણ થશે. આમ કહી દેવી ચાલી ગઈ. દેવીના વરદાનથી ભૂપાલકુમાર ધુરંધર વિદ્વાન થઈ ગયો. એના પર વિદ્યાદેવી એટલી પ્રસન્ન થઈ કે કાશીનગરમાં કોઈ પણ પંડિત એની ટક્કર લઈ શક્યા ન હતા. ત્યારે ભાઈ ભૂજપાલ અને પિતા હેમવાહન પણ એની વિદ્યાથી ખૂબ પ્રસન્ન થયા અને તેને માનસન્માન આપવા લાગ્યા. ક્રમશઃ

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
મો.નં. ૯૮૯૨૮૨૮૧૯૬

**પંથે પંથે પાથેય**

# નિર્મળ પત્ર સરિતા

**હસમુખ ટીંબડિયા**

મારો આ અનુભવ એક વિદ્વાન લેખકના જીવન પરથી લીધો છે.

કહેવાય છે કે 'પુત્રના લક્ષણ પારણામાં'થી. એ રીતે બાળપણથી જ સાત્વિક જ્ઞાન જ્યાંથી પણ મળતું હશે ત્યાંથી, પયપાન કરતાં કરતાં પોતાના વતનમાં એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યા પછી આગળ અભ્યાસ કરવાની સગવડતા ન હોઈ સૌરાષ્ટ્રના મોટા ગામમાં બોર્ડિંગમાં રહી બી.કૉમનો અભ્યાસ કરવા લાગ્યા. એ વખતે મને પણ બોર્ડિંગમાં રહી બી.કૉમના અભ્યાસ માટે આપણા વિદ્વાન લેખક સાથે ચાર વરસ રહેવાનો સંયોગ પ્રાપ્ત થયો, આજે એ માટે હું પોતાને ભાગ્યશાળી સમજું છું. કારણ આજે કાચું-પાકું જે કંઈ લખું છું તે મારા પરમ મિત્ર લેખકની એ વખતે મળેલ પ્રેરણાના હિસાબે જ લખી રહ્યો છું.

બોર્ડિંગના સહવાસ દરમ્યાન વાંચવામાં આવેલ સારી સામગ્રી બાબત અવારનવાર ચર્ચાઓ થતી, આવી જ એક ચર્ચામાં આપણા કુમળી વયના ઊભરતા લેખકે જાપાનમાં 'હાયકું' નામે ઓળખાતી કાવ્યરચનાની ઓળખ સમજાવી. ખુબ જ ઓછા અક્ષરોથી રચાતી આ રચના સમગ્ર વસ્તુસ્થિતિનો પરિચય કરાવી આપે છે. ભૂલતો ન હોઉં તો 'હાયકુ'ની સમગ્ર રચનામાં ૧૭ અક્ષરનું બંધારણ રહેતું અને આપણા યુવાન કવિએ પોતાની આગવી સર્જનશૈલીથી ૧૭ અક્ષરોના બંધારણમાં રહી ગુજરાતીમાં 'હાયકુ'ની રચના કરી જેનો રસાસ્વાદ વાચકોને કરાવું તો

*એ શુક્ર સંધ્યાએ*
*ખર્યો તારો*
*હે રામની સાથે*

સત્તર અક્ષરોની મર્યાદામાં રહીને પૂજ્ય મહાત્મા ગાંધીના મૃત્યુનું વર્ણન કરી દીધું. આવી તો કંઈ કેટલીય તેમની રચનાઓ કૉલેજમાંથી પ્રસિદ્ધ થતો અંક 'વિનિમય' તથા બોર્ડિંગના 'સ્નેહધારા' મેગેઝિનમાં પ્રગટ થવા લાગી.

સૌપ્રથમ તેમના મુખેથી સાંભળેલ 'હાયકુ'ની રચના ઉપરથી તેમની સાક્ષરતાનો અનુભવ થયો, અને મનોમન નક્કી થઈ ગયું હતું કે જે ક્ષેત્રમાં આપણા આ ઊભરાતા લેખક લખાણની ખેતી કરશે તે સોળ આની નહીં પણ સવાસોળ આની ઊગી નીકળશે.

જે આજે તેમનાં 'જૈન ધર્મ'ના ઉપર વિદ્વતાભર્યા લેખો વાંચીને સમજી શકીએ છીએ.

બી.કૉમનો અભ્યાસ ૧૯૬૮માં પૂરો કર્યા પછી સૌ પોત-પોતાના ક્ષેત્રમાં વ્યસ્ત થવાં અથવા તો આગળ અભ્યાસ માટે અલગ પડી ગયા, એ રીતે અમો બન્ને પણ અલગ-અલગ ક્ષેત્રમાં વ્યસ્ત થઈ ગયા તો પણ તેમની પાસેથી યુવાવસ્થામાં સારું લખાણ લખવા-વાંચવા માટેનું મળેલ પ્રોત્સાહન, ક્યારેક ક્યારેક જેવું આવડે તેવું લખવા માટે મજબુર કરી દેતું, જ્યારે આપણા સહૃદયી લેખકે સી.એ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી અંગત જિંદગીમાં વ્યસ્ત હોવાં છતાં વિદ્વતાભર્યા લખાણો અવાર-નવાર 'પ્રબુદ્ધ જીવન' 'દશાશ્રીમાળી' 'કાઠિયાવાડી જૈન' 'જૈનપ્રકાશ' જેવા અનેક અંકોમાં પ્રસિદ્ધ થવા લાગ્યા. યુવા વયમાં 'ઉર નિર્જરા' અને 'પિતૃ ગૂંજન' જેવા પ્રણય કાવ્યોના સંગ્રહથી શરૂ થયેલ સર્જનની આ યાત્રા વણથંભી અવિરત આજ સુધી ચાલતી રહી છે અને 'સર્વધર્મ દર્શન' દ્વારા 'આગમમાં અવગાહન' કરવા સુધી પહોંચી છે.

સાત્વિક જ્ઞાનની પીપાસા તેમની ખૂબ જ પ્રબળ હતી. એટલે જ હાલતા-ચાલતા, ઊઠતા-બેસતા, કે ઊંઘતા-જાગતા આવા જ તત્ત્વભરપૂર જ્ઞાનને પીરસવા માટે, એમની કલમ તલપાપડ રહેતી.

મને આશ્ચર્ય તો ત્યારે થયું અને એ સત્ય છે એટલે લખી રહ્યો છું. થોડા સમય પહેલાં અનાયાસે પરિચિત એવા જૈન સાધ્વીજીના દર્શન કરવાનો સૂયોગ પ્રાપ્ત થયો. વાત-વાતમાં શું પ્રવૃત્તિ ચાલે છે. કંઈ લખો છો. ધર્મધ્યાન કરો છો. આવી બધી ચર્ચા પછી જે સાક્ષરની વાત લખી રહ્યો છું એમનો વાત-વાતમાં ઉલ્લેખ થયો અને પૂજ્ય મહાસતીજીએ જે હકીકત જણાવી તે સાંભળીને હું ખરેખર અચંબિત થઈ ગયો?

આ વાત આપણા જ્ઞાનપીપાસુ લેખકની સગાઈ અને લગ્ન વચ્ચેના સમયની છે. કહેવાય છે કે આ સમય પરત મળવાનો નથી. આ ગાળા દરમ્યાન બન્ને પાત્રો મનોકલ્પનાને પાંખો આપી આકાશમાં ઊડતા હોય છે! એક-બીજાના વિચારો, ભવિષ્યની યોજના વગેરે વિષે પત્રો દ્વારા પોતાના પાત્રને જાણ કરતાં હોય છે. જ્યારે આપણા આ ધીર-ગંભીર લેખક એમની વાગ્દતાને આવાં સાંસારિક સેવેલાં સ્વપ્નાથી ભરપૂર એવી કોઈ વાત લખવાને બદલે તલસ્પર્શી 'ધર્મની ચર્ચા'-'ધર્મ તાત્વિકતા'-'ભગવાન મહાવીરનો અનેકાંતવાદ' 'આગમોની ગહનતા' જીવન ફિલોસોફી વિષેના લાંબા લાંબા લખાણ તેમની વાગ્દતાને લખતા, જોગાનુજોગ બી.એ. માં અભ્યાસ કરતી પાછળથી પીએચ.ડી કરેલ આ યુવતીને સંયમમાર્ગે જવાના ભાવ હતા પરંતુ કૌટુંબિક કારણોસર અનુમતી ન મળી. ધાર્મિક વિચારો યુવાનીમાં જ નખશીખ રંગાઈ ચૂક્યા હતા, પાણીગ્રહણ કર્યા પહેલા જ જીવનસાથીના વિચારોને વરી ચૂક્યા હતા. આમ બન્નેના જીવનસંગીતમાંથી એક જ સૂર નીકળવાને નિર્માણ થયેલ હશે, તેમને પણ આ પત્રો જીવની જેમ જાળવી રાખવાનો વિચાર થયો.

જે ડૉક્ટરેટ થયેલાં વિદ્વાન સાધ્વીજી પાસે હું બેઠો હતો એ જ પૂ. સાધ્વીજી પાસે આજથી ૪૫ વરસ પહેલાં એમની વાગ્દતા દર્શન કરવાને ગયાં, બે સિવાય કોઈની હાજરી ન હતી, એટલે તેમણે વિનમ્રભાવે પૂજ્ય સાધ્વીજીને કહ્યું કે, પૂજ્યશ્રી મારી સગાઈ થઈ ગઈ છે અને એમના તરફથી મને જે પત્રો આવે છે તે એટલાં જ્ઞાનપ્રચુર હોય છે કે વાંચીને હું મનોમન મને ભાગ્યશાળી સમજુ છું કે ભવિષ્યમાં આવી સાત્વિક વ્યક્તિ સાથે મારા પાણીગ્રહણ થવાના છે. પૂજ્ય સાધ્વીજીને પણ આશ્ચર્ય થયું અને વાત-વાતમાં પંચમહાવ્રતધારી હોવાના કારણે પૂછી લીધું કે તમોને વાંધો ન હોય અને મને વાંચવા જેવું હોય તો વાંચવા આપશો.

અત્યાર સુધીના તેમના ઉપર આવેલ દરેક કાગળ પૂ. મહાસતીજીએ વાંચ્યા પછી બોલી ઉઠ્યા કે સાંસારિક જીવનમાં જોડાવા જઈ રહેલ બન્ને પાત્રો આટલાં ઊંચા વિચારોને વરેલા હોય તે જવલ્લે જ જોવા મળે!

પત્રો એવાં કે જેમાં શરૂમાં સ્વરચિત બે-ચાર કાવ્યપંક્તિ હોય. ક્યારેક ર.વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી'ના અશ્વિનના મનોમંથનની વાત હોય, તો ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર'ની કુસુમની વાત, તો ક્યારેક 'દર્શક'ના 'ઝેર તો પીધા'ની રોહિણીનું પાત્ર ઊપસે, કોઈ સ્વજનના અવસાનના સમાચારની વાત હોય તો દાર્શનિક કર્મવિજ્ઞાનના સંદર્ભે મૃત્યુચિંતન પત્રમાં પ્રગટે.। વહેવાર સંબંધી વાતમાં સંયુક્ત કુટુંબની ભાવનાનું પ્રાગટ્ય થતું. સામે પક્ષે તેમની વાગ્દતા પર જવાબ લખવામાં બિલકુલ ઉણા ઉતરતા નહીં. વીસ વરસની યુવતી ઉત્તરમાં 'રામચરિત માનસ'.. 'વિનય પત્રિકા' 'કામિયાની' 'લક્ષ્મણની ઉપેક્ષિત ઉર્મિલા' જેવી કૃતિની વાત કરતી.

ઉપર જણાવેલા 'તત્વસભર' વિષયોથી ભરેલાં પત્રો વધારેમાં વધારે આવતા રહે એવી અધીરાઈ તેમની વાગ્દતાને હોય તે સ્વાભાવિક છે, પણ એનાથી વિશેષ ઈચ્છા સમગ્ર 'સાધ્વીવૃંદ'ને આ ચિંતનસભર પત્રો માટે રહેતી, અને પૂ. મહાસતીજી પણ સુજ્ઞ લેખકની વાગ્દતાને પૂછી લેતાં કે બીજો કાગળ આવ્યો કે નહીં! આ હકીકત પૂજ્ય મહાસતીજીના સ્વમુખેથી મને સાંભળવા મળી ત્યારે મારાં આશ્ચર્ય સાથે મારા મિત્ર લેખક ઉપરનો અહોભાવ કંઈગણો વધી ગયો. અને હું પણ મનોમન મને ભાગ્યશાળી સમજવા લાગ્યો કે આવી વિદ્વાન વ્યક્તિ સાથે મેં પણ ચાર વર્ષ વીતાવ્યા છે.

અત્યારે પણ આ વ્યક્તિ ધાર્મિક સંસ્થાઓ સાથે સંનિષ્ઠ રીતે સંકળાયેલ છે, ૨૩ વરસના એક યુવાનના 'પ્રણયપત્રો' જો સંતો વાંચી શકે તો એ ખરેખર 'નિર્મળ પત્ર સરિતા' હોય, મને વિચાર આવે છે કે સામૂહિક માધ્યમો - મીડિયાના આ યુગમાં જ્યારે વોટસઍપ અને ઈ-મેઈલ સંદેશાનું માધ્યમ છે ત્યારે આવા 'પત્રો' કયાં મળે?

❑❑❑

'સાગર' મન્નાગુડ્ડા ગુરજી, પાંગલ કમ્પાઉન્ડ,
મેંગલોર - ૫૭૫૦૦૩. મો. ૯૪૪૮૩૬૩૫૭૦

# Gyan Samvad : For Youth By Youth

**Mrs. Kavita Ajay Mehta**

"I hope articles like this will attract more young people to Prabuddh Jivan. Please ask the young people in your home to ask questions via email to sejalshah@gmail.com. Please mention Gyan Samvad in the subject line"

**(All these questions have been answered by Mrs. Kavita Ajay Mehta, who is a Jain Scholar)**

**Q. 1 :** What are the basics of Jainism that I should be aware of?

**Ans :** Knowing Jain mantras or being born in a Jain family does not mean that you are automatically a good Jain. It is how you act that matters.

A good Jain has universal love for all living beings and is non violent *(Ahimsa)*, does not lie *(Satya)*, does not steal *(Achaurya)*, shows restraint over desires (Brahmacharya), does not hoard more than what he or she needs *(Aparigraha)* and demonstrates healthy respect for others' view-points *(Anekantavada)*.

**Q. 2 :** What does the word Jain mean?

**Ans :** The word Jina means conqueror or victor. The Jina is one who is victorious over his four passions - Anger *(Krodh)*, Pride *(Maan)*, Attachments *(Maya)* and Greed *(Lobh)*. He is in full control of his Indriyas *(five senses)* and Man *(mind and emotions)*. Such a person has shed his soul of his Karma and has become free from the cycle of life and death, living blissfully in Siddhalok for eternity. Those that follow there teachings and strive for the same are called Jains.

**Q. 3 :** Why do my parents place such great importance on visiting the temple?

**Ans :** A Jain goes to a temple for inspiration. Just as we touch an elder's feet to show respect, visiting a temple symbolises respect for our guides.

A temple helps you understand the religion, learn about our role models such as the tirthankars, meet other like minded people, consult with maharajsahebs to guide us towards the right path, find a beautiful and peaceful place for meditation and positive energy etc. What a temple visit should not be is a plea to God for some material wish fulfilment.

Of course there may be evolved souls who do not need to go to the temple and can achieve the same through good reading, listening and introspection.

Visiting a temple just as a formality is not enough to make you a good Jain. Having good man *(thoughts)*, vachan *(words)* or kaya *(deeds)* is more important, but it is best to do both - go to the temple AND restrain oneself from harmful thinking, harmful speaking and harmful actions. ❑❑❑

Email : kavitajainism@gmail.com

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### ભાનુ ચેરિટી ટ્રસ્ટ અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૬૦,૦૦૦/- | શ્રી આસિત રમેશચંદ્ર દેસાઈ |
| ૬૦,૦૦૦/- | |

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦/- | શેઠ તુલસીદાસ જગજીવન સવાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦/- | |

### જળક્રાંતિ ટ્રસ્ટ માટે

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૩,૪૬,૪૦૪/- | આગળનો સરવાળો |
| ૨૧,૦૦૦/- | બી.સી.એમ. કોર્પોરેશન |
| ૩૩,૬૭,૪૦૪/- | |

### સંઘ નવા આજીવન સભ્ય

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦/- | કોવિક કોશ |
| ૫,૦૦૦/- | |

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

**મો.: ૯૧૩૭૭૨૭૧૦૯**

# સર્જન-સ્વાગત



## ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

પુસ્તકનું નામ : પરિવારની શાંતિ-શાંતિનો પરિવાર
પ્રવચનકાર : પૂ. આચાર્ય શ્રી રાજ્યશસૂરીશ્વરજી મ.સા.
સંપાદક : મુનિ યશેશયશ વિ. મ.સા.
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, પ્રહલાદનગર - અમદાવાદ
મૂલ્ય : રૂા.૧૨૦/- પૃષ્ઠ : ૧૨૦
આવૃત્તિ : છઠ્ઠી સંબંધિત આવૃત્તિ એપ્રિલ - ૨૦૧૮
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, ૧૦૨ લેન્ડમાર્ક બિલ્ડિંગ,સીમા હોલની સામે, ૧૦૦ ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૨૫૨૬૮૭૫૯




જેની છઠ્ઠી આવૃત્તિ ૯૦૦૦ નકલ સાથે બહાર પડે એ એની લોકપ્રિયતા સાબિત કરે છે. જરૂર આ પુસ્તિકામાં ચુંબકીય તત્ત્વ છે જે આકર્ષે છે. માનવી એક સામાજિક પ્રાણી છે એને સમાજ વચ્ચે રહેવું ગમે છે અને સમાજ પરિવારોથી નિર્માણ થાય છે. એ પરિવારમાં શાંતિ હોવી જરૂરી છે. એવી કોઈ વિચાર શ્રેણીમાંથી આચાર્ય શ્રી રાજ્યશસૂરીશ્વરજી મહારાજના મનમાં જે વિષય પગટ્યો એ વિષય હતો 'પરિવારની શાંતિ', શાંતિનો પરિવાર' એ વિષય પર અમદાવાદના નવરંગપુરા જૈન સંઘના ઉપાશ્રયમાં ચાર મહિના પ્રવચન આપ્યું. એ પ્રવચન શ્રેણી પુસ્તકરૂપે પ્રગટ થઈ અને સુપરહીટ ગઈ અને સાત વર્ષમાં છઠ્ઠી આવૃત્તિ પણ પ્રગટ થઈ.

પરિવારમાં શાંતિ હોય એ ખૂબ જ જરૂરી છે. શાંતિમય પરિવારો દ્વારા જ સુદૃઢ અને સશક્ત સમાજનું નિર્માણ થાય છે. એ શાંતિ માટે જે જે પાસાઓ જરૂરી છે એને શાંતિનો પરિવાર કહેવાય છે. આ પુસ્તકમાં એ પાસાઓને ઉજાગર કર્યા છે. એમાં સૌથી મહત્ત્વનું પાસું સહનશીલતા. સંયુક્ત પરિવાર એ સહનશીલતાના શિક્ષણની શાળા છે. દરેક જાતના સુખમાં, દરેક ગમતી સગવડમાં સંયમથી રહેવાની કળા શીખવાની છે. સભ્યોમાં ઉગ્રતા આવે કે ગેરસમજ થાય તો તાત્કાલિક એનો નિકાલ કરવાની કળા પણ આવડવી જોઈએ. સમજાવટ, શાંતિ અને પતાવટની કળા ન હોય તો સંયુક્ત પરિવાર તો ઠીક પણ વિભક્ત પરિવારનું અસ્તિત્વ પણ જોખમમાં આવી જતું હોય છે. માત્ર પતિ-પત્ની બે જણ સાથે રહેતાં હોય છે પણ સહન કરવાની વાત બંનેમાંથી એક પણ ના શીખે તો છૂટાછેડાની હારમાળા આગળ વધે છે. આવા અવતરણો દ્વારા પરિવારની શાંતિ માટે જરૂરી ગુણો બતાવ્યા છે એ જ શાંતિનો પરિવાર છે.

આ પરિવારોનો પરિચય મેળવવા આ પુસ્તક વાંચવું જ રહ્યું. સરળ પ્રવાહિત ભાષામાં લખાયેલું પુસ્તક એકી બેઠકે વાંચવું ગમે એવું છે.

***

પુસ્તકનું નામ : Design your life A path from design to divine
પ્રવચનકાર : Pujya Acharya shree Rajyashsurishwarji M. S.
Editor : Muni Yashesyash Vijay M.S.
Publisher : Gurjar Sahitya Prakashan
Pages : 10 + 230 = 240
Price : Rs. 250
Available at : Gurjar Sahitya Prakashan - Ahmedabad
Gurjar Granthratna Karyalay

આ પુસ્તક ગુજરાતી પુસ્તક 'જીવન નિર્માણ'નું અંગ્રેજી ભાષાંતર છે. નાગપુરના ચાતુર્માસમાં ચાર મહિના પૂ.આ. શ્રી રાજ્યશસૂરીશ્વરજીએ આપણા જીવનની



ડિઝાઈન કેવી હોવી જોઈએ અર્થાત્ જીવનનું નિર્માણ કેવું હોવું જોઈએ એના પર મનનીય પ્રવચનો આપ્યા એની હિન્દીમાં 'जीवन निर्माण' નામથી બુક પ્રગટ થઈ પછી ગુજરાતીમાં જીવન નિર્માણ નામથી બુક પ્રકાશિત થઈ. વાચકોનો બહોળો પ્રતિસાદ મળતાં હવે અંગ્રેજીમાં આ પુસ્તકનું પ્રકાશન 'Design your life' નામથી થયું છે.

હિન્દીમાં પ્રકાશિત થયેલ 'जीवन निर्माण' પુસ્તકની ૪ આવૃત્તિ અને ૫૦,૦૦૦ પચાસ હજાર કોપી સત્સાહિત્ય કેન્દ્ર મુંબઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. જે આ પુસ્તકની માગને પુરવાર કરે છે.

આ પુસ્તક અંગ્રેજી ભાષાના વાચકો માટે માઈલસ્ટોન સમાન છે. ૧૩ પ્રકરણમાં લખાયેલ પુસ્તકના વિષયો નીચે મુજબ છેઃ

(1) Design your Goal
(2) Design your Motherhood
(3) Design your Childhood
(4) Design your Faith
(5) Design your character
(6) Design your virtues
(7) Design your Rules and Regulation
(8) Design your Health
(9) Design your Determination
(10) Design your Non insistence
(11) Design your Family (Part - 1)
(12) Design your Family (Part - 2)
(13) Design your Nirvana

આમ આ તેર ચેપ્ટર દ્વારા આપણે આપણા જીવનનું કેવી રીતે નિર્માણ કરવું એનો બોધ મળે છે. સરળ અંગ્રેજી ભાષામાં જીવનની ડિઝાઈન કેવી રીતે કરવી એ સમજાવવામાં આવ્યું છે.

***

પુસ્તકનું નામ : **જૈન સાહિત્ય વિમર્શ (જૈન તીર્થ, સજ્ઝાય અને ભવના)**

સંપાદન : ગુણવંત બરવાળિયા, ડૉ. અભય દોશી, ડૉ. માલતીબેન શાહ, ડૉ. સેજલ શાહ

પ્રકાશક : શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ - શિવપુરી તથા શ્રી રૂપ-માણક ભણશાલી ટ્રસ્ટ ૧૨૮/૧૨૯, મિતલ ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦ ૦૨૧.

મો : ૦૨૨-૬૬૩૭૬૪૯૧

મૂલ્ય : રૂા. ૨૦૦/- પૃષ્ઠ : ૩૨૦




'જૈન સાહિત્ય વિમર્શ' - સોનગઢ મુકામે યોજાયેલ ૨૩મા જૈન સાહિત્ય સમા-રોહના પ્રાપ્ત થયેલ શોધપત્રોનો સંચય રૂપ માણક ભણશાલી ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા; જૈન સાહિત્ય વિમર્શ'ના પુસ્તકનું પ્રકાશન કર્યું છે. આ પુસ્તકમાં ત્રણ વિષયના કેટલાક શોધ નિબંધોનું ચયન કરીને ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

(૧) વિષય : તીર્થ સંબંધી સાહિત્યમાં ડૉ. અભય શાહ દ્વારા સંપાદિત મુખ્ય સાત શોધનિબંધ છે. જે નીચે મુજબ છે - (૧) પાવાગિરિ ચૈત્યપ્રવાહી - (૨) પૂર્વભારતની જૈન તીર્થભૂમિઓ (સચિત્ર) - ડૉ. સુધા નિરંજન પંડ્યા. (૩) ઝાંઝમેર - આકર્ષક અને અદ્ભુત તીર્થ - ડૉ. પ્રફુલ્લા વોરા (૪) વિવિધ તીર્થકલ્પમાં વ્યક્ત થયેલ ઈતિહાસ કિંચિત દ્દષ્ટાંત કિંચિત શ્રૂત્વં (૫) તીર્થ સાહિત્ય - જહોની કીર્તિકુમાર શાહ (૬) જૈન તીર્થ સાહિત્ય - ડૉ. દિક્ષા એચ. સાવલા (૭) શત્રુંજયની ચૈત્ય પરિપાટી ૧૦૭ પૃષ્ઠમાં તીર્થ વિષયક માહિતી આપવામાં આવી છે.

(૨) વિષય : જૈન સજ્ઝાયના વિષયમાં - ડૉ. સેજલ શાહ દ્વારા સંપાદિત ૬૬ પૃષ્ઠમાં ૯ સજ્ઝાયનાં શોધ નિબંધનું ચયન કરવામાં આવ્યું છે. (૧) આઠ દષ્ટિની સજ્ઝાય (૨) અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાય (૩) સ્થુલિભદ્ર સજ્ઝાયનો રસાસ્વાદ (૪) શ્રી પ્રભંજના સજ્ઝાય (૫) ચંદનબાળાની સજ્ઝાય (૬) શ્રી ગજસુકુમાલ સજ્ઝાય (૭) શ્રી ઈલાયચીકુમારની સજ્ઝાય (૮) સજ્ઝાય રત્નમાલા (૯) બાર ભાવનાની સજ્ઝાય. સજ્ઝાયો ધાર્મિક આચાર જાણીતા પાત્રો, મહિમાવંત ઘટના આધારિત હોય છે. તત્ત્વજ્ઞાન અને સંયોજન આ સજ્ઝાયોની વિશેષતા છે.

(૩) વિષય - બાર ભાવના - ડૉ. માલતી શાહ દ્વારા સંપાદિત ૭૭ પૃષ્ઠમાં નવ ભાવનાના નવ શોધ નિબંધને આલેખવામાં આવ્યા છે. (૧) અનુપ્રેક્ષાનું આચમન, (૨) અનિત્ય ભાવના (૩) વર્તમાન સંદર્ભમાં અશરણ ભાવના (૪) अशरण भावना आधारित कथा (૫) અનુપ્રેક્ષા શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા (૬) વર્તમાન સમયના સંદર્ભમાં અન્યત્વ ભાવના (૭) બોધિદુર્લભ ભાવના (૮) बारह भावनाओं का मूल संदेश (૯) એકતા ભાવના કથાના આધારે સમજૂતી. આમ આ ત્રણ વિષયોથી સમૃદ્ધ આ પુસ્તકમાંથી ઘણું જાણવા મળશે.

•••

પુસ્તકનું નામ : **- અને જૈનધર્મ**

સંપાદન : ગુણવંત બરવાળિયા

પ્રકાશક : અર્હમ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર (મુંબઈ)

મૂલ્ય : રૂા. ૨૦૦ પૃષ્ઠ : ૨૩૨

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨.




આ એક જૈન સાહિત્ય જ્ઞાનસત્ર - ૧૭ અને ૧૮ ના વિદ્વાનોના પ્રાપ્ત શોધપત્રો અને નિબંધોનો સંચય ....... અને જૈનધર્મ રૂપે ગ્રંથસ્થ થયેલ પુસ્તક છે.

આ પુસ્તકમાં ૩૧ વિદ્વાનોના મનનીય, ચિંતનીય, સંશોધન લેખો છે. એના મુખ્ય ત્રણ વિભાગ છે. શ્રુતસંપદા અને જૈનધર્મ, વિજ્ઞાન અને જૈનધર્મ, ચતુર્વિધ સંઘ અને જૈનધર્મ. આ ત્રણેની અંતર્ગત વિવિધ વિષયો આવરી લેવાયા છે.

શરૂઆતના સાત વિષયોમાં જૈનદર્શનના સિદ્ધાંતો આવરી લેવાયા છે. જેમ કે - કેશલુંચન અને જૈનધર્મ - વિશ્વના અનેક ધર્મોમાંથી કેશલુંચનની વિધિ માત્ર જૈનધર્મમાં જ છે. જેનાથી ભેદજ્ઞાન થઈ શકે છે. એના પર ગુરુદેવ શ્રી નમ્રમુનિએ સુંદર પ્રકાશ પાડયો છે.

એમ ક્રમશઃ દરેક વિષયોમાં વિદ્વાનોએ સારું એવું રિસર્ચ કરીને એના વિવિધ પાસાઓ ઉજાગર કર્યા છે.

અહીં માત્ર વિષયોની સૂચિ આપું છું જેથી ખ્યાલ આવશે કે કયા વિષયો સાથે જૈનધર્મનું સંકલન થયું છે. ભાવના - અનુપ્રેક્ષાચિંતન - મહાવીરનું આત્મદર્શન - નિશ્ચય, વહેવાર - અષ્ટપ્રવચન માતા, પાદવિહાર - , સંયમજીવન - ડાયસ્પોરા - સમાજ અને જૈન સાહિત્ય લિપિવાંચન અને હસ્તપ્રતોના સંશોધનની પ્રવૃત્તિ, કવિતાનો આનંદ અને આનંદની કવિતા, માનતુંગ આચાર્ય અને શ્રી હરિભદ્રસૂરિજીનું જૈન શ્રુતમાં યોગદાન, કથાવિશ્વ-આહારવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, વૈશ્વિક તાપમાન, પર્યાવરણ, યોગ-વિજ્ઞાન, આચાર્ય પરંપરાનું જિનશાસનમાં યોગદાન, જિનશાસનમાં દિવંગત શ્રમણીજીઓનું યશસ્વી પ્રદાન, શ્રાવકાચાર, ચતુર્વિધ સંઘ સંચાલનના પ્રશ્નો અને સમાધાન શાસન પ્રભાવનામાં ચતુર્વિધ સંઘની ભૂમિકા, દીનભાવના, સેવાભાવ, મહાવીરનું અર્થશાસ્ત્ર, શિલ્પ સ્થાપત્ય, કલાવૈભવ, અનેકાંત, પત્રકારત્વ, તીર્થસ્થાનો - ધ્યાનસાધના, શ્રાવકના વ્રતો, સંલેખના અને જૈનધર્મ.

આમ ઉપરોક્ત વિષયોમાં જ્યાં - છે ત્યાં અને જૈનધર્મ સમજી લેવાનું. દરેક વિષયો વાંચતા કાંઈક નવું જાણવા મળે છે.

•••

પુસ્તકનું નામ : કચ્છની ગુજરાતી કવિતા - થોડા મહત્ત્વના મુકામો
લેખક : રમણીક સોમેશ્વર
પ્રકાશક : હરેશ ધોળકિયા, ન્યૂ મિન્ટ રોડ, પેરીસ બેકરી પાસે, ભુજ (કચ્છ) - ૩૭૦૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬
મૂલ્ય : રૂા. ૧૦ પૃષ્ઠ : ૨૪



શ્રી કાંતિપ્રસાદ અંતાણી સ્મૃતિ વ્યાખ્યાનમાળા મણકો-૩. આ એક વ્યાખ્યાન-માળામાં આપેલા પ્રવચનનું ગ્રંથસ્થ રૂપ છે.

નવોદિત કવિ રમણીક સોમેશ્વરનાં કાવ્યોમાં ગીત અને ગઝલના સ્વરૂપો મુખ્ય છે. પરંપરાગતથી હટીને કાંઈક નવું કરવાનું વલણ ધરાવે છે, એમાં એ સફળ પણ થયા છે.

આ પુસ્તિકામાં એમણે કચ્છની ગુજરાતી કવિતામાં મહત્ત્વના મુકામો વિશે ચર્ચા કરી છે.

એક કચ્છી દોહરા દ્વારા કવિતા કેવી હોવી જોઈએ એ

*ઢકે ઢકે ને ઢકી જ, નિયાંઈ ઢકજે જીં,*
*બાફ નિકટ ઘી બાર, ત થાં પચધા કી*

અર્થ - ઢાકી ઢાકીને ઢાકજે નિંભાડો ઢાંકજો જી

વરાળ નીકળી જાય બહાર તો ઠામડા(વાસણ) પાકશે કેમ નીંભાડાની આંચમાં વાસણ બરાબર પાકવા જોઈએ. જો વરાળ વચ્ચે જ નીકળી જાય તો વાસણ કાચાં રહી જાય. કવિતાનો શબ્દ પણ એ રીતે પાકવો જોઈએ. ઉર્મિઓ કે ભાવનાઓની વરાળ અકાળે બહાર નીકળી જાય તો શબ્દ કાચો રહી જાય અને સુજ્ઞોને હંમેશાં ટકોરાબંધ વાસણ અને ટકોરાબંધ શબ્દની શોધ હોય છે. ટકોરાબંધ હોય એના મૂલ્ય થાય.

ગુજરાતી કવિતા મહાપ્રવાહમાં કેમ પહોંચી એની વાત કરીને ગુજરાતી કવિતાના મુકામોની છણાવટ કરી છે.

•••

પુસ્તકનું નામ - 'જિનકલ્પદર્શનમ'
સંકલન - સંપાદક - પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્ય શ્રીમદ્વિજય કીર્તિયશસૂરિશ્વર
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન, જૈના આરાધના ભવન, પાછીયાની પોળ, રિલીફ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૧.
સાહિત્યસેવા - (મૂલ્ય) રૂા. ૧૭૫/-
પત્રકાણિ - પૃષ્ઠ - ૧૮ + ૧૨૮
પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન, ફોન - ૨૫૩૯૨૭૮૯



જિનકલ્પદર્શન - ૯માં પૂર્વની ત્રીજી આચારવસ્તુનું અધ્યયન કર્યા પછી એકલવિહારી સાધનાનું કલ્પ અપનાવે એને જિનકલ્પ કહેવાય.

જિનકલ્પી ત્રીજા પહોરમાં વિહાર કરવાનું શરૂ કરે પછી ત્રીજો પહોર પૂર્ણ થાય ત્યારે જ્યાં હોય ત્યાં સ્થિર થઈ જાય, આગળ વિહાર ન કરી શકે. પછી જ્યાં હોય ત્યાં અપ્રમત્ત પ્રમાણે સાધના કરે, પગમાં કાંટો વાગે તો એ કાઢવા કલ્પે નહીં શરીરની કોઈ સુશ્રુષા કરે નહિ. વિશેષ ગુજરાતીમાં લખાયેલી પ્રસ્તાવના વાંચવાથી ખ્યાલ આવશે કે કેવી કઠોર સાધના છે.

'મેરૂ ડગે રે ડગે પણ સાધક ન ડગે લગાર રે.....'

•••

પુસ્તકનું નામ : આધ્યાત્મિક મતપરીક્ષા - અપર નામ - આધ્યાત્મિક મતખંડનમ્
સવૃત્તિગ્રંથકર્તા - પૂજ્યમહોપાધ્યાય યશોવિજયગણિવરઃ
સંપાદક : પ્રવચન પ્રભાવક - પૂજ્યપાદાચાર્ય દેવ શ્રીમદ્વિજય કીર્તિયશસૂરીશ્વરજી
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન, અમદાવાદ
પૃષ્ઠ - ૧૦ + ૩૮
સાહિત્યસેવા - મૂલ્ય : રૂા. ૭૫/-
પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા રચિત ૧૮ મૂળગાથા તથા સ્વપોજ્ઞવૃતિ સહિત



આશરે ૬૦૦ ગાથા પ્રમાણ છે. વિશ્વમાં 'તુંડે તુંડે મતિર્ભિન્ના' એમ દરેક મતમાં ભેદ રહેલો છે. દિગંબર મનમાં સ્ત્રીમુક્તિ નિષેધ તેમ જ કેવાળીવ્યુક્તિ (કેવળજ્ઞાનીને આહાર) નિષેધ જેવા નહિ નહિ તો ૮૪ મુદ્દે અલગ અલગ માન્યતા છે. એમાંની કેટલી માન્યતા સૈદ્ધાંતિક છે તો કેટલીક વિધિ-વિધાન, આચરણ અને જીવનશૈલીને લગતી પણ છે.

એમાંથી આ ગ્રંથમાં કેવળી ભગવંતોને કેવળજ્ઞાન થયા પછી આહાર ન હોઈ શકે એ મતનું ખંડન કરીને અને શાસ્ત્ર સંદર્ભો આપીને કેવળીને આહાર કરવામાં કોઈ બાધા નથી એ પુરવાર કર્યું છે.

આધ્યાત્મિક મતની માન્યતા ધરાવતા વર્ગની એકેક દલીલો ને પ્રતિદલીલો, દાર્શનિક પંક્તિઓ તેમ જ શાસ્ત્રપાઠો દ્વારા નિરસ્ત કરી છે.

અનુક્રમણિકા ગુજરાતીમાં છે જેથી વિષયનો ખ્યાલ આવે પરંતુ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે.

•••

### થોડુંક ટૂંકમા

પુસ્તકનું નામ : પગ મેં ભમરી - ચોથું ચરણ
લેખક : લીલાધર ગડા
પ્રકાશક : ગોરધન પટેલ કવિ, વિવેકગ્રામ પ્રકાશન, શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, નાગલપર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫. ફોન (૦૨૮૩૪) ૨૨૩૨૫૩, ૨૨૩૯૩૪
મૂલ્ય : રૂા. ૧૬૦ પૃષ્ઠ : ૩૦ + ૨૧૦



લેખક શ્રી લીલાધર ગડા 'અધા'ના નામે ઓળખાય છે. કચ્છી ભાષામાં પિતાશ્રીને 'અધા'થી સંબોધન કરવામાં આવે છે. સેવાભાવી એવા

લીલાધરભાઈ વિવિધ ક્ષેત્રે સેવા આપવા ગ્રામાનુગ્રામ ફરતા હોવાને કારણે 'પગ મેં ભમરી'ના નામે પોતાના સ્વાનુભાવના સરળ લેખો લખે છે. એમાંનું આ ચોથું પુસ્તક એકી બેઠકે વાંચવું ગમે એવું છે. વાચકને ભાવવિભોર કરી દે એવું છે.

•••

પુસ્તકનું નામ : ૨૪ તીર્થંકર પરમાત્માની પ્રથમ દેશના

સંકલન : સંપાદન – પૂ. મુનિરાજશ્રી સંયમકીર્તિવિજયજી મ.સા.

પ્રકાશન : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ – અમદાવાદ

મૂલ્ય : સદ્ઉપયોગ

પૃષ્ઠ : ૧૦+૪૩૦ = ૪૪૦

પ્રાપ્તિસ્થાન – (૧) સમ્યક્જ્ઞાન પ્રચાર સમિતિ – મો. ૯૪૨૭૪૯૦૧૨૦ (૨) શ્રી વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન ફોન : ૨૮૯૫૨૪૯૨ મુંબઈ – ૯૨. (૩) સેવંતીલાલ વી. જૈન, અજયભાઈ ફોન : ૨૨૪૦૪૭૧૭ મુંબઈ – ૪. (૪) સુરત – વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન – વૈભવ મો.નં. ૯૭૨૩૮૧૩૯૦૩



આ પુસ્તકમાં વર્તમાન અવસર્પિણી-કાળના શ્રી આદિનાથ પ્રભુથી ૨૪મા ભગવાન મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરોએ દેશનાનો જે ધોધ વહેવડાવ્યો એમાં એમની પ્રથમ દેશનામાં શું વિષય હતો એનું આલેખન થયું છે. દરેક પ્રભુની દેશનાના શ્લોકો અને તેની સામે તેના અર્થ આપવામાં આવ્યા છે. દરેક પ્રભુની દેશનાની અંતે તેનો સંક્ષિપ્તમાં સારાંશ આપવામાં આવ્યો છે અને દેશનામાં વર્ણવાયેલા વિષયો વિસ્તારથી અન્ય કયા ગ્રંથો – પુસ્તકોમાંથી જાણવા મળશે તેની નોંધ આપવામાં આવી છે.

•••

પુસ્તકનું નામ : શ્રીમદ્ રાજચંદ્રદેવ પ્રણિત મૂળ માર્ગ મોક્ષ માર્ગ

ચિંતન સમીક્ષા : શ્રી મધુભાઈ પારેખ – રાજકોટ



મૂલ્ય : સત્ જિજ્ઞાસા

પૃષ્ઠ : ૪૦

પ્રાપ્તિસ્થાન : શ્રી મધુભાઈ પારેખ. મો.૯૪૨૭૯૯૩૦૯૦

આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્ર દેવ પ્રણિત મૂળ માર્ગની ૧૧ ગાથાનું સરળ ભાષામાં વિવેચન છે.

•••

પુસ્તકનું નામ : શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃતજી) આધારિત પ્રજ્ઞાબીજ

સ્વાધ્યાયકાર : શ્રી મધુભાઈ પારેખ

પ્રકાશક : શ્રીમદ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ, ફોન ( ૦૨૮૧) ૨૪૪૯૯૯૨

વેચાણ કિંમત : રૂા. ૫૦/- પૃષ્ઠ : ૩૦૪



શ્રીમદ્જીના ૧૫૦મા જન્મવર્ષ દરમ્યાન વિવિધ પ્રકારે આખું વર્ષ ઉજવણી કરવામાં આવી તેના એક ભાગરૂપે શ્રી મધુભાઈએ આ પ્રજ્ઞાબીજ ગ્રંથની રચના કરી છે જેમાં પ્ર.કૃ. દેવના ૧૭મા વર્ષથી લખાયેલા પત્રો, કાવ્યો, આત્મસિદ્ધિશાસ્ત્ર અને નોંધપોથીમાંથી ખાસ ધ્યાનમાં લેવા જેવાં બોધવચનો સરળ ભાષામાં રજૂ કર્યાં છે.

•••

પુસ્તકનું નામ : દિવ્યાત્મા ''વિશાળ પરિવારધારક પૂજ્ય શ્રી મુક્ત લીલમગુરુણી સ્મૃતિગ્રંથ''

લેખાંકન : ડૉ. પૂ. આરતીબાઈ મ. સંકલન – મહાપ્રજ્ઞા પૂ. વીરમતીબાઈ મ.પૂ. સુબોધિકાબાઈ મ.

પ્રકાશક : શ્રી રોયલપાર્ક સ્થાન. જૈન મોટા સંઘ, સી. એમ. શેઠ પૌષધશાળા,

પ્રાપ્તિસ્થાન : ઓમાનવાળા ઉપાશ્રય, કાલાવડ, રાજકોટ – ૩૬૦૦૦૫

પારસધામ, ઘાટકોપર – મુંબઈ

મૂલ્ય : રૂા. ૫૦૦/- પૃ. ૩૨૦



'દિવ્યાત્મા' ગોંડલ સંપ્રદાયના, પૂજ્ય ડુંગર -પ્રાણગુરુ પરિવારના વિશાળ પરિવારધારક પૂજ્ય મુક્તાબાઈ મહાસતીજી અને પૂ. લીલમબાઈ મહાસતીજીના જીવનના પ્રસંગો અને એમના ગુણાનુવાદનો અનોખો એવો સ્મૃતિગ્રંથ છે.

•••

પુસ્તકનું નામ : ઝાણં ૬૩ દુર્ધ્યાનો પતિત મનને પાવન કરો

પ્રવચનકાર : પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન – જૈન આરાધના ભવન, પાછીઆની પોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

ફોન : ૨૫૩૯૨૭૮૯

સાહિત્ય સેવા (મૂલ્ય) રૂા. ૫૦/-

પૃષ્ઠ : ૧૩૬ + ૮

ગ્રંથ આધાર – આતુરપ્રત્યાખ્યાન પયન્ના



આત્મિક શુદ્ધિ સાધવા આત્માની અશુદ્ધિ કરનારાં તત્ત્વો દૂર કરીને શુદ્ધિ પામવા શુદ્ધકર તત્ત્વો પ્રાપ્ત કરવાના છે. ઝાણં મનને જીતવાની પ્રક્રિયા કરવાની છે. મનને જીતવા ૬૩ દુર્ધ્યાનોને દૂર કરવાના છે. એમાંથી આ પુસ્તકમાં ૨૫ થી ૨૯ દુર્ધ્યાનની વિગત છે. એની પહેલાના ૧ થી ૨૪ દુર્ધ્યાન પૂર્વેના ૧ થી ૫ પુસ્તકમાં છે. આ પુસ્તકમાં ૨૫ થી ૨૯ દુર્ધ્યાનની વાત છે. એ દુર્ધ્યાન જાણીને કેવી રીતે દૂર કરવા એનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

❑❑❑

ફોન નં. ૯૮૨૧૦૫૦૫૨૭

આ પુસ્તકો ઑફિસમાંથી મળશે

**ડૉ. સુરેશ ગાલા**

નવેમ્બર અંકના મુખપૃષ્ઠ ઉપર સરસ્વતી માતાના ફોટામાં ૐ ऐं नमः મંત્ર વાંચી ઉપાધ્યાય યશોવિજયજીનું સ્મરણ થયું. એમણે કાશીમાં ગંગાતટે તપશ્ચર્યાપૂર્વક એકચિત્તે ૐ ऐं नमः મંત્રનો જપ કર્યો હતો, પરિણામે સરસ્વતી માતાએ પ્રગટ થઈને એમને વરદાન આપ્યું હતું.

સેજલબહેને તંત્રીલેખમાં ભૌતિકતાને વધારે પડતાં અપાતાં મહત્ત્વ વિશે લાલબત્તી ધરી છે. વડીલો અને યુવા વર્ગ વચ્ચે વર્તાતા વૈચારિક અને સામાજિક અંતરને ઉજાગર કરતાં ચેતવણી આપતા કહ્યું છે, હજી આપણે નહીં જાગીએ તો આવનારા સમયમાં માત્ર વૃદ્ધાશ્રમોની જ સંખ્યા નહીં વધે પણ બાળઉછેર કેન્દ્ર અને સામાજિક સંબંધ - હૂંફ કેન્દ્રો પણ ખોલવાં પડશે.

કુમારપાળભાઈએ કબીરસાહેબની બિરહુલીમાં પ્રગટતા તત્ત્વજ્ઞાનનો ખૂબ જ સુંદર રીતે આસ્વાદ કરાવ્યો. અગિયારમી દિશા એ ભીતરની દિશા છે. એ દિશામાં પ્રવાસ કરવાથી જ ધર્મઆરાધનાની શરૂઆત થાય છે અને સ્વયંનું સરનામું મળે છે. જ્યાં સુધી વ્યક્તિ મન, મોહ અને તૃષ્ણાથી ઘેરાયેલી હોય છે ત્યાં સુધી એની દોડ દશ દિશાઓ ભણી જ હોય છે. અગિયારમી દિશાને 4th Dimension પણ કહે છે.

ભારતીબહેને જૈનશાસનમાં દિવંગત જૈન શ્રમણીઓના પ્રદાન વિશે ખૂબ જ વિગતથી અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે. સમતા, સ્વાધ્યાય, ત્યાગ અને જયણા દરેક શ્રમણ-શ્રમણીઓમાં મૂર્તિમંત હોય છે.

વિઠ્ઠલભાઈ પટેલે વિપશ્યના સાધના પદ્ધતિ વિશે ઊંડાણમાં માહિતી આપી અને શ્વાસના આવનજાવન ઉપર મનને સતત સ્થિર રાખવાથી ચિત્તની શુદ્ધતા અને નિર્વાણની પ્રાપ્તિ થઈ શકે છે એ પ્રતિપાદિત કર્યુ. ગોયેન્કાજી કહે છે

*સાંસ દેખતે દેખતે મન અવિચલ હો જાય*
*અવિચલ મન નિર્મલ બને સહજ મુક્ત હો જાય.*

માલિનીબહેન શ્રોફે મહાભારતના અલ્પચર્ચિત સ્ત્રી પાત્રો વિશે સંક્ષિપ્તમાં વાત કરીને કુરુવંશજ વિશે માહિતી આપી. કુરુવંશ ટકી રહ્યો. ભીષ્મને કારણે અને કુરુવંશના નાશમાં પણ ભીષ્મ નિમિત્ત બન્યા. (ભીષ્મનો વધ ન થાય તો પાંડવો જીતી ન શકે અને શિખંડીને આગળ રાખ્યા વગર ભીષ્મનો વધ શક્ય ન હતો.)

ઘણા જૈનેતરો સંલેખના વ્રતને એક પ્રકારની આત્મહત્યા માને છે. એમને સુબોધીબેનના ટૂંકા લેખ દ્વારા જરૂર સમાધાન મળી જશે કે સંલેખના વ્રત એ આત્મહત્યા નથી. જેમણે આત્મસાધના દ્વારા એવી અવસ્થા પ્રાપ્ત કરી લીધી હોય છે, પરિણામે એમને મોતનો અણસાર આવી જાય છે. સાધક મોતના સમયે પોતાને દેહથી અલગ કરી નાખે છે અથવા ક્રમશઃ આહાર ત્યાગીને મોતને પ્રેમથી ભેટે છે. આ સંલેખના વ્રત છે.

શ્રી વાસુદેવ વોરા અનુવાદિત ઈવના ઈલિય નો લેખ 'બાપુ કુટિર'નો સંદેશ ભૌતિકતામાં રચ્યાપચ્યા રહેનારાઓ માટે બહુ સ્પષ્ટ છે. સાદાઈમાંથી ઉદ્‌ભવતો આનંદ એ સાત્વિક આનંદ છે. પરિગ્રહ મર્યાદા જાળવવી જરૂરી છે જે જૈનધર્મના પરિગ્રહ પરિમાણ વ્રતની યાદ અપાવે છે.

કલકતાના લગભગ ૧૫૦ વર્ષ જૂના જૈન મંદિર 'દાદાવાડી'ના નિર્માણ પાછળ શ્રીમાન બદ્રિદાસ રાયની માતૃભક્તિની અનુમોદના જ કરવાની હોય.

ભદ્રાયુ વછરાજાનીએ પોતાની આગવી શૈલીમાં મેડિકલ વ્યવસાયમાં પણ નિષ્ઠાવાન, પ્રામાણિક માનવતાપાત્ર અને સેવાભાવી ડૉક્ટરોનો નામ સાથે ઉલ્લેખ કરતા કહ્યું ''જેની પાસે માંદા ન હોઈએ ત્યારેય બેસવાનું મન થાય.''

મિલિ પોલાક લિખિત 'મિ. ગાંધી ધ મેન' પુસ્તકના આધારે મહાત્માનું બિરુદ મળ્યું એ પહેલાનાં દક્ષિણ આફ્રિકામાં વકિલાત કરતા ગાંધીજી વિશે સોનલબેને રસપ્રદ વાતો રજૂ કરી છે. ગાંધીજીના કુટુંબજીવન આરોગ્ય, બાળઉછેર, શિક્ષણ આદિ અંગેના વિચારો સમાવતું, ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લએ અનુવાદિત કરેલું આ પુસ્તક વાંચવાનું જરૂર મન થાય.

આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી પ્રબુદ્ધ જીવનના લગભગ દરેક અંકોમાં જૈન ધર્મના જ્યોતિર્ધરોનો પરિચય કરાવે છે. આ અંકમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને ધર્મનિષ્ઠ સાહિત્યકાર કહી એમના જૈન સાહિત્યના સર્જન વિશે માહિતીપૂર્ણ લેખ લખ્યો છે. આચાર્ય લખે છે ''અમૃતના બિદુ જેવી શીતળતા અને ગુલાબના પુષ્પ જેવી મધુરતા જેમના સાહિત્યમાં છલકાય છે એવા રતિભાઈનાં પુસ્તકો સહુને વાંચવા ગમશે.''

આચાર્ય વિજયશીલચંદ્રસૂરિ ઊંચા અભ્યાસી અને સારા લેખક છે. આચાર્ય ચતુરસેન રચિત 'વૈશાલીની નગરવધૂ' નવલકથા, કનૈયાલાલ મુનશીની સોલંકી કુળની નવલકથાઓ, દર્શકની પ્રખ્યાત નવલકથા ઝેર તો પીધા છે જાણી જાણી અને દિનકર જોષીની 'પ્રશ્ન પ્રદેશની પેલે પાર' - આ સઘળી નવલકથાઓમાં જૈન દ્વેષ, જૈન સાધુ કે આચાર્યની કુત્સિત બાજુ ઊપસાવવામાં આવી છે એના વિશે એમણે અંતરની વેદના વ્યક્ત કરી છે. એમણે ઉદાહરણો પણ આપ્યાં છે. એમની વાતો સાથે અસહમત થવું શક્ય નથી. એમણે ખુલ્લું મન રાખીને લખ્યું છે કે ''જૈન ધર્મની ટીકા-ટિપ્પણી થાય જ નહીં એવું સંકુચિત માનસ વિચારશીલ જૈન ધરાવી ન શકે. ટીકા કરો પણ તે કાલ્પનિક ન હોવી જોઈએ. દ્વેષ કે અરુચિથી પ્રેરિત ન

હોવી જોઈએ. ટીકા વાસ્તવિકતાના ધરાતલ ઉપર હોય. વિષયને બરાબર સમજ્યા પછી થતી હોય ત્યારે તે ઉપકારક બને છે.''

મારી દૃષ્ટિએ આપણે જૈનોએ પણ આંતરખોજ કરવી પડશે! ભગવાન કૃષ્ણ વિશેની જૈનોમાં પ્રચલિત માન્યતાને કારણે વૈષ્ણવધર્મીઓના મનમાં શું જૈન દ્વેષ નહીં પ્રગટે? કૃષ્ણલેશ્યાવાળા. નરકગામી હોય છે એ વાક્યને તોડીને સાંપ્રદાયિક વિખવાદના યુગમાં શું આપણે કૃષ્ણદ્વેષ પ્રગટ નથી કર્યો? એક વિદ્વાન અજૈન પરિચિત વ્યક્તિએ મને કહ્યું હતું તમારા ધર્મમાં ''પ્રધાન સર્વધર્માણં જૈનં જયતિ શાસનમ્'' બોલાય છે - તો શું તમારો જૈન ધર્મ જ બધા ધર્મોમાં પ્રધાન છે? બીજા ધર્મો ઉતરતા છે? તમે જૈનં જયતિ શાસનમ્ બોલો એમાં અમને બિલકુલ વાંધો નથી પણ પ્રધાન ને બદલે સમાન શબ્દ ન વાપરી શકો? મારી પાસે આ પ્રશ્નનો જવાબ ન હતો. આચાર્યશ્રીએ જે ચીવટથી અભ્યાસ કરીને ઉદાહરણો ટાંક્યા છે એ પ્રશંસનીય છે. એમની વેદના વ્યાજબી છે, પણ સાથે સાથે આપણે પણ આંતરનિરીક્ષણ કરવાની જરૂર છે. ધર્મ એટલે ગુણવિકાસ અને દોષવિનાશ એ વ્યાખ્યા દરેક વ્યક્તિના હૈયામાં વસે તો ઘણા વિખવાદો મટી જશે અને સહૃદયતાનું વાતાવરણ નિર્માણ થશે.

❑❑❑

સંપર્ક નં. ૯૮૨૧૦૨૫૩૩૬

# ભાવ - પ્રતિભાવ

બાપુની ૧૫૦ વર્ષના આ વિશેષાંક અનુસંધાનમાં મારા જીવનમાં બે ઘટનાઓ યાદ આવે છે.

૧૯૬૪-૬૫માં એચ.એલ. કૉલેજના બી.કૉમના અભ્યાસક્રમમાં ઈંગ્લિશ વિષયમાં "The Journey's End" નિબંધ જે પૂ. બાપુની હત્યા બાદ દિલ્હીમાં લોકોનું ઘોડાપુર આવેલ અને નહેરુ-માઉન્ટ બેટન- સરદાર વલ્લભભાઈ પટેલ જમીન ઉપર બેસીને બાપુ પછીના અંધકાર ઉલેચતા હતા ત્યારે સામાન્ય માણસ દિશાશૂન્ય થયેલ. એ અમારા અંગ્રેજીના પ્રોફેસર લાકડાવાળા સમજાવતા અને અમો પણ અમારા ઉપર કાબૂ નહોતા રાખી શક્યા. એ દિવસ આ અંક વાંચતા યાદ આવી ગયેલ.

કલાગુર્જરીના ૨૨-૭-૯૫ માં મારી પરીક્ષા અક્ષર-અર્ચનામાં પ્રમુખપદ ઉપર લેવાતી.

''બાપુ''

હતો હાડકાનો માળખો નામે તે ગાંધી
લાવ્યા તે બ્રિટિશ સલ્તનતમાં એ આંધી
નામ, જાત ધર્મ કર્યા ભેગા એણે સાંધી સાંધી
આઝાદી અપાવી પ્રેમથી એણે એક દોર બાંધી. (૧)
બોખું મોઢું ને સદા હસતો ચહેરો
અહિંસાના હથિયારથી ભર્યો તેણે પહેરો.
ગાંધી બન્યો બાપુ, ગામ, નગર, શહેરો
વિદેશી વસ્તુના વપરાશ પર કહ્યું 'ઠહેરો' (૨)
ચાલો તમે ને ચાલીએ અમે, એમ પગલું પડે એક
બાવળનો કરીએ ગુલાબ ને, રેતમાં કરીએ ખેત,
દલિત, દુઃખિયા સૌનો ભાર ઉપાડીએ સમેત,
યાદ કર આ સંતવાણી, મનડા હવે તો તું ચેત. (૩)

(આ રચના મને સૂઝેલી અને કહેલી બેઠકમાં
તા. ૨૨-૭-૯૫ના રોજ.)

**શ્રી લલિતભાઈ સેલારકા, વાચક**

## સત્ય - અહિંસા - અપરિગ્રહ

પ્રબુદ્ધ જીવન : ગાંધી સાર્ધશતાબ્દી વિશેષાંક જે શિક્ષણવિદ ડૉ. નરેશ વેદ દ્વારા સંપાદિત થયેલ અને ડૉ. સેજલ શાહ દ્વારા તંત્રીપદે પ્રકાશિત થયેલ, અંક ખરેખર અનન્ય છે. લેખોની ગુણવત્તા તેમ જ હકીકતસભર બાબતોએ આપણને ખૂબ જ માતબર બનાવ્યા છે અને એ બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, તંત્રીશ્રી તથા સંપાદકશ્રીના ખૂબ જ આભારી છીએ.

ગાંધીજી એટલે શું તે સમજવાની ક્ષમતા કદાચ ભાગ્યે જ કોઈમાં હોઈ શકે. વ્યક્તિત્વની આભા અને ગાંધીજી વિશે સમજાવી શકાય તો વિરલ બનાવ જ બને. આ વિશેષાંકે પ્રયત્ન કર્યો છે અને સફળતાની છાપ પણ ઊભી કરી છે, તેમ કહેવાનું મન થાય છે.

જો ગોપાલકૃષ્ણ ગોખલે ૧૯૦૯ અને ૧૯૧૨ - આઝાદીનાં લગભગ ૩૮ વર્ષ પહેલાં તેમને જાણી શક્યા - તો આઝાદી માટેની તેમની સાધના કેટલી દૂષ્કર થઈ હશે - હાડપિંજરનો માનવી- આઈન્સટાઈનની દૃષ્ટિમાં કેટલો મહાન, તેની વાતથી ભારતની સ્વતંત્રતાની લડાઈને ન્યાયિક ગણવામાં અભિમાન થાય. ડૉ નરેશભાઈ વેદની વિવિધ જ્ઞાનની સીમાઓએ ન્યાય આપવાનો સંપૂર્ણ પ્રયાસ તેમને અભિનંદનને પાત્ર બનાવે છે - ખૂબ જ અભિનંદન નરેશભાઈ, અરુણભાઈ ગાંધી, ઉશનસ્, ડૉ. જયેન્દ્ર દવે, રમેશ સંઘવી, ચીમનભાઈ ચકુભાઈ શાહ, જયેન્દ્ર દવે સાહિત્યકાર ગાંધીજી વિષે યશવંત શુક્લ, ડૉ. સેજલ શાહ, ડૉ. જેએ. હોન્સ, ફ્રાન્સિસ નીલસન અને નગીનદાસ પારેખના લેખો સત્યથી ભરપૂર અવતરણો, આપણને અનન્ય રીતે આનંદિત કરે છે. ગાંધીજીના વૃક્ષની માહિતી પણ અલભ્ય જ છે.

ખૂબ જ અભિનંદન સર્વને....

**શ્રી લલિતભાઈ સેલારકા**
મો. ૯૬૬૪૧૧૧૪૯૫

●●●

આપણા સહુના લાડલા તંત્રી ડૉ સેજલબહેન શાહને જૈન પત્રકારત્વ ક્ષેત્રે શાસનસેવામાં વિશિષ્ટ યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આપણા સર્વે વતી તેઓને અભિનંદન અને ધન્યવાદ.પ્રબુદ્ધ જીવનના સંપાદક તરીકે લગભગ છેલ્લા ૩ વર્ષોમાં તેમણે જૈન ધર્મમાં વિવિધ વિષયો પર વિદ્વાનો દ્વારા સંશોધન કરેલા લેખો રજૂ કર્યા છે. તેમણે લેખકોની ટીમ વિસ્તૃત કરી છે. તાજેતરમાં પ્રબુદ્ધ જીવન તેમની સહભાગીતા હેઠળ 'જૈન ધર્મ પર આંતરરાષ્ટ્રીય સિમ્પોઝિયમઃ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય' સફળતાપૂર્વક પ્રાયોજિત કરી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃતિઓને નવી દિશા આપેલ છે. તેઓ ખરેખર પત્ની, માતા, શિક્ષક, સંપાદક અને સામાજિક કાર્યકર તરીકે ઉત્કૃષ્ટ મલ્ટીટાસ્કર છે. તેઓ ઊર્જા, ઉત્સાહ અને દૂરદ્રષ્ટિનો ફુવારો છે. આપ ઉત્તરોત્તર આવી સિદ્ધિ પ્રાપ્ત કરતાં રહો તેવી ભાવના અને શુભેચ્છા.

**બકુલ ગાંધી**
૧૧-૧૨, સંદીપ, લક્ષ્મીનારાયણ લેન,
માટુંગા સેન્ટ્રલ રેલ્વે, મુંબઈ ૪૦૦૦૧૯
મો. ૯૮૧૯૩૭૨૯૦૮

***

સાદર જય જિનેન્દ્ર, નૂતન વર્ષ ૨૦૧૮નાં પણ હૃદયપૂર્વકના અનેકાનેક અભિનંદન, શુભેચ્છાઓ.

નવેમ્બર ૨૦૧૮નો અંક મળ્યો. પ્રથમ પાના પર સરસ્વતીનું રંગીન ચિત્ર. ચિત્રકાર, પોતે કવયિત્રી- કેટલું સુંદર અને અદ્ભુત. પૂરાં ૬૦ પાનાં.

હજુ વાચન ચાલુ છે, છતાં વિવિધતાઓ લેખમાં પણ ખરી જ. વંદનીય, અભિનંદનીય.

હવે ઊંમર ૭૮ થઈ છે, એટલે પત્ર લખી શકાતો નથી. ફોન નંબર આપો છો તે સારું છે.

આંગળી ચીંધ્યાનું પુણ્ય ચોક્કસ ખબર નથી, છતાં આવતા મહિને હું એક એકાઉન્ટ ભરીશ. ''પ્રબુદ્ધ જીવન''માટે વાર્ષિકનો મોકલીશ. સુંદર પ્રકાશન માટે અભિનંદન હોય જ. એક પત્રાચારમાં મારા નિવૃત્ત પ્રાધ્યાપકનો પત્ર જેની ઝેરોક્સ નકલ પ્રબુદ્ધ જીવન માટે યોગ્ય લાગે તો પ્રકાશિત કરવા પ્રાર્થના નમ્ર નિવેદન છે. ૧૯૬૨-૬૩માં કોલેજમાં ૧ વર્ષ તે વખતે જે સ્મૃતિપટ પર ઉપસેલું તે સાહિત્યકાર શ્રી શાંતિલાલ ગઢિયા સરને આટલાં વર્ષો પછી અમો મળીએ છીએ. સાહિત્ય વિનિમય, પત્રાચાર ફોનથી પણ મળીએ છીએ.

આભાર અને ક્ષેમકુશળતા ચાહુ છું.

**દામોદર ફૂ. નાગર 'જૂગનુ',**
ઉમરેઠ, જિ. આણંદ - ૩૮૮૨૨૦.
મો. : ૯૭૨૩૪૪૯૦૯૨.

## આપણી ખરી તાકાત

**સિતાંશુ યશશ્ચંદ્ર**

મને દૂરનું ઝાઝું દેખાતું નથી; પણ એ જ તો, કદાચ,
મારી ખરી તાકાત છે.

દૂરબીન લગાવીને દૂરનું જોનારાઓ કહે છે
કે આઘેના એક જબરદસ્ત મેદાનમાં
દુશ્મનોએ જયાફત માંડી છે ને એઓ ગીતો ગાય છે
પોતાની જીતનાં, આપણી હારનાં.

મને તો કશું સંભળાતું નથી એવું.

મારી એ જ તો ખરી તાકાત છે.

ક્યાંક બને કે આપણે યુદ્ધ હારી ગયા છીએ એવું કોઈક માનતું હોય,
